પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૦૭-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# વિદેશ મંત્રી એસ. જયશંકર ચીનના ઉપરાષ્ટ્રપતિ ઝેંગને મળ્યા

## ભારત અને ચીન દ્વીપક્ષીય સંબંધો સુધારવા ઉત્સુક : બન્ને દેશો વચ્ચે ખુલ્લી વાતચીત ખુબજ મહત્વપૂર્ણ : એસ. જયશંકર



બેઈજિંગ, તા. ૧૪

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સોમવારે બેઈજિંગમાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને મળ્યા. આ દરમિયાન તેમણે ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવા પર ભાર મૂક્યો, કહ્યું કે આ બંને દેશોને "પરસ્પર ફાયદાકારક" પરિણામો આપી શકે છે. તેમણે ખુલ્લા સંવાદ અને વિચારોના આદાન-પ્રદાનને પડોશી દેશો અને મુખ્ય વૈશ્વિક અર્થતંત્રો જેટલું જ મહત્વપૂર્ણ ગણાવ્યું. વિદેશ મંત્રીએ સોમવારે બેઈજિંગમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના સેક્રેટરી જનરલ નુરલાન યર્મેકબાયેવને પણ મળ્યા.તેમણે પોસ્ટમાં લખ્યું, "આજે બેઈજિંગમાં SCO સેક્રેટરી જનરલ નુરલાન યર્મેકબાયેવને મળીને આનંદ થયો. SCO ના યોગદાન અને મહત્વ તેમજ તેની કામગીરીને આધુનિક બનાવવાના પ્રયાસો પર પણ ચર્ચા કરવામાં આવી." જયશંકર ત્રણ દિવસની મુલાકાતે ચીન પહોંચ્યા છે, જ્યાં તેઓ તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. બેઈજિંગ પહોંચતા જ તેમણે ચીનના ઉપરાષ્ટ્રપતિને મળ્યા. બેઠકની શરૂઆતમાં, જયશંકરે કહ્યું, "ગયા વર્ષે ઓક્ટોબરમાં કાઝાનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી મુલાકાત પછી અમારા દ્વિપક્ષીય સંબંધોમાં સતત સુધારો થઈ રહ્યો છે. મને વિશ્વાસ છે કે આ મુલાકાત દરમિયાન મારી ચર્ચાઓ આ સકારાત્મક દિશા જાળવી રાખશે."આ વર્ષે ભારત-ચીન રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે, જયશંકરે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાને એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. કોવિડ-૧૯ રોગચાળા અને સરહદી તણાવને કારણે આ યાત્રા પાંચ વર્ષથી બંધ હતી.તેમણે કહ્યું, "ભારતમાં કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ થવાની ખૂબ પ્રશંસા થઈ રહી છે. આપણા સંબંધોનું સતત સામાન્યકરણ બંને દેશો માટે ફાયદાકારક બની શકે છે."વૈશ્વિક પરિસ્થિતિ પર ટિપ્પણી કરતા, જયશંકરે કહ્યું, "આજની વૈશ્વિક પરિસ્થિતિ ખૂબ જ જટિલ છે. પડોશી દેશો અને મુખ્ય અર્થતંત્રો તરીકે ભારત અને ચીન વચ્ચે ખુલ્લી વાતચીત ખૂબ જ મહત્વપૂર્ણ છે."બેઠક પછી, જયશંકરે X પર લખ્યું, "બેઈજિંગ પહોંચ્યા પછી તરત જ ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગને મળીને આનંદ થયો. મેં ચીનના SCO અધ્યક્ષપદ માટે ભારતનું સમર્થન વ્યક્ત કર્યું. અમારા દ્વિપક્ષીય સંબંધોમાં સુધારા પર ભાર મૂક્યો અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાતની ચર્ચાઓ સકારાત્મક દિશા જાળવી રાખશે." જૂન ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં થયેલી અથડામણ પછી જયશંકરની ચીનની આ પહેલી મુલાકાત છે, જેણે બંને દેશો વચ્ચેના સંબંધોને નોંધપાત્ર રીતે અસર કરી હતી. જોકે આ સમય દરમિયાન તેઓ બહુપક્ષીય મંચો પર તેમના ચીની સમકક્ષને મળી રહ્યા છે, પરંતુ આ મુલાકાત સરહદ વિવાદ વચ્ચે ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી સંપર્કનું એક મહત્વપૂર્ણ પગલું છે.

# જેન સ્ટ્રીટ કૌભાન્ડમાં ભારતના લોકોએ ૧.૪ લાખ કરોડ ગુમાવ્યા

### કંપનીએ રૂ. ૪૮૪૩ કરોડ સેબીમાં જમા કરાવી દીધા પણ ભારતીય શેર હોલ્ડરોને જંગી આર્થિક ફટકો

નવી દિલ્હી, તા. ૧૪

અમેરીકી રોકાણકાર કંપની જેન સ્ટ્રીટ દ્વારા જે રીતે કરાયેલા કૌભાંડમાં હાલ તુરત તો આ કંપનીએ સેબી પાસે તેના રૂા.૪૮૪૩ કરોડ એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરાવી લીધા છે પરંતુ જેન સ્ટ્રીટની આ કહેવાતી ગેરરીતીના કારણે ભારતીય શેરબજારમાં બીએસઈ અને એનએસઈના રોકાણકારોને રૂા.૧.૪ લાખ કરોડનો ચૂનો લાગી ગયો હોવાનો ધડાકો થયો છે.

બન્ને એકસચેંજ ઉપર જેન સ્ટ્રીટ સ્કેન્ડલના કારણે રોકાણકારોએ તેના માર્કેટ કેપીટેલાઈઝેશનમાં રૂા.૧.૪ લાખ કરોડ ગુમાવ્યા હોવાનો ધડાકો થયો છે. સેબીએ ૩ જુલાઈના ઓર્ડરમાં જેન સ્ટ્રીટને ભારતીય શેરબજારમાં જે રીતે ગેરરીતિ આચરી હોવાનો આરોપ મુકીને રૂા.૪૮૪૦ કરોડ ફ્રીઝ કરી દીધા તેના પછી માર્કેટમાં મુંબઈ શેરબજારની સ્ક્રીપ્ટ રૂા.૩૦૩૦થી ઘટીને રૂા.૨૩૭૬ નોંધાઈ છે.

જેના કારણે રૂા.૨૬૬૦૦ કરોડની માર્કેટ વેલ્યુ ધોવાઈ છે. જયારે નેશનલ સ્ટોક એક્ષચેંજને રૂા.૧.૧૫ લાખ કરોડનો ધુંબો લાગ્યો છે અને તેનો શેર ૧૮ ટકા જેટલો તૂટયો છે.

આમ અમેરીકી કંપની તો હાલ ફરી પોતે ટેરીગ કરી શકે તે માટે અને પોતાને સ્વચ્છ જાહેર કરવા રૂા.૪૮૪૦ કરોડ સેબી પાસે જમા કરાવી

દીધા છે. આ ઉપરાંત ચાર સ્ક્રીપ્ટોએ તેની માર્કેટ વેલ્યુ રૂા.૧૨૦૦૦ કરોડ ગુમાવ્યા છે.

# રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ, ગંગામાં ઘોડાપુર

### રાજસ્થાનમાં ભારે વરસાદ ને પગલે પાંચ લોકોનાં મોત

નવી દિલ્હી, તા. ૧૪

આજે રાજસ્થાનના ૧૮ જિલ્લાઓમાંભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. રવિવારે ભીલવાડામાં વરસાદ્દી નાળામાં બે પિતરાઈ ભાઈ-બહેનના મોત થયા હતા અને રાજસમંદમાં તળાવમાં ડૂબી જવાથી એક ભાઈ-બહેનનું મોત થયું હતું. બ્યાવરમાં કાદવમાં પડી જવાથી એક બાળકનું મોત થયું હતું. અજમેર રેલવે સ્ટેશન પાણીથી ભરાઈ ગયું હતું. જોધપુરમાં એક ઘરની દિવાલ ધરાશાયી થઈ હતી.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદ ચાલુ છે. છતરપુર, ટીકમગઢ, અશોકનગર અને ગુનામાં પૂરની સ્થિતિ છે. રવિવારે આ જિલ્લાઓના ઘણા ગામોમાં પાણી ભરાયા હતા. છતરપુરમાં ધસાન નદીમાં એક પિકઅપ તણાયું હતું. આના કારણે એક વ્યક્તિનું મોત થયું હતું.

અનુસંધાન પાના ૭ પર

# આંધ્રપ્રદેશમાં ટ્રક પલટી : ૯ શ્રમિકોનાં મોત

### ગમ્ખ્વાર વાહન દુર્ઘટનામાં ૧૦ કામદારો ઈજાગ્રસ્ત

અમરાવતી, તા. ૧૪

અમરાવતી. આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં ટ્રક પલટી જતાં નવ કામદારોના મોત અને ૧૦ અન્ય ઘાયલ થયા. ઘાયલોને રાજમપેટની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રવિવારે રાત્રે કડપ્પા શહેરથી લગભગ ૬૦ કિમી દૂર પુલમપેટા મંડળના રેડ્ડી ચેરુવુ કટ્ટામાં આ અકસ્માત થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે ટ્રકમાં કેરીની બોરીઓ ઉપર ૨૧ દૈનિક વેતન કામદારો બેઠા હતા. લગભગ ૩૦-૪૦ ટન કેરીઓ ભરેલી ટ્રક રેલ્વે કોડુરુ બજારમાં જઈ રહી હતી. રાજમપેટા મંડળના એશુકાપલ્લી અને આસપાસના ગામડાઓના બગીચાઓમાંથી કેરીઓ લાવવામાં આવી રહી હતી. કેરીઓ ભરેલી ટ્રક તળાવના બંધ પર પલટી ગઈ અને તેની ઉપર બેઠેલા કામદારો તેની નીચે દટાઈ ગયા.અકસ્માતમાં બચી ગયેલા ટ્રક ડ્રાઈવરે પોલીસને જણાવ્યું હતું કે વિરુદ્ધ દિશામાંથી આવતી કાર સાથે અથડાતા તેણે કાબુ ગુમાવ્યો હતો અને ટ્રક તળાવ કિનારે પલટી ગઈ હતી.આઠ કામદારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. એક કામદારને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. મૃતકોમાં પાંચ મહિલાઓ હતી. મૃતકોની ઓળખ મુનિચંદ્ર (૩૮), દુર્ગા (૩૨), લક્ષ્મી દેવી (૩૬), રમણા (૪૨), શ્રીનુ (૩૨), રાધા (૩૯),

અનુસંધાન પાના ૭ પર

# મોદી નિવૃત્ત થાય તો ગડકરીને પીએમ બનાવો : કોંગ્રેસ ધારાસભ્ય

### ભાગવતનું નિવેદન ટાંકી કર્ણાટકના ધારાસભ્યની ટીખળ

નવી દિલ્હી, તા. ૧૪

કોંગ્રેસના ધારાસભ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રિટાયરમેન્ટ મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે નીતિન ગડકરીને વડાપ્રધાન બનાવવાની માગ કરી છે. આરએસએસના વડા મોહન ભાગવતના ૭૫ વર્ષે રિટાયરમેન્ટ પર આપવામાં આવેલા નિવેદનને આધાર બનાવતાં કોંગ્રેસના ધારાસભ્યે આ માગ કરી છે. કર્ણાટક સાગર વિધાનસભામાંથી કોંગ્રેસના ધારાસભ્ય બેલૂર ગોપાલકૃષ્ણાએ આરએસએસના વડાના નિવેદનને આવકારતાં કહ્યું છે કે, જો નરેન્દ્ર મોદી આ નિવેદન મુજબ પ્રધાનમંત્રી પદ પરથી નિવૃત્ત થાય છે, તો ગડકરીને પીએમ બનાવવા જોઈએ.

તેઓ આ પદ માટે યોગ્ય પસંદગી રહેશે. મોહન ભાગવતે કહ્યું હતું કે, ૭૫ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા પછી નેતાઓએ સત્તા છોડી દેવી જોઈએ. ભાગવતના આ નિવેદને ટાંકીને વિપક્ષે પીએમ મોદીની ઉંમર પર ટીખળ કરી હતી. નોંધનીય છે કે PM મોદી આ વર્ષે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૭૫ વર્ષના થવાના છે.

અનુસંધાન પાના ૭ પર

# સ્મશાનમાં પાર્ક કારમાં મહિલા સાથે ભાજપ નેતાના રંગરેલીયા

### વાંધાજનક હાલમાં પકડાયેલા બુલંદશહરના ભાજપ નેતાનો વિડીયો વાયરલ

નવી દિલ્હી, તા. ૧૪

થોડા સમય પહેલા મધ્ય પ્રદેશના ભાજપ નેતા મનોહરલાલ ધાકડનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જ્યાં તેઓ હાઈવે પર એક મહિલા સાથે અશ્લીલ હરકત કરતા જોવા મળ્યા હતા.હવે લોકોએ બુલંદશહેરના એક ભાજપ નેતાને વાંધાજનક સ્થિતિમાં પકડી પાડ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તે ભાજપ નેતા છે. દિવસના અજવાળામાં, તે સ્મશાનગૃહમાં કારની અંદર એક મહિલા સાથે રાસલીલા કરી રહ્યો હતો.જયારે ગામલોકોએ તેને પકડ્યો ત્યારે તે અર્ધ નગ્ન અવસ્થામાં હતો. આ દરમિયાન, મહિલા અને આ નેતા બંને પોતાના ચહેરા છુપાવતા જોવા મળ્યા હતા. આ વ્યક્તિ ગામલોકોને કહે છે, 'ભાઈ, હું તમારા પગે પડું છું, વીડિયો ના બનાવો.'મળતી માહિતી મુજબ, ભાજપના નેતા રાહુલ વાલ્મીકી સ્મશાનમાં એક પરિણીત મહિલા સાથે વાંધાજનક સ્થિતિમાં ઝડપાયા હતા. ગ્રામજનોએ આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરી હતી અને આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે.

અનુસંધાન પાના ૭ પર




# મુઝફ્ફરનગરમાં કુખ્યાત શાર્પ શૂટર શાહરૂખ ઠાર મરાયો

### માફીયા ડોન મુખ્તાર અંસારીના ગેંગના ગુન્ડા શાહરૂખ પઠાણનું એન્કાઉન્ટરમાં મોત

નવી દિલ્હી, તા. ૧૪

મેરઠ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) ને મુઝફ્ફરનગરમાં મોટી સફળતા મળી છે. મેરઠ સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ગેંગસ્ટર સંજીવ મહેશ્વરી જીવા અને માફિયા ડોન મુખ્તાર અંસારી ગેંગના શૂટર શાહરૂખ પઠાણને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો હતો. ખાલાપર નિવાસી શાહરૂખ પઠાણે પોલીસ પર ૧૦ થી વધુ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જવાબી ફાયરિંગમાં STFએ શાર્પ શૂટર શાહરૂખ પઠાણને ઠાર માર્યો હતો.માહિતી અનુસાર, શાહરૂખ પઠાણ સામે એક ડઝનથી વધુ કેસ નોંધાયા હતા. STFએ ઘટનાસ્થળેથી ત્રણ પિસ્તોલ જપ્ત કરી હતી. ૬૦ થી વધુ કારતૂસ અને એક કાર પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસે શાહરૂખ પઠાણ પાસેથી ૯ મીમી દેશી બનાવટની પિસ્તોલ પણ જપ્ત કરી છે.

STF ASP બ્રિજેશ કુમારે જણાવ્યું હતું કે માહિતીના આધારે, STF ટીમે કારમાં મુસાફરી કરી રહેલા બદમાશને ઘેરી લીધો હતો. મોડી રાત્રે, છપર વિસ્તારમાં બિજોપુરા ચોકડી પર કારમાં મુસાફરી કરી રહેલા બદમાશ સાથે એન્કાઉન્ટર થયું હતું.

મુઝફ્ફરનગર જિલ્લાના થાણા ખાલાપરના મોહલ્લા ખાલાપરનો રહેવાસી શાહરૂખ પઠાણ

અનુસંધાન પાના ૭ પર

# કરાંચી આર્ટ કાઉન્સીલમાં રામાયણ નાટકની રજૂઆત

કરાંચી, તા. ૧૪

કદાચ જાણીને આશ્ચર્ય થશે પણ અખંડ ભારતના મહાન ગ્રંથ રામાયણનું નાટયાત્મક રૂપાંતર પાકિસ્તાનમાં પણ અત્યંત લોકપ્રીય બન્યુ છે અને આ હિન્દુ કથાને અનેક કલા વિવેચકોએ આવકારી છે.

ખાસ કરીને અસત્ય સામે સત્યના વિજય અથવા તો રાક્ષસી દુર્ગુણ સામે ઈશ્વરીય તત્વના વિજય તરીકે તે રજુ થયું છે પાકિસ્તાનના એક થીયેટર ગૃહ 'મોજ' દ્વારા કરાંચી આર્ટ કાઉન્સીલના આયોજનમાં આ નાટય રૂપાંતર રજુ થયું હતું અને તેમાં રામાયણના દશ્યોને જીવંત બનાવવા માટે આર્ટીફીશ્યલ

અનુસંધાન પાના ૭ પર



# ચોર્યાસી તાલુકામાં પુલોની સુરક્ષાને લઈ ૧૮ સ્ટ્રક્ચરોનું તાત્કાલિક નિરીક્ષણ કરાયું

## ટીમે પુલોના એબટમેન્ટ, પિયર્સ અને ક્લિઅરન્સની સ્થિતિની ગંભીર ચકાસણી કરી

સુરત, તા.૧૪

મુખ્યમંત્રી શ્રીના સીધા દિશા નિર્દેશો અનુસાર સુરત જિલ્લાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ હેઠળના ચોર્યાસી તાલુકાના નદી, ખાડી અને કાસ ઉપર આવેલા તમામ નાના–મોટા પુલો, સ્લેબ ડ્રેન, બોક્સ કલ્વર્ટ, કોઝ-વે સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરોનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ હાથ ધરાયું હતું. વરસાદી માહોલને ધ્યાને રાખીને નાગરિકોની યાત્રા સલામત અને સુવ્યવસ્થિત રહે એ માટે આ પ્રયાસ પૂરજોશમાં આગળ વધારવામાં આવ્યો છે.હાલ ૧૮ સુધીમાં સ્ટ્રક્ચરોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ચોર્યાસી પેટા વિભાગની તાંત્રિક ટીમે દરેક પુલની સ્થિરતા, સર્પોટિંગ સ્ટ્રક્ચર, એબટમેન્ટ, પિયર્સ, ક્રેક તપાસ, જમીન ધોવાણ તેમજ પાણીની પસાર થવાની જગ્યા (ક્લિઅરન્સ) જેવી બાબતોની ગંભીરતાપૂર્વક ચકાસણી કરી છે. દરેક પુલ માટે એક અલગ વિશિષ્ટ ઈન્સ્પેક્શન રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેમાં પુલની હાલની સ્થિતિ, જોખમવાળા મુદ્દાઓ, તાત્કાલિક જરૂરી મરામત તથા ભવિષ્યના જાળવણી કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યાં પણ જોખમ જણાયું છે ત્યાં તરત જ પેચ વર્ક, કોંક્રિટ કામ, બેરિકેટિંગ તેમજ ચેતવણી બોર્ડ લગાવવાના પગલાં લેવામાં આવ્યા છે. વિશેષરૂપે લાજપોર-કછોલી-સામરોધ-તરાજ રોડ તથા સામરોધ સ્મશાનથી લિંગડ રોડ ઉપર આવેલા માઈનોર પુલોનું નિરીક્ષણ કરાયું હતું. આ પુલોના સ્ટ્રક્ચરલ રિપોર્ટના આધારે આવશ્યકતા જણાય તો ભવિષ્યમાં પુનઃમજબૂતીકરણ (Strengthening), સ્ટ્રક્ચરલ રિપેર તેમજ ટેકનિકલ મોનિટરિંગની કામગીરી અમલમાં મુકાશે. ચોમાસા દરમિયાન અકસ્માત ટાળવા અને રાહદારીઓ માટે સુરક્ષિત, વ્યવસ્થિત અને વિશ્વસનીય યાત્રા સુનિશ્ચિત થાય તે હેતુથી ચોર્યાસી પેટા વિભાગ દ્વારા જવાબદારીપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે.

# પત્નીને વચગાળાની ખોરાકી ચૂકવવા પતિને કોર્ટનો આદેશ

## કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી માસિક રૂા.૯૦૦૦નું ભરણ-પોષણ મંજૂર કરતી કોર્ટ

સુરત, તા.૧૪

અરજદાર શેહનાઝબાનુએ મહેરબાન ફેમીલી કોર્ટ, સુરત મુકામે ખોરાકી અરજી કરી પોતાની અને પોતાની પુત્રીની માસીક ખોરાકી પોષાકી મેળવવા માટે પોતાના પતિ મોહંમદ સમીર બનુમીયાં રાજા વિરૂધ્ધ કેસ કરેલ. કેસની ટુંકી હકીકત એવી છે કે અરજદારના લગ્ન મોહંમદ સમીર બનુમીયાં રાજા જોડે તા.૨૬/૧૧/૨૦૧૬ ના રોજ થયેલ. લગ્નજીવનથી એક પુત્રીનો જન્મ થયેલ. જેની ઉમર ૬ વર્ષ છે. પોતાની અરજીમાં અરજદાર શહેનાઝબાનુ તે મોહંમદ સમીર બનુમીયાં રાજાની પત્નીએ જણાવેલ કે તેઓના પતિ મુંબઈ મુકામે અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધેલ છે અને તેઓના પતિ ઘર ખર્ચ આપતા નથી અને એક આદર્શ પતિ તરીકે પોતાની ફરજ અદા કરતા નથી. વધુમાં તેઓ અરજદાર જોડે મારપીટ કરે છે અને હેરાન પરેશાન કરે છે. તેથી તેઓને માસીક ખોરાકી પોષાકી અપાવવામાં આવે. ફેમીલી કોર્ટ સુરતમાં અરજદારની અરજીને કેસને ચાલવામાં ઘણો સમય લાગે તેમ હોય અને ત્યાં સુધી અરજદાર અને તેના સંતાનને ભુખે મરવાનો વારો આવે તેમ છે તેથી વચગાળાની ખોરાકી પોષાકી અપાવવા માટે અરજદારે પોતાના એડવોકેટ શમીમ મલેક મારફતે અરજી કરતા સમગ્ર કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી વચગાળાની ખોરાકી માસીક રૂા.૯,૦૦૦/-ચુકવવા માટેનો હુકમ અરજદારના પતિ મોહંમદ સમીર બનુમીયાં રાજા વિરૂધ્ધ કરવામાં આવેલ.

# લોક અદાલતમાં સૌથી વધુ કેસોનો નિકાલ કરવામાં સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ

## ૧,૦૧,૫૫૯ કેસોનો નિકાલ અને રૂ. ૯૬.૫૯ કરોડનું સેટલમેન્ટ કરાયું

સુરત, તા.૧૪

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી, સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા-નવી દિલ્હીના નેજાહેઠળગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શનમાંજિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત દ્વારા તા.૧૨ જુલાઈએસુરત જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયુંહતું.આજેયોજાયેલી લોકઅદાલતમાં કુલ ૧,૦૫,૫૫૪ કેસો રજૂ કરવામાં આવ્યા હતાં, જેમાંથી ૧,૦૧,૫૫૯ કેસોનો સમાધાનથીસફળનિકાલ કરવામાં આવ્યો છે. આ તમામ કેસોમાં કુલ રૂ. ૯૬,૫૯,૧૮,૯૮૦ કરોડથી વધુની રકમનું સેટલમેન્ટ થયું છે. લોકઅદાલતમાં સૌથી વધુ કેસોનો નિકાલ કરવામાં સુરત જિલ્લો રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યોછે, જે એક નોંધપાત્ર સફળતા છે.ફોજદારી સમાધાનલાયક કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ અન્વયેના કેસો, બેંક દાવાઓ, મોટર અકસ્માત દાવાઓ (MACT), શ્રમ સંબંધિત કેસો, વિજળી અને પાણી બિલ સંબંધિત વિવાદો, લગ્ન સંબંધિત તકરારો, તેમજ રેવન્યુ અને સિવિલ કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. જિલ્લા કાનૂની

અનુસંધાન પાના ૭ પર



## જનભાગીદારીથી રૂ.બે કરોડના ખર્ચે નવનિર્મિત

# ઈકો ફ્રેન્ડલી અલથાણ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

## ગુનેગારોના મનમાં ડર અને સામાન્ય નાગરિકના મનમાં પોલીસપ્રત્યેવિશ્વાસ હોવો જરૂરી છે : ગૃહ રાજ્યમંત્રીશ્રી

સુરતનાઅલથાણ ખાતે ખટોદરા પોલીસ સ્ટેશનથી વિભાજિત કરી જનભાગીદારીથી રૂ.બેકરોડનાખર્ચેનવનિર્મિત ઈકોફ્રેન્ડલી અલથાણ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. નવાઅલથાણ પોલીસ સ્ટેશનના કારણે ભીમરાડ, વેસુ ભરથાણા, સરસાણા અને અલથાણના ગામો સહિતના વિસ્તારોમાં રહેતા અઢી લાખથી વધુ નાગરિકોને પોલીસ અને ન્યાય સેવા સુલભ બનશે. આતકેવન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આપ્રસંગે ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યુંહતું કે, અલથાણનું નવું પોલીસ સ્ટેશન ગૃહવિભાગની જનસેવાના પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. જનહિતમાં કાયદો ન્યાય વ્યવસ્થાની જાળવણી માટે બનેલા આ પોલીસ સ્ટેશનમાં આવવાની જરૂર ન પડે એવા સભ્ય, શિસ્તબદ્ધ અને ગુનાર હિત સમાજનું નિર્માણ કરવામાં આપણે સૌયોગદાન આપીએ. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવી એ ગુજરાત પોલીસની પ્રાથમિકતા છે. પોલીસના હાથમાં જોવા મળતી લાઠી ન્યાયનું પ્રતીક છે, જે દોષીને દંડ આપે અને નિર્દોષને રક્ષે છે. ગુનેગારોના મનમાં ડર અને સામાન્ય નાગરિકના મનમાં પોલીસપ્રત્યેવિશ્વાસ હોવો જરૂરી છે એમ જણાવી ગૃહરાજ્યમંત્રીએ પોલીસનેસ્પષ્ટપણેકહ્યું કે, પોલીસને આપેલી લાઠી ગુનેગારોને પાઠ ભણાવવા માટેછે, તેનોઅવશ્ય ઉપયોગ કરજો. નવસારી અને ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં કાર્યરત અલથાણ પોલીસ સ્ટેશનમાં બહેનો માટે રેસ્ટરૂમની સુવિધા ઉપલબ્ધ છે એમજણાવીગ્રીન બિલ્ડીગમાં 'નો પ્લાસ્ટિક ઝોન' અને પાણી બચાવવા માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગની સિસ્ટમ તેમજ સોલાર પાવરથી કાર્યરત હોવાથી અલથાણ પોલીસ સ્ટેશનરાજ્ય અને દેશ માટે ઉદાહરણરૂપ નીવડશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએવ્યક્ત કર્યો હતો. તેમણેવધુમાંકહ્યુંકે, કોઈવડીલ મદદ માટે સંપર્ક કરે ત્યારે તેમને પ્રેમપૂર્વક આવકારશો તો આવા વ્યવહારથી પોલીસ પ્રત્યે આત્મીયતાઅને વિશ્વાસ વધશે. ટીમ અલથાણ પોલીસ તથા સુરત પોલીસ નાગરિકોને અવિરત સુરક્ષા સુનિશ્ચિત કરશે. વધુમાં ગૃહરાજ્યમંત્રીએ ઉમેર્યું હતું

અનુસંધાન પાના ૭ પર



**ટીપી સ્કીમ નંબર ૪૩ ભીમરાડના ફાઇનલ પ્લોટ નંબર ૮૧ સુરત મહાનગરપાલિકાના નવનિર્મિત આવાસ ની બાજુમાં ખાડીની એલાઇનમેન્ટમાં થયેલ દબાણ પુરાણ ને દૂર કરી ખાડી વાઈડનીંગ કરવાની કામગીરી.**

# ખાડીઓના પ્રવાહને અવરોધતા દબાણો તોડી પાડવા ડિમોલીશન

## દબાણો તોડી પાડવા સાથે ખાડીઓનું ડ્રજિંગ શરૂ કરાયું

સુરત, તા.૧૪

ગતરોજ સુરત મહાનગરપાલિકા વિસ્તારના અઠવા, લિંબાયત તથા ઉધના ઝોનમાં, બહોળા સ્ટાફ અને મશીનરી સાથે વિવિધ ખાડી સફાઈ ની કામગીરી ઝુંબેશ સ્વરૂપે ધરવામાં આવી. સદર કામગીરી અંતર્ગત અઠવા ઝોન, લિંબાયત ઝોન તથા ઉધના(એ) ઝોનમાં કાંકરા ખાડી, મીઠી ખાડી અને ભેદવાડખાડી પરના વિવિધ લોકેશન કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

સાઉથ ઈસ્ટ (લીબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૩૫ (કુંભારીયા-સરોલી-સણીયા હેમાદ-દેવધ) ના ફા.પ્લોટ નં.૨૧૯/૨ તથા ૨૨૫/૧ ની વચ્ચેથી પસાર થતી મીઠીખાડીના વહેણને અવરોધરૂપ ૩૫.૦૦ મી. લંબાઈ અને ૦૭.૦૦ મી. પોહળાઈના સેન્ટરમાં મેશનરી પીયરનો સપોર્ટ ધરાવતા આર.સી.સી. બ્રીજ જે ખુબ જર્જરીત હાલતમાં હોય આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૫ સવારે ૯.૩૦ કલાકથી લીબાયત ઝોન મારફત ડીમોલીશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ. આ કામગીરીમાં મશીનરી પોકલેંન લોન્ગ બૂમ બ્રેકર-૧, જેસીબી બ્રેકર-૦૧, હાઈવા ગાડી-૦૨, ટ્રેક્ટર-૦૩, હૈ૨જીઈ- ૦૧ ,ગેસ કટર-૦૧, હેન્ડ બ્રેકર-૦૨ વિગેરે ઉપયોગ લેવામાં આવેલ છે. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર-૦૧, આસી.ઈજનેર-૦૩, સુપરવાઈઝર-૦૨, ટેકનીકલ આસી.-૦૪, ફાયર વિભાગ તથા વોચ એન વોર્ડ વિભાગના માર્શલ સહિત કુલ-૩૬ જણાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ. સદર લોકેશન પર અવરોધરૂપ ખાડી બ્રીજનુ ડીમોલીશન કરવામાં આવતા ઉપલબ્ધ થતુ ડીમોલીશન વેસ્ટનુ ડ્રેજિંગની કામગીરી સાથોસાથ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૬૧ (પરવત-ગોડાદરા) અને ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૬૯ (ગોડાદરા - ડીડોલી) ની હદ પર ગોડાદરા ગામતળ અને ક્રિષ્ના પાર્ક સોસાયટી પાસેથી પસાર થતી ભેદવાડ ખાડી પર ખાડીના વહેણને અવરોધરૂપ ફેબ્રિકેશનનો બનાવેલો બ્રીજ જે ૧૦.૦૦ મી. લંબાઈ અને ૧.૦૦ મી. પહોળાઈ નો પણ આજરોજ દુર કરવામાં આવેલ છે.

અનુસંધાન પાના ૭ પર

# સીસી ટીવી ટ્રાફિક પોલીસ કંટ્રોલ રૂમને ખુલ્લોમૂકતાગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

## ટેક્નોલોજીના યુગમાં સુરત શહેરનું સુરક્ષા માળખુ વધુ મજબૂત બનાવ્યું

સુરત, તા.૧૪

સુરત શહેરને વધુ સુરક્ષિત અને સતર્ક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલઅંતર્ગતસુરત પોલીસ કમિશનર કચેરી ખાતે શહેર પોલીસ દ્વારા જનભાગીદારીથી આધુનિક ટેક્નોલોજીથી સજ્જ ગુજરાત રાજ્યના પ્રથમ બહુ હેતુ




fCCTV ટ્રાફિક પોલીસ કંટ્રોલ રૂમનું ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

કંટ્રોલ રૂમ શહેરભરના જુદા-જુદા વિસ્તારોમાં સ્થાપિત કરાયેલા ૮૦૦થી વધુ CCTV કેમેરાઓનું જીવંત નિરીક્ષણ કરવાની સુવિધા

અનુસંધાન પાના ૭ પર

# સુરત ઉત્તર પ્રાંત અધિકારી દ્વારા વિવિધ બ્રિજોની ચકાસણી કરાઈ

## ઈન્સપેક્શન ટીમે વિવિધ ૧૧ બ્રિજોની તાત્કાલિક ચકાસણી કરી

સુરત, તા.૧૪

જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ સુરત શહેર-જિલ્લામાં આવેલા બ્રિજોની સ્થાપના સમય તેમજ પુલોની વર્તમાન સ્થિતિ, ઈન્સપેકશન અને ક્ષમતા અંગેનો લેટેસ્ટ રિપોર્ટ આપવા સબંધિત અધિકારીઓને કરેલ સૂચના અંતર્ગત પ્રાંત અધિકારી(સુરત ઉત્તર)એ વિવિધ બ્રિજોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં ઉમરા-ગોથાણ સાયણ રોડને જોડતા પુલ, રેલવે સ્ટેશન-ગોથાણને જોડતા ફુટ ઓવરબ્રિજ, ગોથાણ- ઉમરા રોડને જોડતા પુલ, ઈચ્છાપોર, કવાસ-સુરતથી કલકત્તા નેશનલ હાઈવેને જોડતા હૈઈજી, ભાઠાથી નવાપરા ફળીયાને જોડતા પુલ, ઈચ્છાપોર ખાડી બ્રિજ, અઠવાથી અડાજણને જોડતો સરદાર બ્રિજ, અડાજણથી દોટીવાલા સર્કલને જોડતો મકાઈપુલ, અડાજણથી ચોક બજારને જોડતો નહેરુ બ્રિજ, મોરાભાગળથી ડભોલી/ઈસ્કોન સર્કલને જોડતો જહાંગીરપુરા બ્રિજ અને વેડ વરિયાવ બ્રિજ મળી કુલ

અનુસંધાન પાના ૭ પર

# પાવર ગ્રીડના વિરોધમાં ખેડૂતો દ્વારા મહાસંમેલન માટે તૈયારી

## ખેડૂતોના મુદ્દે સરકારની ભૂમિકા શંકાસ્પદ : પરિમલ પટેલ

સુરત, તા.૧૪

પાવરગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત જીલ્લાના ઓલપાડ અને હાંસોટ તાલુકાના ગામડાંઓમાથી પસાર થનાર છે તે અંગે અસગ્રસ્ટ ખેડૂતો સાથે મળી ચર્ચા વિચારણા કરી આગળની રણનીતિ નકકી કરવા માટે ગત રોજ તા.૧૩/૦૭/૨૦૨૫ ને રવિવાર બપોરે ૩.૦૦ કલાકે આનંદ આશ્રમ ભાદોલ તા.ઓલપાડ જી સુરત મુકામે મિટિંગ મળેલ હતી.



મિટિંગમાં હાજર સુરત જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખશ્રી પરિમલ પટેલે ખેડૂતોને આવનારી વીજ ટ્રાન્સમિશન લાઇન તેમજ છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલ આંદોલન વિશે માહિતી આપી હતી. એમણે જણાવ્યું હતું કે આપણું આંદોલન ધીમે ધીમે વીજ ટ્રાન્સમિશન કંપની સામેથી પૂર્ણ થઈ સરકાર સામે આગળ વધી રહ્યું છે. સરકારની ભૂમિકા આ મુદ્દામાં શંકાસ્પદ જણાઈ રહી છે. એમણે ખેડૂતોને મહાસંમેલન માટે તૈયાર રહેવા તેમજ ટ્રેક્ટર રેલીની તૈયારી કરવા જણાવી દીધું હતું.

ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશભાઈ પટેલ દ્વારા ખેડૂતોને સંઘે શક્તિ કળયુગે વાક્ય યાદ રાખી એને અનુસરવાનો સમય આવ્યો હોવાની વાત કરાઈ હતી. એમણે સ્પષ્ટ આક્ષેપ કરતા કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર જ્યારે અદાણીને ફાયદો કરાવવા બેઠા હોય ત્યારે સંગઠિત થઈને લડવું એજ એક માત્ર વિકલ્પ રહ્યો છે. સરકાર ગમે તે પક્ષની હોય પરંતુ ખેડૂત સમાજ હંમેશા દુઃખના સમયમાં ખેડૂતોની સાથે ઊભો રહ્યો છે અને હંમેશા ઊભો રહશે.ખેડૂત ને સહકારી આગેવાન દર્શનભાઈ નાયક દ્વારા

અનુસંધાન પાના ૭ પર

# જ્ઞાનમંજરી વિદ્યાપીઠ ખાતે 'સફળ શિક્ષકની સપ્તપદી' સેમિનાર યોજાયો

## શિક્ષકોએ સજ્જતા કેળવીને દિલથી કાર્ય કરવું જોઈએ : રાજેશ ધામેલિયા

સુરત, તા.૧૪

શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવા માટે શિક્ષકોએ સતત શીખતાં રહેવું જોઈએ. આ વિચારને કેન્દ્રમાં રાખીને આજે જ્ઞાનમંજરી વિદ્યાપીઠ – કરડવા, સુરત મુકામે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના શિક્ષકો માટે 'સફળ શિક્ષકની સપ્તપદી' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આજના વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયાનું શાળા



પરિવાર દ્વારા ભાવપૂર્વક સ્વાગત કરાયું; એમણે ઉત્તમ બાળકેળવણી થકી શ્રેષ્ઠ શિક્ષણ કેવી રીતે આપી શકાય તે અંગે વિશદ ચર્ચા અને માર્ગદર્શન આપ્યું હતું. આવા વિચાર-વિમર્શસભર કાર્યક્રમો શિક્ષણક્ષેત્રને હંમેશાં નવી દિશા આપે છે અને શિક્ષકોનાં વ્યકિતત્વ વિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. આજના આ કાર્યક્રમને શાળાના સંચાલક શ્રી અશોકભાઈ બાંભણિયા તથા રમેશભાઈ નકુમ તેમજ સૌ સારસ્વત ભાઈઓ-બહેનોએ ઉપસ્થિતિ રહી સાર્થક અને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો : વિચાર પ્રેરક પ્રશ્નોત્તરી, સફળ શિક્ષકની સપ્તપદી તેમજ આપણા પ્રશ્નો અને ઉકેલ. આ સેમિનારમાં ગાંધીજી, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ વગેરે મહાનુભાવોએ કરેલા પ્રદાનની સંવાદરૂપે વાત કરવામાં આવી.આ પ્રસંગે શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, "ઉત્તમ રાષ્ટ્રના નિર્માણ માટે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ

અનુસંધાન પાના ૭ પર

# વિહંગમ યોગના સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવમાં સેવા, સત્સંગ અને સાધાનાની અલખ જગાવતા સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજ






**વિહંગમ યોગ સંત સમાજના ૧૦૨મો વાર્ષિક મહોત્સવ સંદર્ભે સુરત પરવત પાટિયા આઈ માતા ચોક સ્થિત સીરવી સમાજ ભવન ખાતે રવિવારના રોજ સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવ યોજાયો હતો. કાશ્મીરથી કન્યાકુમારી સુધીની સ્વર્વેદ સંદેશ યાત્રા અંતર્ગત સમર્પણ દીપ આધ્યાત્મ મહોત્સવમાં સંત પ્રવર વિજ્ઞાન દેવજી મહારાજ દ્વારા સ્વર્વેદ કથા રજૂ કરવામાં આવી હતી. સ્વર્વેદ કથા સાથે સંતપ્રવર વિજ્ઞાન દેવજી મહારાજ દ્વારા આત્મજાગરણથી રાષ્ટ્ર જાગરણ અર્થે કાશ્મીરથી કન્યાકુમારી સુધીની સ્વર્વેદ યાત્રાનો હેતુ સ્પષ્ટ કરી વિહંગમ યોગ અંગે શ્રદ્ધાળુઓને વિસ્તૃત માર્ગદર્શન આપી આધ્યાત્મિક તથા રાષ્ટ્રીય ભાવનાની ચેતના જગાવી હતી. ગુજરાત વિહંગમ યોગ સંત સમાજના પ્રમુખ ગોરધનભાઈ ઝડફિયા ,ધારાસભ્ય મનુભાઈ પટેલ, જીએસટી વિભાગ સુરતના ડેપ્યુટી કમિશનર યોગેશભાઈ દવે, સુરત સીટી એડવોકેટ એસોસિએશનના પ્રમુખ વકીલ નીલકંઠ બારોટ ઉપરાંત રાજસ્થાન સમાજ અને સીરવી સમાજના અગ્રણીઓ દ્વારા સદગુરુ ઉતરાધિકારી સંતપ્રવર વિજ્ઞાન દેવજી મહારાજનું અભિવાદન કરવામાં આવ્યું હતું.**

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ ભારતમાલા હાઇવે ક્ષતિગ્રસ્ત મામલે તપાસ શરૂ કરાઈ

## વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત ભારતમાલા હાઇવે મામલે નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (દિલ્હી)ના સભ્ય શ્રી વેંકટરમને સ્થળનિરીક્ષણ કર્યું

### સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે શ્રી વેંકટરમને રોડનું નિરીક્ષણ કરી સેમ્પલ લીધા વાહનચાલકોને સુવિધાજનક પરિવહનની ખાત્રી આપતા NHAIના સભ્ય શ્રી વેંકટરમન



ગાંધીનગર, તાજેતરમાં ભારે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાના ઝડપી રિપેરિંગ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર રાજ્યમાં નાગરિકોને રોડ રસ્તાની સુવિધા મળી રહે એ માટે રાજ્ય સરકારે વહીવટી તંત્રને ખાસ પગલાં લેવાની સૂચના સાથે રોડ રસ્તા, બ્રિજનું સ્થળ નિરીક્ષણ કરી અહેવાલ સોંપવા આદેશ કર્યો છે.કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગોનું પણ સ્થળ નિરીક્ષણ કરી તપાસ કરવાનો આદેશ કરાયો છે. જે અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિય સંચાલિત ભારત માલા હાઈવે પર રાજસ્થાનના સાંચોરથી પાટણ જિલ્લાના સાંતલપુર સુધીના ૧૩૫ કિમી પૈકીનો ૧.૩૫ કિમી હાઈવે માર્ગ ક્ષતિગ્રસ્ત થતાં આજરોજ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે હાઈવે માર્ગનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (દિલ્હી)ના સભ્ય શ્રી વેંકટરમને આજરોજ જિલ્લા કલેકટર શ્રી તુષાર ભટ્ટ સાથે પાટણ જિલ્લામાંથી પસાર થતા ભારત માલા હાઈવેનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. સાંતલપુર તાલુકાના બકુત્રા નજીક ટોલ ટેક્સ પાસે શ્રી વેંકટરમને રોડનું નિરીક્ષણ કરી સેમ્પલ લીધા હતા, તેમજ સેમ્પલની ગુણવત્તામાં ક્ષતિ માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, એમ જણાવી નાગરિકો અને વાહનચાલકોને પડી રહેલી અસુવિધા મામલે શ્રી વેંકટરમને ખેદ વ્યક્ત કરી સત્વરે સુવિધાજનક પરિવહનની ખાત્રી આપી હતી.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને જણાવ્યું કે ભારત માલા પ્રોજેક્ટ સાંચોરથી સાંતલપુર માર્ગ પર ઝોન ૪ના હાઈવે માર્ગ પર ખાડા પડવાની અને રોડ ક્ષતિગ્રસ્ત થયો હોવાનું માલુમ પડતાં સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રોડનું કામ કરનાર જવાબદાર કોન્ટ્રાકટરને નોટિસ આપવામાં આવી છે. રોડના સેમ્પલ લેવામાં આવ્યા છે, તેની ચકાસણી કરવામાં આવશે અને તેમાં ગુણવત્તામાં કચાશ માલુમ પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

રોડ પર ખાડા પડવા મામલે તેમણે ગુજરાતના વાહનચાલકો અને નાગરિકો સમક્ષ ખેદ વ્યક્ત કરી સુવિધાયુક્ત અને આરામદાયક પરિવહનની ખાતરી આપી હતી.

વધુમાં તેમણે રોડની કામગીરી માટે નવિન મશીનરી અને મેન પાવર સપ્લાય કરવામાં આવી છે તેમ જણાવી વરસાદી વાતાવરણ નહિ હોય તો ટૂંક સમયમાં રોડની મરામત અને સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેમ કહ્યું હતું. પાટણ જિલ્લા કલેકટર શ્રી તુષારકુમાર ભટ્ટે જણાવ્યું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સમન્વયથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર રોડ રસ્તાની સુવિધા પૂર્વવત કરવા માટે કટિબદ્ધ છે. ભારત માલા રોડ ક્ષતિગ્રસ્ત થવા મામલે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સભ્ય શ્રી વેંકટરમને ખૂબ ઊંડાણપૂર્વક તપાસ કરી છે. કોન્ટ્રાક્ટર સામે પગલાં લીધાં છે. રોડના પ્રશ્નોના નિરાકરણની ખાત્રી આપી છે. વધુ માણસો કામે લગાડવામાં આવ્યા છે. ટૂંક સમયમાં આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે. ભારતમાલા હાઈવે નિરીક્ષણ અંતર્ગત નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજિયોનલ ઓફિસર શ્રી સુનીલ યાદવ, રાધનપુર પ્રાંત અધિકારીશ્રી, માર્ગ મકાન વિભાગ પાટણ (રાજ્ય)ના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.







# નવસારી મહાનગરપાલિકા Comprehensive Complaint Redressal System અનુસરીને નાગરિકોને જનસુવિધા આપી રહી છે હવે વધુ સરળતાથી અને ઝડપથી

### ટેકનોલોજી જેવી કે વોટસએપ અને કનેક્ટ મોબાઈલ એપથી ચોમાસા દરમિયાન રસ્તા રિપેર જેવી સમસ્યાઓનું જનભાગીદારીથી ત્વરિત નિરાકરણ થાય છે

**નવસારી, તા. ૧૪ જુલાઈ**

પ્રવર્તમાન ચોમાસાની ઋતુમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ-પુલ ક્ષતિગ્રસ્ત બન્યા છે. આ રસ્તા- પુલનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના દિશા -દર્શનમાં માર્ગ અને મકાન વિભાગ, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને કડક સૂચના આપી છે. જે અનુસંધાને હાલમાં રોડ રસ્તા રિપેર, ચકાસણી તથા અન્ય ગુણવત્તાવર્ધક કામગીરીઓ રાજ્યભરમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

આવા જ અભિયાનના ભાગરૂપે, નવસારી મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને નવસારી મહાનગરપાલિકાના કમિશનરશ્રી દેવ ચૌધરીના નેતૃત્વમાં નવસારીમાં નાગરિક સુવિધાઓના ઝડપી નિકાલ અને માર્ગ સંબંધી સમસ્યાઓના ઝડપી સમાધાન માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. ૮ જુલાઈ ૨૦૨૫ના રોજ "CCRS – Comprehensive Complaint Redressal System" અંતર્ગત ખાસ કામગીરીનો આરંભ કરવામાં આવ્યો હતો . જે મુજબ CCRS અંતર્ગત નાગરિકોને તેમની આસપાસની રસ્તાની ખામી કે ખાડા અંગે તાત્કાલિક ફરિયાદ નોંધાવવા માટે વોટ્સએપ હેલ્પલાઈન નંબર (૮૭૯૯૨ ૨૩૦૪૬) જાહેર કરવામાં આવ્યો છે. નાગરિકો પોતાનું લોકેશન સાથેનો ફોટો મોકલી શકે છે.

આ વ્યવસ્થાના અમલ પછી, સરેરાશ રોજે ૮૦ જેટલી ફરિયાદો મળતી હોય છે. મહાનગરપાલિકા દ્વારા તેમાંના અંદાજે ૮૫% ફરિયાદો એજ દિવસે અને બાકીની ૨૪ કલાકની અંદર નિવારણ કરવામાં આવી રહી છે. વરસાદ ન હોય ત્યારે પેચ વર્કના કામ (થોડા અંશે ડામર તથા કોલ્ડ મિક્સથી) નિયમિતપણે હાથ ધરવામાં આવી રહ્યા છે જેથી ખાડાઓનો ઝડપી નિકાલ થાય અને જનતા સુરક્ષિત મુસાફરી કરી શકે. આ કામગીરી માટે વિશિષ્ટ મોબાઈલ ટીમ પણ ગઠિત કરવામાં આવી છે. જાહેર જનતાના વોટ્સએપ દ્વારા મળતા પ્રતિસાદને વધુ કાર્યક્ષમ બનાવવા માટે, ૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ NMC Connect એપમાં "Road Demand Request" નામની નવી ફીચર ઉમેરી છે. આ ફીચર દ્વારા નાગરિકો સરળતાથી તેમના વિસ્તારમાં રસ્તાની જરૂરિયાત કે માંગ નોંધાવી શકે છે. આ માહિતી સીધા ઝઝઈજી પોર્ટલ સાથે સંકળાયેલ હોવાથી, તાત્કાલિક સમીક્ષા કરી કામગીરી શરૂ કરી શકાય છે.નવસારી મહાનગરપાલિકા આધુનિક ટેક્નોલોજીના સહારે રીસ્પોન્સ ટાઈમ ઘટાડવા તેમજ નાગરિકોની અસુવિધા દૂર કરવા સતત પ્રયાસશીલ છે.

# સુરત શહેરમાં ખાડીપૂર રોકવા સુરત મહાનગરપાલિકાની કવાયત

## ખાડીપૂરને અવરોધતા ગેરકાયદે દબાણો તોડી પાડવાની મોટાપાયે કામગીરી





સુરત શહેરમાં દર વર્ષે આવતા ખાડીપુરને રોકવા માટે બનાવેલ હાઈ પાવર કમિટીના અધ્યક્ષ તરીકે સુરત મહાનગરપાલિકા કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, આઈ.એ.એસ.ની તથા જિલ્લા કલેકટર ડૉ.સૌરભ પારધી, આઈ.એ.એસ. અને પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, આઈ.પી.એસ. ની સહઅધ્યક્ષ પદે નિમણૂંક કરવામાં આવેલ છે.

આજરોજ સુરતમાં મહાનગરપાલિકા વિસ્તારના અઠવા, લિંબાયત તથા ઉધના ઝોનમાં હાઈ પાવર કમિટીના અધ્યક્ષ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલીની અગ્રવાલ, આઈ.એ.એસ. ની તાકીદ સૂચનાથી ઝુંબેશ આદરાયું અને સીધા સુચના તથા માર્ગદર્શન હેઠળ વિવિધ ઝોનના ઝોનલ ચીફશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના નિરીક્ષણમાં ઝોનના બહોળા સ્ટાફ અને મશીનરી સાથે વિવિધ ખાડીઓમાં કામગીરી હાથ ધરવામાં આવી. સદર કામગીરી અંતર્ગત અઠવા ઝોન, લિંબાયત ઝોન તથા ઉધના(એ) ઝોનમાં કાંકરા ખાડી, મીઠી ખાડી અને ભેદવાડખાડી પર સાત લોકેશન પર કરવામાં આવેલ વિવિધ કામગીરીમાં જર્જરીત જુના સાંકડા પુલ દૂર કરવાની તથા ખાડીના સાંકડા થઈ ગયેલ ભાગને પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી કે જેથી ચોમાસાની ઋતુમાં પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે.

સુરત મહાનગર પાલિકાના સાઉથ ઈસ્ટ (લીબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૩૫ (કુંભારીયા-સરોલી-સણીયા હેમાદ-દેવધ) ના ફા.પ્લોટ નં.૨૧૯/૨ તથા ૨૨૫/૧ ની વચ્ચેથી પસાર થતી મીઠીખાડીના વહેણને અવરોધરૂપ ૩૫.૦૦ મી. લંબાઈ અને ૦૭.૦૦ મી. પોહળાઈના સેન્ટરમાં મેશનરી પીયરનો સપોર્ટ ધરાવતા આર.સી.સી. બ્રીજ જે ખુબ જર્જરીત હાલતમાં હોય આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૫ સવારે ૯.૩૦ કલાકથી લીબાયત ઝોન મારફત ડીમોલીશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ. આ કામગીરીમાં મશીનરી પોકલેંન લોન્ગ બૂમ બ્રેકર-૧, જેસીબી બ્રેકર-૦૧, હાઈવા ગાડી-૦૨, ટ્રેક્ટર-૦૩, D G SET-૦૧ ,ગેસ કટર-૦૧, હેન્ડ બ્રેકર-૦૨ વિગેરે ઉપયોગ લેવામાં આવેલ છે. સદર કામગીરીના સુપરવીઝન અને નિયંત્રણ માટે ડે.ઈજનેર-૦૧, આસી.ઈજનેર-૦૩, સુપરવાઈઝર-૦૨, ટેકનીકલ આસી.-૦૪, ફાયર વિભાગ તથા વોચ એન વોર્ડ વિભાગના માર્શલ સહિત કુલ-૩૬ જણાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ. સદર લોકેશન પર અવરોધરૂપ ખાડી બ્રીજનુ ડીમોલીશન કરવામાં આવતા NIRAIKJDOIGJKIOFD ઉપલબ્ધ થતુ ડીમોલીશન વેસ્ટનુ ડ્રેજિંગની કામગીરી સાથોસાથ હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૬૧ (પરવત-ગોડાદરા) અને ડ્રાફ્ટ ટી.પી સ્કીમ નંબર-૬૯ (ગોડાદરા - ડીંડોલી) ની હદ પર ગોડાદરા ગામતળ અને ક્રિષ્ના પાર્ક સોસાયટી પાસેથી પસાર થતી ભેદવાડ ખાડી પર ખાડીના વહેણને અવરોધરૂપ ફેબ્રિકેશનનો બનાવેલો બ્રીજ જે ૧૦.૦૦ મી. લંબાઈ અને ૧.૦૦ મી. પહોળાઈ નો પણ આજરોજ દુર કરવામાં આવેલ છે. આ તમામ કામગીરી સાઉથ ઈસ્ટ ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ પુર્ણ કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સવારે ૯.૦૦ કલાક થી ખાડી સફાઈની કામગીરી ચાલુ કરવામાં આવેલ. જે અન્વયે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં (૧) ભીમરાડ બમરોલી(ટી.પી. ૪૩, એફ. પી.૧૮) કાંકરાખાડી પર આવેલ બમરોલી અને અલથાણ વિસ્તારને જોડતા ખાડીપુલના ડાઉન સ્ટ્રીમમાં અઠવા ઝોનની હદ તરફ ખાડી આશરે ૫૦ થી ૬૦ મીટર જેટલી સાંકડી થઈ જતી હોઈ તેને પહોળી કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલી છે આ કામગીરીના સ્થળે ૧ પોકલેન મશીન તેમજ ૨ હાઈવા તેમજ ટ્રેકટરની મદદથી કામગીરી કરવામાં આવી રહી છે. (૨) ટી.પી.૪૩, ભીમરાડના એફ.પી.નં ૮૧ સુરત મહાનગરપાલિકાના નવનિર્મિત આવાસની બાજુમાં ખાડીની એલાઈમેન્ટમાં થયેલ ખાડી વહેણમા અવરોધરૂપ પુરાણ / નડતરોને દુર કરી ખાડી વાઈડનીગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ કામગીરીના સ્થળે ૧ પોકલેન મશીન તેમજ ૧ જે.સી.બી ની મદદથી કામગીરી કરવામાં આવી રહી છે. (૩) ભીમરાડ થી સચિન મગ્દલ્લા બ્રીજ પાસે ડાઉન સ્ટ્રીમ વિસ્તાર માં ખાડી રી-એલાઈમેન્ટ ની કામગીરી (ખાડીનો મીઅન્ડરીંગવાળો ભાગ) કરવા માટે આ કામગીરીના સ્થળે ૧ પોકલેન મશીન તેમજ ૧ જે.સી.બી અને ૧ હાઈવાની મદદથી કામગીરી કરવામાં આવી રહી છે. આ સઘળી કામગીરી મે.કમિશ્નરશ્રી ના માર્ગદર્શન હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ઝોનલ ચીફ મા.ડે.કમિશ્નરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, ડેપ્યુટી. ઈજનેરશ્રી, આસી/જુની. ઈજનેર, સુપરવાઈઝર અને ટેકનીકલ આસીસ્ટન્ટ તેમજ સિક્યોરીટી સ્ટાફની હાજરીમાં થઈ રહી છે.

ઉધના ઝોન એ સીટી ઈજનેરશ્રી તથા ઝોનના વિભાગીય વડા સાથેની મીટીંગમાં ખાડીની અંદરના અનઅધિકૃત દબાણો દુર કરવા આદેશ કરવામાં આવેલ. જે અન્વયે સાઉથ ઝોન—એ(ઉધના) ના વિસ્તારમાં મે.ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન—એ(ઉધના) વિસ્તારમાંથી પસાર થતી ભેદવાડ ખાડીની અંદર (૧) બમરોલી ગામ વિધ્નેશ્વર મહાદેવ મંદીરની સામે આવેલ વર્ષો જુના હયાત પાઈપ કલ્વર્ટને દુર કરવાની તેમજ (૨) બમરોલી પંપીગ સ્ટેશનની સામે ૪૫.૦૦મી. ના ભીમરાડ બમરોલીને જોડતા રોડ પર હયાત ભેદવાડ ખાડીની પહોળાઈ વધુ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં લોંગબુમ પોકલેન મશીન—૧, પોકલેન મશીન—૧, પોકલેન બ્રેકર મશીન—૧, જે.સી.બી.—૨, ડમ્પર—૨ વિગેરે મશીનરી તેમજ કુલ—૧૧ ડે.ઈજનેર/આસી.ઈજનેર/ જુની.ઈજનેર/ સુપરવાઈઝર/ટેકનીકલ આસીસટન્ટ વિગેરે અધિકારી/કર્મચારીના સુપરવિઝન હેઠળ ઈજારદારો મારફત કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## તંત્રી લેખ...-

સોમવાર, તા.૧૪ જુલાઈ ૨૦૨૫

# બ્રિક્સથી અમેરિકાને પોતાનું વર્ચસ્વ જોખમાવાની બીક

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દુનિયાના વિભિન્ન દેશો ઉપર ઊંચા ટેરિફ લાદવાના નિર્ણયનો શરૂઆતથી જ વિરોધ થઈ રહ્યો છે, જેમાં બ્રાઝિલમાં યોજાયેલાં બ્રિક્સ શિખર સંમેલનનાં ઘોષણાપત્રમાં પણ તેની આલોચનાનો ઉમેરો થયો છે. જો કે, બ્રિક્સ દ્વારા કરવામાં આવેલી આ ટીકા ટ્રમ્પને ખૂંચી ગઈ છે અને તેમણે બ્રિક્સ સમૂહને જ અમેરિકા અને અમેરિકી ચલણ ડોલર વિરોધી ગણાવી દીધો છે. તેમણે ટેરિફને વખોડનારા બ્રિક્સ સાથે કોઈ પણ પ્રકારનો નાતો રાખનારા દેશને પણ અતિરિક્ત ૧૦ ટકા ટેરિફની ધમકી આપી દીધી છે, તો ટ્રમ્પ અને અમેરિકાનાં આ વલણના હિસાબે એક સવાલ થવો સ્વાભાવિક છે કે, શું ખરેખર અમેરિકા બ્રિક્સ દેશોથી અસલામતી અનુભવે છે? શું હવે આવનારા સમયમાં બ્રિક્સ અને અમેરિકા વચ્ચે ટકરાવ જોવા મળી શકે છે? જો કે, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા તરફથી તાત્કાલિક સ્પષ્ટતા આપી દેવામાં આવી છે કે, બ્રિક્સનો હેતુ કોઈની સામે ટકરાવનો નથી. બ્રિક્સ માત્ર દુનિયાના વિકસતા દેશો વચ્ચે સહયોગનો એક મંચ માત્ર છે. અમેરિકાએ એપ્રિલમાં ચીન અને ભારત સહિતના દુનિયાના દેશો ઉપર જેવા સાથે તેવા વેરા વસૂલવાની નીતિ અપનાવીને ઊંચા ટેરિફદરો જાહેર કર્યા હતા. જો કે, આ નિર્ણયને ૯૦ દિવસ માટે મોકૂફ રાખીને કેટલાક દેશો સાથે પરસ્પર સમજૂતીથી ટેરિફના દરો નિર્ધારીત કરવા માટે વાટાઘાટો શરૂ કરવામાં આવી હતી. ટ્રમ્પની આ નવી ટેરિફનીતિમાં તેના સૌથી મોટા નિશાને ચીન રહ્યું હતું, જેના હિસાબે બંને પક્ષે સામસામે ઊંચા વેરા લાદવાની જાહેરાતો પણ થવા લાગી હતી. ચીન અમેરિકાના ટેરિફથી સૌથી વધુ પ્રભાવિત થનારો દેશ છે અને તેના હિસાબે તે બ્રિક્સના મંચનો ઉપયોગ અમેરિકા ઉપર દબાણ વધારવા માટે કરવા માગતું હોય તે પણ સમજી શકાય તેવું છે. જો કે, બ્રિક્સ સંમેલનમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ગેરહાજરી આમાં સૂચક બની ગઈ. આના હિસાબે બ્રિક્સની એકતા સામે સવાલ ઊઠયા. બીજીબાજુ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આમાં વીડિયો કોન્ફરન્સનાં માધ્યમથી જોડાયા. એટલે કે, આ સમૂહમાં વ્યક્તિગત હાજરી આપનારા વિશ્વના શીર્ષ નેતાઓ પૈકી એક વડાપ્રધાન નરેન્દ્ર મોદી હતા, તેથી બ્રાઝિલમાં યોજાયેલી આ બેઠકનું ઘોષણાપત્ર ભારતના પ્રભાવમાં ઘડાયું હોવાની શંકા પણ અમેરિકાને ગઈ હોય તેવું બની શકે. બ્રિક્સની સ્થાપના થઈ ત્યારે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા તેના સદસ્ય હતા, ત્યારબાદ ગત વર્ષે તેનું વિસ્તરણ કરવામાં આવ્યું અને આમાં ઈંડોનેશિયા, ઈરાન, ઈજિપ્ત, ઈથિયોપિયા અને યુએઈને પણ સદસ્યતા આપવામાં આવી. આ બધા દેશો કોઈને કોઈ તબક્કે પોતાની રાષ્ટ્રીય મુદ્રામાં પરસ્પર કારોબાર કરવાની હિમાયત કરી ચૂકેલા છે. જેને અમેરિકા અને ટ્રમ્પ ડોલરના પ્રભુત્વ વિરોધી ષડયંત્ર માની રહ્યા છે. બીજીબાજુ બ્રિક્સ દેશો ડોલર ઉપર નિર્ભરતામાંથી છૂટવા માટે પોતાનાં ચલણમાં વેપાર શરૂ કરે, તો તેમાં અમેરિકાને કોઈ તકલીફ હોવી જોઈએ નહી, પણ અમેરિકાને આમાં પોતાનો ગરાસ લુંટાવાની ભીતિ છે. દુનિયામાં પોતાનું વર્ચસ્વ જોખમાઈ જવાના ભયમાં અમેરિકા હવે બ્રિક્સ સમૂહને જ ભાંગી નાખવા ટેરિફની ધમકીઓ આપવા ઉપર ઊતરી આવ્યું છે, ત્યારે દુનિયામાં અમેરિકા પછી જેનો સૌથી વધુ પ્રભાવ છે તેવા દેશોનો આ સમૂહ કે પછી વ્યક્તિગત રીતે દેશો કેવું વલણ અખત્યાર કરે છે તે જોવું રસપ્રદ બની જવાનું છે.

# વિમાન દુર્ઘટનાની તપાસ

દેશ અને વિદેશમાં ભારે ગમગીની સાથે ચકચાર જગાવનારી અમદાવાદની વિમાન દુર્ઘટનાની તપાસનો પ્રાથમિક અહેવાલ બહાર પડતાં આ અકસ્માત અંગેની અસ્પષ્ટતામાં વધારો થયો છે. આ તપાસ અહેવાલ અકસ્માતના સંભવિત કારણો પરના જવાબ આપવાને બદલે સવાલો વધારે એવો બની રહેતાં અકસ્માતમાં માર્યા ગયેલાઓના પરિવારજનોથી માંડીને સમાન્ય નાગરિકો સૌની માટે રોષમાં વધારો થયો છે. આવા ગંભીર અકસ્માતનો તપાસ અહેવાલ રાતના અઢી કે ત્રણ વાગ્યે જાહેર થયો તે સાથે જ તેની સામે અંદેશો જાગ્યો હતો, પણ જેમ-જેમ વિગતો પર ધ્યાન કેન્દ્રીત કરાયું તેનાથી આ અહેવાલના ઔચિત્ય સામે સવાલ ઊભા થવા લાગ્યા છે. સાથોસાથ આવો અધકચરો તપાસ અહેવાલ બહાર પાડવાની જરૂરત પણ ગળે ઊતરે તેમ નથી. જો અન્ય તપાસ અહેવાલોની હજી રાહ જ જોવાની હતી, તો પછી આ અહેવાલના આધારે કોઈ તારણ કાઢવાના પ્રયાસોને યોગ્ય ગણી શકાય તેમ નથી. રાબેતા મુજબ આ કામચલાઉ અહેવાલે સમાચાર માધ્યમો પર વિમાની ઉડ્ડયનના કહેવાતા નિષ્ણાતોનો રાફડો ફાટયો હોય તેવો તાલ સર્જાયો છે. અમદાવાદની હવાઈ દુર્ઘટનાના આ અહેવાલમાં વિશ્વસનીયતાનો અભાવ સામે આવી રહ્યો છે. ખાસ તો આ પ્રારંભિક અહેવાલમાં એવું બતાવવાનો પ્રયાસ થયો છે કે, ક્યાંક ને ક્યાંક પાઈલટોની ભૂલ થઈ હતી, પણ આવા અનુભવી પાઈલટ ઈંધણની સ્વિચ બંધ કરી નાખવાની ભૂલ તો કરી શકે નહીં. વળી વિમાનોમાં આવી કોઈ ભૂલને તત્કાળ સુધારવાની વ્યવસ્થા પણ હોય છે. પાઈલટોની વાતચીતની વિગતો પરથી આવી છાપ પડે છે. વિમાનના એન્જિનમાં ખામી સર્જાઈ હોઈ શકે એવી છાપ મજબૂત થઈ રહી છે. જો કે, પ્રાથમિક અહેવાલે પણ એવી પણ શંકા જગાવી છે કે, આ તપાસ કરનારાઓએ વિમાન ઉત્પાદક કંપનીના બોઈંગનો બચાવ કરવાનો તખતો તૈયાર કર્યો છે. જો કે, આખી દુનિયા જાણે છે કે, બોઈંગ કંપનીનાં નિર્માણ દરમ્યાન સલામતીના મુદ્દે પૂરતું ધ્યાન અપાતું ન હોવાની ફરિયાદો સતત સામે આવતી રહી છે. ખરેખર તો ૨૫૦થી વધુ લોકોનો ભોગ લેનારી અમદાવાદની આ ગમખ્વાર દુર્ઘટનાની ભારત સરકારે તલસ્પર્શી તપાસ કરાવવી જોઈએ. ભારત સરકાર અને તેની નાગરિક ઉડ્ડયનની સલામતીને સંબંધિત એજન્સીઓએ એર ઈન્ડિયાની સાથે રાખીને સત્યને શોધીને તેને દુનિયા સમક્ષ મૂકવા પર ધ્યાન આપવાની જરૂરત છે.

**અમદાવાદની હવાઈ દુર્ઘટનાના આ અહેવાલમાં વિશ્વસનીયતાનો અભાવ સામે આવી રહ્યો છે. ખાસ તો આ પ્રારંભિક અહેવાલમાં એવું બતાવવાનો પ્રયાસ થયો છે કે, ક્યાંક ને ક્યાંક પાઈલટોની ભૂલ થઈ હતી, પણ આવા અનુભવી પાઈલટ ઈંધણની સ્વિચ બંધ કરી નાખવાની ભૂલ તો કરી શકે નહી.**

### આ પરિસ્થિતિ સમજીને રાજ ઠાકરે સાથે સમાધાન થયું છે.

# નિશાન હિન્દી ભાષા પર, નજર સુધરાઈ પર

### ઉમેદવારો રાજ્યભરમાં ફરી વળશે, જે જુવાળ વિધાનસભાની ચૂંટણી સુધી યથાવત્ રહેશે એમ મનાય છે

રાજકીય પ્રવાહો : કુન્દન વ્યાસ : મહારાષ્ટ્રનાં રાજકારણમાં અત્યારે નિશાના ઉપર હિન્દી ભાષા છે, પણ નેતાઓની નજર - નિગાહે મહાનગર મુંબઈની સુધરાઈ ઈખઈ ઉપર છે ! ગમે તેમ કરીને મુંબઈ સુધરાઈ - જે ભારતમાં સૌથી વધુ ધનાઢ્ય છે, વાર્ષિક બજેટ પચ્ચીસ હજાર કરોડથી પણ વધુ છે - તે હાથમાં આવવી જોઈએ. ભારતનું આર્થિક પાટનગર ગણાતાં મુંબઈની સમૃદ્ધિ અજોડ છે અને તેની સત્તા મેળવવા માટે નેતાઓ આતુર છે. મુંબઈ અને મહારાષ્ટ્રની અન્ય મહત્ત્વની સુધરાઈઓની ચૂંટણીમાં ઠાકરેબંધુઓનું શક્તિપરીક્ષણ અને લોકપ્રિયતાનો અંદાજ મળી જશે અને તે પછી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં પણ ઠાકરેબંધુઓ સાથે રહીને લડશે. આ શક્તિ માપી લેવાનો અવસર છે. લોકસભાની ચૂંટણીમાં ઈન્ડિ. જૂથના પક્ષો સાથે હતા અને વિધાનસભાની ચૂંટણીમાં અલગ - મહારાષ્ટ્ર વિકાસ આઘાડી - મોરચો થયો હતો. હવે સુધરાઈની ચૂંટણીમાં કોઈ મોરચાની જરૂર નથી. ઠાકરેબંધુ મોરચાના ઉમેદવારો જ હશે. મહારાષ્ટ્રભરમાં મિની ચૂંટણી - તમામ સુધરાઈઓ આવરી લેવાશે અને તેના ઉમેદવારો રાજ્યભરમાં ફરી વળશે, જે જુવાળ વિધાનસભાની ચૂંટણી સુધી યથાવત્ રહેશે એમ મનાય છે. અલબત્ત, આ ચૂંટણી જીતવા માટે મરાઠી ભાષાનું શસ્ત્ર અમોઘ હોય એમ જણાય છે. હિન્દી ભાષા મહારાષ્ટ્ર ઉપર ઠોકી બેસાડવાનો વિરોધ ગણતરીપૂર્વક થયો છે. મુંબઈમાં હિન્દી ભાષી વોટ બેન્ક ભાજપના હાથમાં છે, તેની સામે આ મોરચો અનિવાર્ય છે ! શિવસેનાનો જન્મ અને વિકાસ - વ્યાપ ૧૯૬૦ના દાયકાઓમાં થયો, તેમાં 'ધરતીપુત્રો'ને અન્યાય થતો હોવાની ફરિયાદ અને 'બહાર'થી આવનારા મુંબઈની સમૃદ્ધિમાં ભાગ પડાવે છે એવી ફરિયાદે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તામિલભાષીઓ સામેના વિરોધ પછી ૧૯૮૦ના દશકમાં ઉત્તર ભારતીયો - વિશેષ કરીને ઉત્તરપ્રદેશ અને બિહારના લોકોનો પ્રવાહ શરૂ થયો. ૧૯૫૬ - ૫૭માં નેહરુએ ભાષાવાર પ્રાંત રચના કરી ત્યારે મહારાષ્ટ્ર - ગુજરાત બે અલગ રાજ્ય હતાં, પણ મુંબઈ બંને રાજ્યનું દ્વિભાષી મહાનગર બન્યું, તે સામે પ્રચંડ વિરોધ અને મુંબઈ સહ સંયુક્ત મહારાષ્ટ્ર રાજ્ય માટે આંદોલન સફળ થયું. આમ, ભાષાવાદનાં રાજકારણની શરૂઆત ભાષાના આધારે રાજ્યોની રચના થઈ ત્યારથી થઈ છે. મહારાષ્ટ્રમાં શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેનાં અવસાન પછી ઉદ્ધવ રાજકીય વારસદાર બન્યા અને ભત્રીજા રાજ ઠાકરે છૂટા પડયા. રાજ ઠાકરે એમના કાકાની જેમ જોરદાર આક્રમક નેતા તરીકે જાણીતા છે, પણ અલગ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના બનાવ્યા છતાં ચૂંટણીનાં રાજકારણમાં ફાવ્યા નથી. ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે સમજૂતી કર્યા પછી સત્તામાં આવ્યા, પણ સત્તાની મુદ્દતના પ્રશ્ને છૂટા પડયા અને તે પછી ચૂંટણીમાં ધારી સફળતા મળી નથી. હવે લોકસભા અને રાજ્ય વિધાનસભા પછી એમની ત્રીજી કસોટી મુંબઈ સુધરાઈની ચૂંટણીમાં છે. વાસ્તવમાં રાજકીય અસ્તિત્વનો સવાલ છે. એકનાથ શિંદેના હાથમાં પક્ષનું નામ - નિશાન હોવાથી તે અને સત્તા ફરીથી મેળવવી જરૂરી છે. રાજકારણમાં અસ્તિત્વ અનિવાર્ય છે. આ પરિસ્થિતિ સમજીને રાજ ઠાકરે સાથે સમાધાન થયું છે. મુંબઈ સુધરાઈમાં ૧૯૮૫થી શિવસેનાની બહુમતી રહી છે. ૧૯૯૨થી ૧૯૯૬ એકમાત્ર અપવાદ સિવાય સતત પચ્ચીસ વર્ષ સત્તા ભોગવ્યા પછી હવે આરપારની કસોટી છે : મુંબઈ સુધરાઈ ઉપર અંકુશ - સત્તા હોય તો રાજ્યમાં સત્તા મળી શકે છે ! આ વખતે મુંબઈ સાથે નવી મુંબઈ, કલ્યાણ - ડોંબિવલી, ઉલ્હાસનગર, નાસિક, સંભાજીનગર, ઔરંગાબાદ સહિત ૨૮ સુધરાઈની ચૂંટણી છે, તેમાં શિવસેનાની એકતા અને શક્તિ સિદ્ધ થાય તો તેની અસર આગામી વિધાનસભાની ચૂંટણી ઉપર પડે. તેથી હવે જ શિવસેનાની એકતા ઉપર ભાર મુકાયો છે. બંને ભાઈ 'સાથે' છે - અને રહી શકશે? એ પ્રશ્ન છે. આ તબક્કે સુધરાઈનાં અર્થકારણ પછી રાજકારણ શરૂ થાય છે. મુંબઈ - મહારાષ્ટ્રમાં ચૂંટણી જીતવા માટે સજ્જડ મુદ્દો હોવો જોઈએ. આ દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ત્રીજી ભાષા તરીકે હિન્દીનું નામ અપાયું અને રાજ્ય સરકારે આદેશ બહાર પાડયો, પણ પ્રાથમિક - પહેલા ધોરણથી હિન્દી ભાષા દાખલ કરવાની જરૂર ન હતી. પાંચમા ધોરણથી થઈ શકે, પણ હિન્દી મહારાષ્ટ્ર ઉપર ઠોકી બેસાડવામાં આવે છે એમ કહીને વિરોધ શરૂ થયો. હિન્દુત્વના પુરસ્કર્તા બાળાસાહેબ હતા, પણ ઉદ્ધવે ભાજપને છોડીને કોંગ્રેસનો હાથ પકડયો, ત્યારે એમના ઉપર ટીકા - પ્રહાર શરૂ થયા અને હિન્દુત્વના અભાવનાં કારણે ચૂંટણીમાં માર પડયો. હવે હિન્દી ભાષા - ભાજપનાં હિન્દુત્વને હરાવશે એવી ધારણા છે. મુખ્યપ્રધાને ભાષાને લગતા આદેશ પાછા ખેંચી લીધા છે અને નિષ્ણાત સમિતિનો અહેવાલ - અભિપ્રાય માગ્યો છે. મરાઠી ભાષાનું ગૌરવ - સન્માન યથાવત્ હોવા છતાં હિન્દી ભાષા ઠોકી બેસાડીને મરાઠીનું અવમૂલ્યન થયાનો આક્ષેપ અને પ્રચાર થઈ રહ્યો છે. આમાં હિન્દી ભાષાનો કોઈ પ્રશ્ન નથી, પણ મોદી - અમિત શાહ અને યોગી ચૂંટણીમાં બાજી મારી જાય છે - તેનો પ્રતિકાર કરવા માટે ભાષાનું શસ્ત્ર હાથવગું બન્યું છે ! મુંબઈમાં આજે મરાઠી માતૃભાષા હોય તેવા લોકોની સંખ્યાનું જૂથ સૌથી મોટું છે. તેના પછી હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી આવે છે. મરાઠી ભાષિકોનો પ્રભાવ ૨૦૦૧થી ૨૦૧૧ દરમિયાન ઘટયો છે. મરાઠી માતૃભાષા છે એમ કહેનારાઓની સંખ્યા ૪૫.૨૪ લાખથી ઘટીને ૪૪.૦૪ લાખ થઈ હતી. ગુજરાતીઓની સંખ્યા પણ ૧૪.૩૪ લાખથી ઘટીને ૧૪.૨૮ લાખ થઈ હતી, જ્યારે હિન્દી ભાષિકોની સંખ્યા ૨૫.૮૨ લાખથી વધીને ૩૫.૦૮ લાખ થઈ હતી. ઉર્દૂ ભાષિકોની સંખ્યામાં આઠ ટકાનો ઘટાડો થયો હતો. હિન્દી ભાષિકોની સંખ્યા વધુ હોવાથી ચૂંટણીમાં બિનમરાઠી ઉમેદવારો જીતી જાય છે એવી ફરિયાદ પણ બરોબર નથી. મહારાષ્ટ્ર વિધાનસભામાં મરાઠી સભ્યોની સંખ્યા વર્ષ ૧૯૭૮માં માત્ર ૧૪ હતી, જે ૨૦૧૪માં વધીને ૨૪ થઈ. ૨૦૧૯માં ૨૬ અને ૨૦૨૪માં ૨૪ છે. હિન્દી ભાષા શીખવવાથી બિનમરાઠી - ભાજપી ઉમેદવારો જીતી જાય છે એવી ફરિયાદ પણ બરાબર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ મહારાષ્ટ્રની જાહેરસભાઓમાં મરાઠીથી શરૂઆત કરીને હિન્દીમાં ભાષણ કરે છે અને શ્રોતાઓ સમજે છે, તાળીઓ પાડે છે. મોદી કે અમિત શાહ મરાઠી ભાષાનું સન્માન કરે છે. અસ્મિતા સ્વીકારે છે. હજુ ગયા વર્ષે મરાઠી સાહિત્યકારોને આમંત્રીને મોદીએ મરાઠી સાહિત્યનો જે અદ્ભુત પરિચય આપ્યો, તે સાંભળીને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મરાઠી ભાષાને ક્લાસિકલ લેન્ગ્વેજનો દરજ્જો આપીને સન્માનિત મોદીએ કરી, તે ભૂલી ગયા? પણ આ રાજકારણ છે ! ભાષા શાસ્ત્ર છે કે શસ્ત્ર ? હવે ચૂંટણીમાં મતદારોના ચુકાદા ઉપર આધાર છે, પણ ભાષાના પ્રશ્ને હિંસાચાર થાય તો તેની અસર અવળી પડી શકે, પણ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના શરદ પવારે અલગ રહીને અંતર રાખ્યું છે, કારણ કે મુંબઈ સુધરાઈની સાથોસાથ બિહાર વિધાનસભાની ચૂંટણી પણ છે, તેથી કોંગ્રેસને હિન્દી વિરોધ પોષાય નહી. અલબત્ત, મહારાષ્ટ્રની સુધરાઈઓની ચૂંટણીમાં રાહુલ ગાંધીના ઈન્ડિ. મોરચાની કોઈ ભૂમિકા - ભાગીદારી નથી. કોંગ્રેસ અલગ ઉમેદવારો ઊભા રાખશે. શિવસેના અને મનસેનું જોડાણ થઈને એક બને છે કે પછી પોતાના અલગ અલગ ઉમેદવારો રાખે છે તે જોવાનું છે. અલગ હોય તો રાજ ઠાકરે વધુ બેઠકો માગશે અને જો સુધરાઈઓ - વિશેષ મુંબઈમાં - ઠાકરેબંધુ બહુમતી મેળવે તો પછી વિધાનસભાની ચૂંટણીમાં પણ રાહુલ ગાંધીના મોરચાની ભાગીદારી નહી હોય.

### યુદ્ધ ભૂલાવા લાગ્યું. માનો કે નવી પેઢીની જનતાનાં મનમાંથી ભૂલાઇ જ ગયું

# વિશ્વયુદ્ધ ને જીવાતું જીવનઃ તભ બી ઔર અબ ભી!

> • તોપો ગર્જી રહી હતી પણ એ શોરબકોરમાં કોઈક એવું પણ હતું જેણે વિટામિનએ'નું વિશ્લેષણ કરીને માનવ શરીર પર એની અસરનાં સંધોશનમાં વ્યસ્ત હતું.

આજકાલ જ્યારે જગત પર એક વધુ સંભવિત વિશ્વ યુદ્ધના ભણકારા વાગી રહ્યાં છે ત્યારે જગતભરનાં મેગેઝિન્સ અને અખબારો ફ્લેશબેક રૂપે બીજા વિશ્વયુદ્ધ પરના લેખો, ત્યારનાં ખતરનાક સંસ્મરણો અને યુદ્ધનાં ફોટાઓથી ભરી રહ્યાં છે.યુદ્ધ વખતનાં લોકો ભલે દુઃખી હોય કે હિંમતવાન હોય, પણ યુદ્ધના એ દિવસોને ખૂબ ટેસડો લઈ લઈને આજના લોકો યાદ કરી રહ્યા છે. મા-બાપ એમનાં સંતાનોને અને દાદા-દાદી એમનાં પૌત્ર-પૌત્રીઓને યુદ્ધના દિવસોને યાદ કરીને કહે છે કે કેવી રીતે એ લોકોએ કે પછી એમની પહેલાંની પેઢીએ યુદ્ધના દિવસો પસાર કર્યા હતા, એ વખતે શું શું થયું હતું, કેવી કેવી મુશ્કેલીઓનો સાનો કરવો પડ્યો હતો વગેરે વગેરે મેં મુસોલીનથી હિટલર અને પર્લ હાર્બરથી હિરોશિમા અણુબોંબ સુધીના ભીષણ યુદ્ધના અનેક લેખો જોયા છે,

પણ એ સમયે એવી ઘણી બધી ઘટનાઓ એ વર્ષોમાં ઘટી જેમનો એ ભયાવહ વિશ્વયુદ્ધ સાથે કોઈ સંબંધ નહોતો. એ બધા જ વ્યક્તિગત પ્રયાસો હતા. સરકારો તો યુદ્ધમાં રચીપચી હતી, જેમની પહેલી ને છેલ્લી ફરજ માત્ર યુદ્ધ અને યુદ્ધ કરવાની જ હતી.-પણ યાદ રાખજો કે ત્યારે અનેક ક્ષેત્રમાં ક્રાંતિકારી કામ પણ થયેલા, જેમકે એ જ કાળખંડમાં, અર્નેસ્ટ હેમિંગ્વેએ એમની શ્રેષ્ઠ કૃતિ ફોર હુમ ધ બેલ ટોલ્સ' લખી.યુજીન ઓ નીલેલોંગ ડેઝ જર્ની' અને ઈન ધ નાઈટ' લખી, આર્થર કોસલરેડાર્કનેસ એટ નૂન' લખી, ટી. એસ. એલિયટે ફોર ક્વાટેંટ' પ્રકાશિત કરી, સોમરસેટ મોમેધ રેજર્સ એજ' પ્રગટ કરી, કામુએ કેલિગુલા', જ્યોર્જ આરબેલેએનિમલ ફાર્મ' જેવી કૃતિનું સર્જન કર્યું તો આર્થર મિલરે ઓલ માય સન્સ' અને જેમ્સ થર્બરેમેન વુમન એન્ડ ડોગ્સ' અને એમનું પ્રખ્યાત પુસ્તક 'થર્બર કાર્નિવલ'ને લખીને પૂરી કરીને પ્રકાશિત કરી.એ જ સમય દરમિયાન, સાર્ત્ર-કામુ- રસેલ અને હેરલ્ડ લાસ્કી જેવા વિચારકોએ એમના મહત્ત્વનાં લેખનકાર્યો પૂર્ણ કર્યા. જ્યારે ચર્ચિલ મોડી રાત સુધી એની ચહીતી બ્રાન્ડીને ચુસ્કી લેતા લેતા એની જાણીતી સિગારનો કસ ખેંચતા વિચારતો હતો અને હિટલર બોમ્બ વરસાવી રહ્યો હતો ત્યારે આ બધું સર્જનાત્મક કામ પણ ચાલી રહ્યું હતું, જેનો આજે કોઈ ઉલ્લેખ નથી કરી રહ્યા.સિગાર પીવાતી રહી, હિટલરનું મૃત્યુ થયું, ખંડેર શહેરો ફરીથી વસી ગયા. યુદ્ધ ભૂલાવા લાગ્યું. માનો કે નવી પેઢીની જનતાનાં મનમાંથી ભૂલાઇ જ ગયું, પણ પેલાં બધાં પુસ્તકોએ આજે પણ આપણાં જીવનમાં સ્થાન બનાવીને રાખ્યું છે!

ભારતમાં એ દિવસોમાં વાચકો ભગવતીચરણ વર્માની ચિત્રલેખા', ઉપેંદ્રનાથ અશ્કનીગિરતી દીવારેં' અને યશપાલની વાર્તાઓ વાંચતા હતા. કવિતા પ્રેમીઓ મહાદેવીની 'દીપશિખા' કવિતામાંનાં છાયાવાદ પર એક આગવી મસ્તીથી માથું ધૂણાવી રહ્યા હતા.આ જ વર્ષોમાં ગેસલાઈટ',રેબેકા', સિંટીઝન કેન',પિગ્મેલિયન', વોલ્ટ ડિઝનીની બામ્બી' વગેરે અદ્ભુત અંગ્રેજી ફિલ્મો રિલીઝ થઈ હતી. યુદ્ધગ્રસ્ત મોસ્કોમાંવોર એન્ડ પીસ' અને 'સિન્ડ્રેલા' પર આધારિત ઓપેરા (સંગીતનૃત્ય નાટકો) બન્યાં.આમ છતાં, સમગ્ર વિશ્વની આમ જનતા માટે એ બહુ જ કપરા દિવસો હતા. એ વખતે અમેરિકામાં જૂતા પણ રેશનકાર્ડ પર મળતા, ઈંગ્લેન્ડ ને ભારતમાં અનાજ ઉપરાંત કાપડ પણ રેશનકાર્ડ પર મળતા હતા અને એ જ સમયે યુદ્ધગ્રસ્ત દુનિયામાં પેનીસિલીન' વાની શોધ થઈ રહી હતી, પહેલું હેલિકૉપ્ટર બની રહ્યું હતું, પહેલું ચુંબકીય ટેપ રેકોર્ડર અને પહેલું ઓટોમેટિક કમ્પ્યુટર તૈયાર થઈ રહ્યું હતું.

તોપો ગર્જી રહી હતી પણ એ શોરબકોરમાં કોઈક એવું પણ હતું જેણે વિટામિનએ'નું વિશ્લેષણ કરીને માનવ શરીર પર એની અસરનાં સંધોશનમાં વ્યસ્ત હતું.ઈતિહાસના થોથાં જેવાં ભલે જાડા પુસ્તકમાં લખવામાં આવે કે પછી દૈનિક અખબારોમાં કે સાપ્તાહિક સામયિકોમાં લેખના રૂપમાં સચવાય, પણ એમાં ઉલ્લેખ માત્ર ને માત્ર મોટા મોટા નેતાઓની પ્રવૃત્તિઓ અને એમની સત્તા ઊથલપાથલનો જ કરવામાં આવે છે.જુઓને, જ્યારે આપણે ત્યાં ૧૯૮૫માં ત્યારનાં સત્તાધારી કૉંગ્રેસ પક્ષના ૧૦૦ વર્ષ થયાની ભવ્ય ઉજવણી થઈ તો ત્યારે કૉંગ્રેસનાં મહાન અને મોટા મોટા નેતાઓની વાતો થઈ, પણ કોઈને કવિ મૈથિલીશરણ ગુપ્ત, માખનલાલ ચતુર્વેદી, બાલકૃષ્ણ શર્મા નવીન, સુબ્રમણ્યમ ભારતી યાદ નહીં આવ્યા, જે એ જ સરકાર વિશે આદર્શ લેખો લખી રહ્યા હતા.કોઈને ગણેશશંકર વિદ્યાર્થી યાદ ન આવ્યા? બધા હિટલર અને ચર્ચિલ વિશે જ વાત કરે છે, પણ એ જ સમયે, ચિત્રકાર માતીસ એનાં શ્રેષ્ઠ ચિત્રો બનાવી રહ્યો હતો, પણ એનાં વિશે કોઈ એક હરફ પૂરતું યે વાત કરતું નથી.આજે ૨૦૨૫માં પણ ફરી યુદ્ધનો માહોલ છે તો ઈતિહાસમાં બોંબમારા, લશ્કરો, લાશો સિવાય, આજની કઇ કઇ વાતો યાદ રાખવામાં આવશે?

### આપણે જાણીયે છીએ કે લઘુગ્રહો પૃથ્વીની ભ્રમણકક્ષાની નજીક જાય છે

# લઘુગ્રહ કેટલા મહત્ત્વના!

**અત્યાર સુધી એ વાત સ્પષ્ટ થઈ ચુકી છે કે ઘણા લઘુગ્રહોમાં બહુમૂલ્ય ધાતુ જેમકે પ્લેટેનિયમ, નિકલ અને સોના તેમજ પાણી ( હાઈડ્રોજન અને ઓક્સિજનના રૂપમાં) મોજૂદ હોય છે.**

સાલ ૨૦૦૬માં જ્યારે પ્લૂટો ગ્રહનું પદઘટન થયું, ત્યારથી વૈજ્ઞાનિક સમુદાય અને ખગોળિય વિષયો પર રુચિ રાખવાવાળા સમુદાયોએ મળીને ૩૦ જૂનને લઘુગ્રહ દિવસ મનાવવાનો શરૂ કર્યો છે. આ કોઈ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય દિવસ નથી, સમાન રુચી ધરાવતા વૈજ્ઞાનિકો, મીડિયા કર્મચારીઓ, વૈજ્ઞાનિક પ્રકશન ગ્રહો અને સોશિયલ નેટવર્કમાં સક્રિય લોકોનો ગ્રહોના અભ્યાસ પ્રત્યે ઉત્સુકતાનો એક સમૂહ છે. તેથીજ લઘુગ્રહ અથવા ડ્વોર્ફ પ્લેનેટ ડે ને લઈને કોઈ કાર્ય યોજના કે કોઈ લક્ષ્ય નથી હોતું. આને માત્ર ગ્રહોના અભ્યાસ દિવસ તરીકે ચિનહિત કરવામાં આવેલ છે આની કોઈ નિશ્ચિત થીમ નથી હોતી તે ઉપરાંત ૨૦૨૫ની થીમ – 'સૌર મંડળની નવી ઉત્પત્તિઓ અને છુપાયેલી નવી શોધો' ની આજુબાજુ ઘેરાયેલી છે. ખાસ કરીને ટ્રાંસ-નેપ્ચ્યુનિયન બોડીઝની ખોજ દ્વારા. આ બધા બિંદુ મળીને માનવ સમાજમાં વિજ્ઞાન, શિક્ષા,સમજ અને કલ્પનાને એક નવી દિશા આપે છે. લઘુગ્રહ જેમને એસ્ટેરોયડ પણ કહેવાય છે તેને માટે જાણવું એ ખરેખર બ્રહ્માંડને સંપૂર્ણપણે જાણવું.



આપણે જાણીયે છીએ કે લઘુગ્રહો પૃથ્વીની ભ્રમણકક્ષાની નજીક જાય છે. જો આપણને તેમની ગતિ અને રસ્તાની જાણ થાય તો ભવિષ્યમાં કોઈ લઘુગ્રહ જો પૃથ્વીને અથડાવાની સ્થિતિમાં હોય તો આપણે તેનો રસ્તો બદલવાનું વિચારી શકીયે.

વાસ્તવમાં જેને આપણે લઘુગ્રહ કહીયે છીએ તે ખરેખર તો સૌરમંડળના શરૂઆતના દિવસોની વધેલી સામગ્રી છે. આને જાણવાથી આપણે સમજી શકીયે કે ગ્રહો કેવી રીતે બન્યા હશે, સાથે એમ પણ કે સૌરમંડળની રચના કઈ રીતે થઈ હશે અને ધરતી પર જીવન માટે જરૂરી તત્ત્વો કયાંથી અને કઈ રીતે પહોંચ્યા હશે.

અત્યાર સુધી એ વાત સ્પષ્ટ થઈ ચુકી છે કે ઘણા લઘુગ્રહોમાં બહુમૂલ્ય ધાતુ જેમકે પ્લેટેનિયમ, નિકલ અને સોના તેમજ પાણી ( હાઈડ્રોજન અને ઓક્સિજનના રૂપમાં) મોજૂદ હોય છે. આવી સ્થિતિમાં ભવિષ્યમાં માનવી પૃથ્વીના સંસાધનોનો ઓછા અથવા ખલાસ થઈ જવા બાદ પ્રયત્ન કરશે કે અંતરિક્ષમાં આવા સંસાધનો હાંસલ કરી શકે. તદ ઉપરાંત અંતરિક્ષ સ્ટેશનોને સપ્લાય દેવા માટે આ ખનિજોનો ઉપયોગ કરી શકાય છે. એક તરફથી આ પ્રયત્ન અંતરિક્ષ અર્થવ્યવસ્થા માટે એક નવો માર્ગ ખોલી શકશે.છેલ્લાં ઘણાં વર્ષોથી મનુષ્ય આ લઘુગ્રહો પર ઘણા પ્રકારના મિશન મોકલવાની કોશિશ કરી રહી છે. ભવિષ્યમાં આને મોકલવાથી આપણી રોકેટ ટેકિનક તેમજ સ્વસંચાલિત રોબોટિક્સ નવી ઊંચાઈએ પહોંચશે. સાથે જ આ ગ્રહો દ્વારા વૈજ્ઞાનિકો એ જાણવા માટે સક્ષમ સાબિત થશે કે ધરતી પર જીવન કઈ રીતે નિર્માણ થયું ? વૈજ્ઞાનિકોનું એવું માનવું છે કે, આ લઘુગ્રહો દ્વારા જ ધરતી પર કાર્બોનિક પદાર્થ અને પાણી પહોચ્યું હશે, જેનાથી જીવન સંભવ થયું હશે. પરંતુ આ એક અનુમાન જ છે. ભવિષ્યમાં લઘુગ્રહોના વ્યાપક અભ્યાસથી એ અનુમાન પર વાસ્તવિકતાની મોહર લાગી શકે. ભવિષ્યમાં મનુષ્ય મંગળ ગ્રહ અને તેના આગળનાં મિશનો પર સર્ચ ઓપરેશન હાથ ધરશે. ત્યારે આ જ લઘુગ્રહને સ્ટોપિંગ પોઈન્ટ' અથવાફ્યૂલ સ્ટેશન' તરીકે ઉપયોગ થઈ શકે છે.

# હું પાર્ટટાઇમ એક્ટર, ફુલ ટાઇમ પોલિટિશિયન : સ્મૃતિ ઈરાની

## ‘ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨’થી એક્ટિંગમાં કમ બેક કરવા પર સ્મૃતિ ઈરાનીએ વાત કરી

ઘણા સમયથી સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય ફરી ‘ક્યુંકી સાસ ભી કભી બહુ થી’ સિરીયલ કરવાના હોવાની ચર્ચા હતી. આખરે એકતા કપૂર અને સિરીયલની ટીમ દ્વારા સિરીયલનો પ્રોમો રજૂ કરીને સિરીયલની જાહેરાત કરી દેવાઈ છે. ત્યારે સ્મૃતિ ઈરાનીએ ટીવીમાં પાછા ફરવા અંગે અને રાજકીયશ્ચ સફર અંગે વાત કરી હતી. તે કઈ રીતે બંને દુનિયા વચ્ચે સંતુલન જાળવે છે, તે અંગે પણ તેણે વાત કરી હતી.

શું સ્મૃતિ ઈરાની ફરી ટીવી પર પાછા ફરવા અંગે નર્વસ છે કે નહીં, એ અંગે સ્મૃતિએ કહ્યું, “હું એક રાજકારણી છું. મારી સામે તમે કોઈ પણ પડકાર ફેંકો એનાથી હું ક્યારેય નર્વસ ન થઈ શકું. હું એક ફુલ ટાઈમ પોલિટિશિયન અને પાર્ટ ટાઈમ એક્ટર છું.” તેણે હંમેશા એકસાથે વધારે કામ કર્યાં છે, તે અંગે સ્મૃતિ ઈરાનીએ કહ્યું, “જે રીતે કેટલાંક રાજકારણીઓ ક્યારેક વકીલાત કરે છે, કોઈ શિક્ષક છે, કોઈ પત્રકાર છે, એમ હું પાર્ટ ટાઈમ એક્ટર છું. હું એક સાથે એકથી વધુ કામ કરી શકું છું, જે સ્વીકારવું ઘણાં લોકો માટે અઘરું છે.”

આ લોકો વચ્ચે અને પોતાનામાં અંતરની વાત કરતા સ્મૃતિ જણાવે છે, “એમની સાથે કોઈ વીડિયોગ્રાફર નહીં હોય. કોઈ મેકઅપ કરનારાં કે સ્ક્રિપ્ટ રાઈટર નહીં હોય. હું બસ લોકોના ધ્યાનમાં આવી ગઈ છું. એક ૪૯ વર્ષની વ્યક્તિની ૨૫ વર્ષ લાંબી કારકિર્દી હોય, એ પણ માત્ર રાજકારણમાં નહીં પણ રાજકારણમાં પણ ખરી, એ આશીર્વાદથી જ મળે.”

બે દાયકા પહેલાં જ્યારે સ્મૃતિ ઈરાનીએ ટીવીની સફર શરૂ કરી ત્યારે અને આજે ટીવી પ્રત્યે




લોકોના વલણમાં આવેલા ફરક અંગે સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું, “ટીવી સાથે થોડું સાવકી મા જેવું વર્તન થઈ રહ્યું છે. ફિલ્મ માટે સૌથી વધુ આકર્ષણ અને માન હોય છે. આજે ઓટીટીને તેમની પોતાની લાગણીઓ અને દર્શકવર્ગ મળી રહ્યો છે. ટીવીએ ભલે ગયા વર્ષે ૩૦ હજાર કરોડની કમાણી કરી હોય તેમ છતાં, તેની જોઈએ એટલી નોંધ લેવાતી નથી.”

ટીવી ઈન્ડસ્ટ્રીનાં સ્તર અને અસર અંગે વાત કરતા તેણે આગળ જણાવ્યું, “જો તમે ટીવી અને ઓટીટી બંનેને ભેગાં કરો તો આપણે ૫૫ હજાર કરોડના માર્કેટની વાત કરી રહ્યાં છીએ. આ એક એવી ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી છે, જેમાં વિપુલ પ્રમાણમાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક ક્ષમતા રહેલી છે- જેની પ્રધાનમંત્રીએ પણ નોંધ લીધી છે.”

આ સફરમાં ટીકાના સામના અંગે સ્મૃતિ ઈરાનીએ કહ્યું, “એક પૂર્વગ્રહ એવો પણ હતો કે કલાકારો સંવિધાનિક સેવાઓ અંગે ગંભીર નથી. તો મારે એ બતાવી દેવું હતું કે મીડિયા ક્ષેત્રમાંથી કોઈ પાસે પણ ગંભીરતાથી સેવાઓ આપવાની ક્ષમતા રહેલી છે. મેં છેક જમીનથી શરૂઆત કરીને ત્યાં સુધીની સફર ખેડી અને હું મારા સહકર્મીઓનું સન્માન પામવા ઈચ્છતી હતી.”

આ સિરીયલ કરવા બદલ થયેલી ટીકા અંગે તેણે જણાવ્યું, “એ ટીકાનો કોઈ મતલબ નથી, એ શોમાં મેરીટલ રેપ, યુથનેશિયા, શિક્ષણ જેવા મુદ્દાઓ પર વાત કરવામાં આવી હતી, જેના વિશે ફિલ્મમાં પણ ૨૫ વર્ષ પહેલાં કોઈ બોલતું નહોતું. ૧૦.૩૦નો સમય જે નીઃરસ ગણાતો તેને અમે પ્રાઈમ ટાઈમ બનાવી દીધો હતો.”



# ધુરંધર’ અને ‘રાજા સાબ’ વચ્ચે ટક્કરની શક્યતાએ સંજય દત્તની ચિંતા વધારી

## સારી ફિલ્મો બનાવવાની તાલાવેલી બોલિવૂડમાંથી ગાયબ થઈ હોવાનો અફસોસ

જય દત્તને તાજેતરના વર્ષોમાં ઘણી પાન ઈન્ડિયા ફિલ્મો મળેલી છે. ૨૦૨૫માં સંજય દત્તની બે બિગ બજેટ ફિલ્મો આવી રહી છે. પ્રભાસ સાથે ‘ધ રાજા સાબ’ અને રણવીર સિંહ સાથે ‘ધુરંધર’ હવે રિલીઝ માટે તૈયાર છે. બંને ફિલ્મો એક જ તારીખે બોક્સ ઓફિસ પર ટકરાય તેવી શક્યતા છે. બે બિગ બજેટ ફિલ્મો વચ્ચે સીધી ટક્કરના સંજોગો ઘણી વખત સર્જાતા હોય છે, પરંતુ એક જ એક્ટરની બે ફિલ્મો વચ્ચે સીધા ટકરાવની સ્થિતિ જવલ્લે જોવા મળે છે. સંજય દત્ત પોતે આ બાબતથી નારાજ છે અને બેમાંથી કોઈ એક ફિલ્મની રિલીઝ ડેટ બદલાય તેવું ઈચ્છે છે. ક્સઓફિસ પર સીધી ટક્કરના સંજોગો કોઈ ફિલ્મ માટે લાભદાયી નથી હોતા. સામાન્ય રીતે ફિલ્મ મેકર્સ અંદરખાને સમજૂતી મારફતે આવી સીધી ટક્કર નિવારતા હોય છે. સંજય દત્તની આગામી કન્નડ ફિલ્મ ‘દ્વદ્ધ- ધ ડેવિલ’ના ટીઝર લોન્ચની ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે સંજય દત્તને ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ વચ્ચે સીધી ટક્કર અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. સંજય દત્તે જણાવ્યું હતું કે, ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ બંને ફિલ્મમાં અલગ-અલગ પ્રકારના રોલ છે. બંને ફિલ્મ વચ્ચે ટકરાવ ન થાય તેવી ઈચ્છા છે અને કદાચ તેવું જ થશે. જો કે દરેક ફિલ્મની પોતાની નિયતી હોય છે. સંજય દત્તની પહેલી તેલુગુ ફિલ્મ પ્રભાસ સાથેની ‘ધ રાજા સાબ’ છે. નવા ક્ષેત્રમાં ખેડાણ અંગે સંજય દત્તે કહ્યું હતું કે, આ ફિલ્મમાં કામ કરી રહ્યા હોવાથી તેઓ તેલુગુ શીખી રહ્યા છે. પ્રભાસ જોરદાર એક્ટરની સાથે અદભૂત વ્યક્તિ છે. તે બહુ બધુ ખવડાવે છે. ચિરંજીવીએ તેલુગુમાં મુન્નાભાઈ બનાવી હતી. તેમની સાથે પણ નિકટના સંબંધ છે. બોલિવૂડ અને તેલુગુ ઈન્ડસ્ટ્રીની સરખામણી કરતાં સંજય દત્તે કહ્યું હતું કે, બોલિવૂડમાંથી પેશન ખોવાઈ ગઈ છે અને તે પાછી લાવવાની ઈચ્છા છે. સારી ફિલ્મો બનાવવાની તાલાવેલી હવે જોવા મળતી નથી. બોલિવૂડમાં બધું આંકડા પર નિર્ભર રહેતું હોય છે અને આ સ્થિતિ બદલાવી જોઈએ. ‘ધુરંધર’માં સંજય દત્ત અને રણવીર સિંહ ઉપરાંત આર માધવન, અર્જુન રામપાલ અક્ષય ખન્ના જેવા જાણીતા કલાકારો છે.

# રજનીકાંતની ‘કૂલી’ની મૂંઝવણઃ રિલીઝ અને OTT વચ્ચે કેટલો ગેપ રાખવો?

### જો ‘કૂલી’ને ચાર અઠવાડિયા વહેલી રિલીઝ કરાય તો, ડિજીટલ રાઇટ્સના ૧૫ કરોડ વધારે મળી શકે

રજનીકાંતની કોઈ ફિલ્મ આવવાની હોય ત્યારે તેના ફેન્સ ઘણા ઉત્સાહમાં હોય છે, અને તેમની ફિલ્મનો પહેલો શો સવારે ૬ વાગ્યે હોય તો પણ તેમના પ્રસંશકો ઢોલ નગારાં સાથે તહેવાર જેવી ઉજવણી થતી હોય છે. હવે ફરી તેમની એક્શન થ્રિલર ફિલ્મ ‘કૂલી’ આવી રહી છે, જે લોકેશ કનગરાજ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, આ ફિલ્મના કેમિયો અને રોલ અંગે આ ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા છે. આ ફિલ્મમાં જે પ્રકારે મોટી કાસ્ટ સાથે મોટું બજેટ છે, તેના કારણે ફિલ્મ તમિલ સિનેમા માટે ગેમ ચેન્જર સાબિત થાય એવું છે. જોકે, આ ફિલ્મના પ્રોડ્યુસર સન પિક્ચર્સ હાલ એક અલગ મુશ્કેલીમાં મુકાયું છે. તેઓ આ ફિલ્મને ઓટીટી પર ચાર અઠવાડિયા પછી રિલીઝ કરવી કે આઠ અઠવાડિયા પછી તેની વિમાસણમાં ફસાયા છે. આ બંને વિકલ્પોમાં નોંધપાત્ર આર્થિક નફો અને નુકસાન તેમજ તેનાં ભવિષ્યના પરિણામો પર અસર જેવી બાબતો સંકળાયેલી છે.

છેલ્લાં ઘણા સમયથી મલ્ટિપ્લેક્સ એસોસિએશન અને ડિસ્ટ્રીબ્યુટર દરેક પ્રોડ્યુસર આઠ અઠવાડિયાના નિયમને વળગી રહે તેવો આગ્રહ રાખતા હોય છે. છતાં કેટલીક ફિલ્મ બોક્સ ઓફિસ પર સારી ન ચાલે તો પ્રોડ્યુસર સારી ડીલ લઈને તેમની ફિલ્મને વહેલી ઓટીટી પર રિલીજ કરવાની લાલચમાં આવી જતાં હોય છે. ત્યારે હવે દેશની મોટી મલ્ટિપ્લેક્સ ચેઇન જેવી કે પીવીઆર, આઇનોક્સ તેમજ સિનેપોલિસ ઈચ્છે છે કે રજનીકાંતની આ ફિલ્મની થિએટર રિલીઝ અને ઓટીટી પ્રીમિયર વચ્ચે આઠ અઠવાડિયાનું અંતર જળવાઈ રહે. તેમની દલીલ છે કે, ફિલ્મ થિએટરમાં જેટલી લાંબી ચાલશે, એટલી જ બોક્સ ઓફિસ પર વધુ કમાણી કરી શકશે. કારણ કે જો દર્શકોને ખબર હોય કે આ ફિલ્મ નજીકના ભવિષ્યમાં ઓટીટી પર જોવા મળવાની નથી, તો એ લોકો થિએટરમાં આવવા લલચાશે. આ બાબતે નિયમનું ફરજિયાત પાલન કરવા માટે મલ્ટિપ્લેક્સ ચેઇન દ્વારા કેટલાંક કડક નિયમ બનાવવામાં આવ્યા છે. જે પ્રોડ્યુસર તેમની સાથે સહમત થયા પછી તેનું પાલન ન કરે, તેમના પર દંડ અને નુકસાની ચુકવવી પડે છે.

સ્થિતિ એવી છે કે જે ડિજિટલ પ્લેટફર્મે ‘કૂલી’ ફિલ્મના બધી જ ભાષાઓના અધિકાર મેળવ્યા છે, તેઓ ચાર અઠવાડિયામાં ફિલ્મને રિલીઝ કરવા પર પ્રોડ્યુસરને ૧૩૦ કરોડ રૂપિયા આપવા તૈયાર છે. જો સન પિક્ચર્સ મલ્ટિપ્લેક્સના નિયમ મુજબ ફિલ્મ આઠ અઠવાડિયા પછી રિલીઝ કરે તો તેઓ માત્ર ૧૧૫ કરોડ જ ચુકવશે.

રજનીકાંતની આ ફિલ્મ ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થઈ છે, ત્યારે સન પિક્ચર્સ પણ આવધારાના ૧૫ કરોડ જતાં કરવાની સ્થિતિમાં નથી. સન પિક્ચર્સના આ રોકાણમાં ૫૦ કરોડ જેટલી મહાકાય રકમ તો માત્ર કનગરાજને ફી ચૂકવવામાં જ ખર્ચાઈ ગઈ છે.

અન્ય મહત્વની વાત એ છે કે રિતિક રોશન, કિઆરા અડવાણી અને જુનિયર એનટીઆરની ફિલ્મ ‘વૉર ૨’ બોક્સ ઓફિસ પર ‘કૂલી’ સામે ટક્કર લેવા તૈયાર છે. આ સ્થિતિમાં સન પિક્ચર્સની મુંઝવણમાં વધારો થયો છે. જો ઓડિયન્સ ‘વૉર ૨’ તરફ વળી જાય તો ‘કૂલી’એ ઓટીટી તરફથી મળતા વધારાના ૧૫ કરોડ ઉપરાંત બોક્સ ઓફિસ પર પણ નુકસાનીનો સામનો કરવો પડે. તેથી હવે ટીમ ચાર અઠવાડિયા અને ૮ અઠવાડિયા વચ્ચે વિચાર કરીને કોઈ વચ્ચેનો રસ્તો કાઢવા કોશિશ કરી રહી છે. તેઓ ફિલ્મના એક્ઝિબીટર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ સાથે સતત ચર્ચા વિચારણા કરી રહ્યા છે. આ બંને ફિલ્મ ૧૫ ઓગસ્ટના લાંબા વીકેન્ડનો લાભ લેવા માગે છે. ત્યારે હવે બધો મદાર સન પિક્ચર્સની ટીમના નિર્ણય પર છે, તેઓ બોક્સ ઓફિસ પર ફિલ્મ બાજી જીતી જાય તેની રાહ જોશે કે પછી ઓટીટીમાંથી થાય એટલો નફો મેળવીને પોતાની આર્થિક સ્થિતિ બચાવી લેશે. જો આ ફિલ્મ ચાલી ગઈ તો તે વર્લ્ડ વાઇડ સૌથી વધુ કમાણી કરનારી તમિલ ફિલ્મ બની શકશે એવું પણ સન પિક્ચર્સ વિચારે છે.



ધુરંધર’ અને ‘રાજા સાબ’ વચ્ચે ટક્કરની શક્યતાએ સંજય દત્તની ચિંતા વધારી

સારી ફિલ્મો બનાવવાની તાલાવેલી બોલિવૂડમાંથી ગાયબ થઈ હોવાનો અફસોસ

જય દત્તને તાજેતરના વર્ષોમાં ઘણી પાન ઈન્ડિયા ફિલ્મો મળેલી છે. ૨૦૨૫માં સંજય દત્તની બે બિગ બજેટ ફિલ્મો આવી રહી છે. પ્રભાસ સાથે ‘ધ રાજા સાબ’ અને રણવીર સિંહ સાથે ‘ધુરંધર’ હવે રિલીઝ માટે તૈયાર છે. બંને ફિલ્મો એક જ તારીખે બોક્સ ઓફિસ પર ટકરાય તેવી શક્યતા છે. બે બિગ બજેટ ફિલ્મો વચ્ચે સીધી ટક્કરના સંજોગો ઘણી વખત સર્જાતા હોય છે, પરંતુ એક જ એક્ટરની બે ફિલ્મો વચ્ચે સીધા ટકરાવની સ્થિતિ જવલ્લે જોવા મળે છે. સંજય દત્ત પોતે આ બાબતથી નારાજ છે અને બેમાંથી કોઈ એક ફિલ્મની રિલીઝ ડેટ બદલાય તેવું ઈચ્છે છે.

ઓફિસ પર સીધી ટક્કરના સંજોગો કોઈ ફિલ્મ માટે લાભદાયી નથી હોતા. સામાન્ય રીતે ફિલ્મ મેકર્સ અંદરખાને સમજૂતી મારફતે આવી સીધી ટક્કર નિવારતા હોય છે. સંજય દત્તની આગામી કન્નડ ફિલ્મ ‘દ્વદ્ધ- ધ ડેવિલ’ના ટીઝર લોન્ચની ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે સંજય દત્તને ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ વચ્ચે સીધી ટક્કર અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. સંજય દત્તે જણાવ્યું હતું કે, ‘ધુરંધર’ અને ‘ધ રાજા સાબ’ બંને ફિલ્મમાં અલગ-અલગ પ્રકારના રોલ છે. બંને ફિલ્મ વચ્ચે ટકરાવ ન થાય તેવી ઈચ્છા છે અને કદાચ તેવું જ થશે. જો કે દરેક ફિલ્મની પોતાની નિયતી હોય છે. સંજય દત્તની પહેલી તેલુગુ ફિલ્મ પ્રભાસ સાથેની ‘ધ રાજા સાબ’ છે. નવા ક્ષેત્રમાં ખેડાણ અંગે સંજય દત્તે કહ્યું હતું કે, આ ફિલ્મમાં કામ કરી રહ્યા હોવાથી તેઓ તેલુગુ શીખી રહ્યા છે. પ્રભાસ જોરદાર એક્ટરની સાથે અદભૂત વ્યક્તિ છે. તે બહુ બધુ ખવડાવે છે. ચિરંજીવીએ તેલુગુમાં મુન્નાભાઈ બનાવી હતી. તેમની સાથે પણ નિકટના સંબંધ છે. બોલિવૂડ અને તેલુગુ ઈન્ડસ્ટ્રીની સરખામણી કરતાં સંજય દત્તે કહ્યું હતું કે, બોલિવૂડમાંથી પેશન ખોવાઈ ગઈ છે અને તે પાછી લાવવાની ઈચ્છા છે. સારી ફિલ્મો બનાવવાની તાલાવેલી હવે જોવા મળતી નથી. બોલિવૂડમાં બધું આંકડા પર નિર્ભર રહેતું હોય છે અને આ સ્થિતિ બદલાવી જોઈએ. ‘ધુરંધર’માં સંજય દત્ત અને રણવીર સિંહ ઉપરાંત આર માધવન, અર્જુન રામપાલ અક્ષય ખન્ના જેવા જાણીતા કલાકારો છે.



# બોલિવૂડની કાસ્ટિંગ પ્રક્રિયા હોલિવૂડ જેટલી પારદર્શક નથી

બોલિવૂડ અભિનેતા અલી ફઝલ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનો’નાં પ્રોમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડમાં પ્રસરી રહેલા નેપોટિઝમ પર પોતાના મંતવ્ય ખુલીને વ્યક્ત કર્યા છે. બોલિવૂડ અને હોલિવૂડની કાસ્ટીગ પ્રક્રિયાના ફરક પર ખુલીને વાત કરતા અલીએ કહ્યું કે મને બોલિવૂડમાં નેપોટિઝમથી ખાસ ફરક

નથી પડતો. મારા મતે આ ઈન્ડસ્ટ્રીમાં તેનાથી પણ વધુ મહત્વના મુદ્દા છે. બોલિવૂડમાં રોલ મેળવવા માટે તમારે કોઈ ચોક્કસ સામાજિક કે વ્યવસાયિક વર્તુળમાં હોવું જરૂરી છે, જ્યારે હોલિવૂડમાં વધારે માળખાગત અને એજન્સી આધારિત કાસ્ટિંગ પ્રક્રિયા છે. હોલિવૂડમાં તમામ કલાકારો માટે તકો સુલભ હોય છે અને તેમને સમાન તકો પૂરી પાડવામાં આવે છે.

આલીએ વધુમાં જણાવ્યું કે, બોલિવૂડમાં પણ એજન્સી છે, સાથે ઓળખાણ પણ જરૂરી છે. ઘણાં બધા જુથો છે. જો તમે એક જુથનાં ભાગ છો તો તમને રોલ મળશે, કારણ કે તમે આ જુથનાં છો અને તેમનાં મિત્ર છો. હોલિવૂડમાં એજન્સી સિસ્ટમ છે. સામાન્ય રીતે બધાને સાર્વજનિક રીતે એક કોલ આવે છે. તેથી દરેક એજન્ટ, દરેક મેનેજર તે પ્લેટફોર્મનો સભ્ય છે અને તે પ્લેટફોર્મ પર હવે કોલ આવે છે – “આ પ્રોજેક્ટનું કાસ્ટિંગ થઈ રહ્યું છે. આ ફિલ્મ માટેનો આ સમયગાળો છે. તમારા કલાકારોને તેમાં મોકલવા માટે કહો.” કોઈ પણ એવું કહી શકતું નથી કે મારા અભિનેતાને આ ફિલ્મ મળશે કારણ કે હું એક મોટી કંપની છું અથવા હું એક મોટી એન્ટિટી છું.”

આગળ અલીએ કહ્યું કે હોલિવૂડમાં પણ કેટલીક અન્યાયી પ્રક્રિયા થતી હોય છે, તેમ છતાં એક પારદર્શક તંત્ર છે, જે પુરતી તકો પુરી પાડે છે. અલી કહે છે, “ત્યાં પણ કેટલીક એવી બાબતો હોય છે, પરંતુ એક ચોક્કસ માળખું તો છે. મને લાગે છે, આપણને એનાથી ફાયદો થઈ શકે છે.”

જોકે, અલી ફઝલ માને છે, ધીરે ધીરે બોલિવૂડમાં પણ કાસ્ટિંગ પ્રક્રિયા બદલાશે. “જેમ જેમ આપણે કાસ્ટિંગ ડિરેક્ટર્સની પ્રક્રિયા વધુને વધુ મહત્વ આપીશું, તેમ તેમ તંત્ર બદલાશે. આપણી પાસે પણ જોરદાર કાસ્ટિંગ ડિરેક્ટર્સ છે, નિકિતા ગ્રોવર, દિલિપ શંકર, ટેસ જોસેફ, વૈભવ વિશાંત, એન્ટી કાસ્ટિંગ ટીમ. ઓ લોકો ખરેખર ઘણું સારું કામ કરે છે. મને લાગે છેસ આ તંત્ર એક્ટિંગ સાથે જોડાયેલાં અન્ય લોકોને ઘણી મદદ કરશે. તેથી કોઈ એક પરિવાર માટે કોઈ ચોક્કસ વ્યક્તિ કામ કરે, એ બધી વાતોથી મને ખાસ ફરક પડતો નથી. મને લાગે છે, ઈન્ડસ્ટ્રીમાં તેનાથી પણ મોટાં ઘણા મુદ્દાઓ છે.”

# આશા છે કે, આ વખતે ધારી હતી એવી ફિલ્મ બની જાય

## અનુરાગ બાસુએ આમિર સાથે કિશોર કુમારની ફિલ્મ પર આપી મોટી અપડેટ

અનુરાગ બાસુ મ્યુઝિકલ ફિલ્મ્સ જોનરની ફિલ્મ બનાવવા માટે જાણીતા ડિરેક્ટર છે, જેણે અત્યાર સુધીમાં ‘બર્ફી’, ‘જગ્ગા જાસુસ’, ‘લાઈફ ઈન એ મેટ્રો’ અને તાજેતરતમાં ‘મેટ્રો ઈન દિનો’ જેવી ફિલ્મ બનાવી છે. સાથે જ છેલ્લાં ઘણા સમયથી તે જાણીતા ગાયક કિશોર કુમારની બાયોપિક માટે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. સાથે જ આ રોલ તેણે આમિરને ઓફર કર્યો હોવાની પણ ચર્ચા છે. ત્યારે હવે અનુરાગ બાસુએ અંગે તે આતુર હોવાની વાત કરી છે.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અનુરાગ બાસુએ કિશોર કુમારની ફિલ્મ અંગે વાત કરી હતી, તેણે કહ્યું કે આ ફિલ્મને ઘણા ચડાવ-ઉતારનો સામનો કરવો પડ્યો છે. અનુરાગ બાસુએ કહ્યું, “હું પણ ઉત્સુક છું કે આ



વખતે આ ફિલ્મ બની જાય અને હું છેલ્લા એક દાયકાથી જે વાર્તા કહેવાની કોશિશ કરી રહ્યો છું, તેની સાથે સેટ પર પહોંચી જાય.” અનુરાગ કહે છે, કે તે હવે આ ફિલ્મ વિશે વાત કરીને તેને નજર લગાવવા માગતો નથી. આમિર ખાન આ ફિલ્મ કરે છે કે નહીં તે અંગે અનુરાગે કહ્યું, “જ્યાં સુધી કંઈ ફાઈનલ ન થાય અને કોન્ટ્રાક્ટ સાઈન ન થાય ત્યાં સુધી” આ ફિલ્મ વિશે કશું જ કહી શકાય નહીં.

શરૂઆતમાં કિશોર કુમારના પરિવારે કોપી રાઈટના મુદ્દે વિરોધ કર્યો હોવાથી આ ફિલ્મ હોલ્ડ પર મુકાઈ હતી. ૨૦૧૨માં આ અનુરાગ બાસુની ફિલ્મ બર્ફી પછી તેણે આ ફિલ્મની જાહેરાત કરી હતી. જોકે, ફિલ્મની ટીમ

તરફથી હજુ સુધી કોઈ જાહેરાત થઈ નથી. અનુરાગ બાસુએ આ ઉપરાંત પણ એક ફિલ્મ માટે આમિરને રણબીર કપૂર સાથેની એક ફિલ્મ માટે પણ સંપર્ક કર્યો હતો, પરંતુ એ ફિલ્મ પણ બની શકી નહીં.

# લોર્ડ્ઝ ટેસ્ટ રોમાંચકઃ ભારતને ૧૩૫ રન, ઇંગ્લેન્ડને છ વિકેટની જરૂર

ઓફ સ્પિનર વોશિંગ્ટન સુંદરે શાનદાર બોલિંગનું પ્રદર્શન કરતાં પ્રવાસી ભારતીય ટીમ અહીં રમાઈ રહેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટમાં વિજયની નજીક પહોંચી ગઈ હતી. જોકે તેણે બીજા દાવમાં મહત્વની વિકેટો ગુમાવી દેતાં મેચ રોમાંચક તબક્કામાં આવી ગઈ હતી. રવિવારે ચોથા દિવસે ઈંગ્લેન્ડ તેના બીજા દાવમાં માત્ર ૧૯૨ રન કરી શક્યું હતું. આમ ભારતને જીતવા માટે ૧૯૩ રનન ટારગેટ મળ્યો હતો. રવિવારની રમતના અંત સુધીમાં ભારતે ચાર વિકેટ ગુમાવીને ૫૮ રન કરી લીધા હતા. આમ તેને હજી ૧૩૫ રનની જરૂર છે અને જ્યારે ઈંગ્લેન્ડને છ વિકેટની જરૂર છે. રવિવારની રમતને અંતે લોકેશ રાહુલ ૩૩ રન સાથે રમતમાં હતો. ભારતે ઓપનર જયસ્વાલ, કરુણ નાયર, કેપ્ટન શુભમન ગિલ અને નાઈટ વોચમેન આકાશદીપની વિકેટ ગુમાવી હતી.



અહીંના ઐતિહાસિક લોર્ડ્ઝ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાતી મેચમાં ચોથો દિવસ ભારતીય બોલર્સના નામે રહ્યો હતો. ઈંગ્લેન્ડે વિના વિકેટે બે રનના સ્કોરથી ઈનિંગ્સ આગળ ધપાવી ત્યારે તેની પાસેથી મોટા સ્કોરની અપેક્ષા રખાતી હતી પરંતુ ભારતીય બોલર્સ સામે ગૃહટીમના બેટર્સ શરણે થઈ ગયા હતા. ખાસ કરીને ઓફ સ્પિનર વોશિંગ્ટન સુંદરે વેધક બોલિંગ કરી હતી.

ઈંગ્લેન્ડના બીજા દાવમાં જો રૂટ અને કેપ્ટન બેન સ્ટોક્સે લડાયક બેટિંગ કરી હતી. રૂટે ૯૬ બોલમાં માત્ર એક ચોગ્ગા સાથે અડિખમ બેટિંગનું પ્રદર્શન કરીને ૪૦ રન ફટકાર્યા હતા તો સ્ટોક્સે ૯૬ બોલમાં ૩૩ અને હેરી બ્રુકે ૨૩ રનનું યોગદાન આપ્યું હતું.

ઈંગ્લેન્ડના પૂંછડિયા ખેલાડીઓનો ધબડકો થયો હતો. જોકે તે અગાઉ વોશિંગ્ટન સુંદરે રૂટ, સ્ટોક્સ અને જેમી સ્મિથ એમ ત્રણ અત્યંત મહત્વની વિકેટો ખેરવી દેતાં ઈંગ્લેન્ડ બેકફુટ પર આવી ગયું હતું. સુંદરને સામે છેડેથી જસપ્રિત બુમરાહ સહિતના બોલર્સનો મજબૂત સહકાર સાંપડ્યો હતો. સુંદરે ૧૨.૧ ઓવરમાં માત્ર ૨૨ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. તો બુમરાહ હંમેશની માફક અસરકારક રહ્યો હતો. તેણે અને મોહમ્મદ સિરાઝે બે બે વિકેટ લીધી હતી.

વર્તમાન સિરીઝમાં બંને ટીમે પ્રથમ બે ટેસ્ટમાંથી એક એક મેચ જીતી હોવાથી સ્કોર ૧-૧થી સરભર છે ત્યારે સોમવારે આ મેચ જીતનારી ટીમ પાંચ ટેસ્ટની સિરીઝમાં ૨-૧ની સરસાઈ હાંસલ કરી શકે તેમ છે. આ મેચમાં ઈંગ્લેન્ડે તેના પ્રથમ દાવમાં ૩૮૭ રન નોંધાવ્યા હતા જેની સામે ભારતીય ટીમે પણ ૩૮૭ રન જ કર્યા હતા. આમ બેમાંથી એકેય ટીમને સરસાઈ મળી શકી ન હતી. જોકે લોર્ડ્ઝની પિચ વિકટ બની રહી છે ત્યારે સોમવારની મેચ રોમાંચક બની શકે તેવી અપેક્ષા છે.

# આયર્લેન્ડના ક્રિકેટર પીટર મૂરે ૩૪ વર્ષની વયે નિવૃત્તિ લીધી



આયર્લેન્ડની ક્રિકેટ ટીમના ઓપનિંગ બેટ્સમેન પીટર મૂરે ૩૪ વર્ષની વયે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેણે ત્રણેય ફોર્મેટમાં કુલ ૮૫ મેચ રમી છે. રસપ્રદ બાબત એ છે કે પીટરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બે દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

આઈરીશ ખેલાડી મૂર ૧૯૯૧ની બીજી ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વેના હરારે ખાતે જનમ્યો હતો. તેણે ૨૦૧૪ની ૨૬મી નવેમ્બરે ઝિમ્બાબ્વે તરફથી રમીને બાંગ્લાદેશ સામે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ત્યાર બાદ તે તેણે ઝિમ્બાબ્વે માટે ૨૦૧૭માં ટેસ્ટ તથા ટી૨૦માં પદાર્પણ કર્યું હતું. ૨૦૧૯માં તેને ઝિમ્બાબ્વેના ઉપસુકાની પણ બનાવવામાં આવ્યો હતો અને આ સમયે તેની કારકિર્દીમાં નાટયાત્મક વળાંક આવ્યો હતો. પીટર મૂરેને આઈરિશ પાસપોર્ટ મળ્યા બાદ તેણે આયર્લેન્ડની ટીમમાં સ્થાન મેળવ્યું હતું અને તેણે ઢાકા ખાતે ૨૦૨૩માં ૩૨ વર્ષની વયે આયર્લેન્ડ માટે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યો હતો.

# અંતિમ ટીર૦માં ઇંગ્લેન્ડનો વિજય, ભારત વિમેન્સ સિરીઝ જીતી

ઓપનર ડેનિલી વેઈટ-હોજની અડધી સદી અને સાથી ઓપનર સોફી ડન્કલે સાથેની તેની સદીની ભાગીદારીની મદદથી ઈંગ્લેન્ડની વિમેન્સ ટીમે શનિવારે રાત્રે રમાયેલી પાંચમી ટી૨૦ ક્રિકેટ મેચમાં ભારત સામે પાંચ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. જોકે ભારતે અગાઉથી જ આ સિરીઝ જીતી લીધી હતી. પાંચ ટી૨૦ મેચની સિરીઝમાં સ્કોર ૩-૨થી ભારતની તરફેણમાં રહ્યો હતો. ભારત તરફથી ઓપનર શેફાલી વર્માએ આક્રમક બેટિંગ કરી હતી પરંતુ તેની ઈનિંગ્સ ટીમને સફળતા અપાવી શકી ન હતી.

અહીંના એજબસ્ટન ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ ટી૨૦ ક્રિકેટ મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ભારતે તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઈંગ્લેન્ડ વિમેન્સ ટીમે છેલ્લી ઓવરના છેલ્લા બોલે વિજયી રન ફટકારીને સફળતા હાંસલ કરી હતી. ઈંગ્લેન્ડની ચાર્લી ડીનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી જ્યારે સિરીઝમાં સૌથી વધુ સફળતા હાંસલ કરનારી ભારતીય બોલર શ્રી ચરાણીને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ એનાયત થયો હતો.

ભારતે ત્રીજી ઓવર સુધીમાં અનુભવી સ્મૃતિ મંધાના (૦૮) અને જેમિમાહ રોડ્રિગ્સ (૦૧)ની વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ શેફાલી આક્રમક બેટિંગ કરતી રહી હતી. કેપ્ટન હરમનપ્રિત કૌરે ૧૫ અને રિચા ઘોષે ૧૬ બોલમાં ૨૪ રન ફટકારીને પોતાની રીતે યોગદાન આપ્યું હતું પરંતુ ભારતની ઈનિંગ્સ મહદઅંશે શેફાલી વર્મા પર આધારીત રહી હતી.





શેફાલી વર્માએ માત્ર ૪૧ બોલ રમીને ૧૩ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૧૮૨.૯૩ના સ્ટ્રાઈક રેટથી ૭૫ રન ફટકાર્યા હતા. ઈંગ્લેન્ડ માટે ચાર્લી ડીને ત્રણ અને સોફી એકેલ્સ્ટને બે વિકેટ લીધી હતી.૧૬૮ રનના ટારગેટ સામે રમતાં ઈંગ્લેન્ડે ઝંઝાવાતી પ્રારંભ કર્યો હતો. સોફી ડન્કલે અને ડેનિલી વેઈટે ૧૧મી ઓવર સુધીમાં જ ટીમનો સ્કોર ૧૦૦ ઉપર પહોંચાડી દીધો હતો. ડેનિલીએ ૩૭ બોલમાં ૫૬ અને ડન્કલેએ ૩૦ બોલમાં ૪૬ રન ફટકાર્યા હતા. ઈનિંગ્સના અંત ભાગમાં ભારતીય બોલર્સે થોડી લડત આપી હતી અને મેચ છેલ્લી ઓવરના છેલ્લા બોલ સુધી પહોંચાડી હતી.

# ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે વેસ્ટ ઇન્ડિઝનું પ્રભુત્વ

ઝડપી બોલર શામર જોસેફ અને જેયડન સિએલ્સે બોલિંગમાં તરખાટ મચાવતાં પ્રવાસી ઓસ્ટ્રેલિયન બેટિંગનો શનિવારે ધબડકો થયો હતો. અહીં શરૂ થયેલી ત્રીજી (ડે-નાઈટ) ક્રિકેટ ટેસ્ટમાં પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૨૨૫ રનમાં આઉટ થઈ ગઈ હતી જેની સામે કેરેબિયન ટીમે તેની ઈનિંગ્સનો પ્રારંભ કરીને દિવસની રમતના અંત સુધીમાં એક વિકેટે ૧૬ રન નોંધાવ્યા હતા.



ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસની આ ૨૪મી અને કેરેબિયન ધરતી પર રમાનારી બીજી ડે-નાઈટ ટેસ્ટ હતી. અગાઉ જૂન ૨૦૧૮માં વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા વચ્ચે બ્રિજટાઉન ખાતે આ પ્રકારની ટેસ્ટ રમાઈ હતી.શનિવારે (ભારતમાં રવિવારે સવારે) શરૂ થયેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ વેસ્ટ ઈન્ડિઝે સિરીઝમાં ફરી એક વાર પ્રથમ દિવસની રમત પર અંકુશ મેળવી લીધો હતો. ઝડપી બોલર શામર જોસેફ અને જેયડન સિએલ્સ સામે કાંગારું ટીમના બેટર્સ ખાસ કમાલ કરી શક્યા ન હતા. હકીકતમાં પ્રવાસી ટીમનો એકેય બેટર અડધી સદી સુધી પણ પહોંચી શક્યો ન હતો. ઓપનર ઉસ્માન ખ્વાજા ૨૩ (૯૨ બોલમાં) અને સેમ કોન્સ્ટાસ ૧૭ રનના સ્કોર પર આઉટ થઈ ગયા હતા.કેમરૂન ગ્રીન અને સ્ટિવ સ્મિથે થોડો પ્રતિકાર કરીને ટીમનો સ્કોર ૧૨૯ સુદી પહોંચાડ્યો હતો. સ્મિથે આક્રમક રમત દાખવી હતી. તેણે ૬૬ બોલમાં આઠ ચોગ્ગા સાથે ૪૮ રન ફટકાર્યા હતા તો ગ્રીન તેના સિનિયર સાથી કરતાં બે રન પાછળ હતો પરંતુ તેના ૪૬ રન માટે ગ્રીન ૧૦૮ બોલ રમ્યો હતો. જોસેફ અને જસ્ટિન ગ્રિવ્સે આ દરમિયાન વિકેટો ખેરવી હતી. એલેક્સ કેરી અને કેપ્ટન પેટ કમિન્સે ઈનિંગ્સના અંત ભાગમાં અનુક્રમે ૨૧ અને ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. કમિન્સે ત્રણ સિક્સર ફટકારી હતી.ઓસ્ટ્રેલિયાનો ઝડપી બોલર મિચેલ સ્ટાર્ક શનિવારે વેસ્ટ ઈન્ડિઝ સામેની કિંગ્સ્ટન (જમૈકા)ના સબિના પાર્ક ખાતેની ત્રીજી ટેસ્ટમાં રમવા ઉતર્યો તે સાથે તેણે પોતાની કારકિર્દીની ૧૦૦ ટેસ્ટ પૂરી કરી હતી. આમ કરનારો તે ઓસ્ટ્રેલિયાનો ૧૬મો ક્રિકેટર બન્યો હતો. તે હાલમાં તેની કારકિર્દીમાં ૩૯૬ વિકેટ ઝડપી ચૂક્યો છે. વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સની પહેલી વિકેટ સાથે તે ૩૯૬ના આંક પર પહોંચ્યો હતો. આમ તેને ૪૦૦ વિકેટની સિદ્ધિ માટે હવે ચાર વિકેટની જરૂર છે. ટેસ્ટ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા માટે આ અગાઉ શેન વોર્ન (૭૦૮), ગ્લેન મેકગ્રા (૫૬૩) અને નાથાન લાયન (૫૬૨) એમ ત્રણ બોલર સ્ટાર્ક કરતાં વધુ વિકેટ લઈ ચૂક્યા છે.

# ૧૧૪ વર્ષ બાદ પ્રથમવાર વિમ્બલ્ડન ફાઈનલનું પરિણામ વ્હાઈટવોશમા




વિમ્બલ્ડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની શનિવારે રમાયેલી વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં ઈગા સ્વિયાટેકે એક પણ સેટ ગુમાવ્યા વિના અમાન્ડા એનિસિમોવાને હરાવીને કારકિર્દીમાં પહેલી વાર વિમ્બલડન ટાઈટલ જીત્યું હતું. આ સાથે તેણે અન્ય એક ઈતિહાસ પણ રચ્યો હતો. ૧૧૪ વર્ષ બાદ વિમ્બલડનમાં પહેલી વાર એમ બન્યું હતું કે કોઈ ખેલાડીએ સીધા સેટમાં ફાઈનલ મેચ જીતી હોય.

સ્વિયાટેકને આ વ્હાઈટોશ બદલ એક વિશેષ પુરસ્કાર એનાયત કરાયો હતો. બે સપ્તાહ ચાલેલા સંઘર્ષપૂર્ણ મુકાબલાઓ બાદ તમામની નજર ઈગા સ્વિયાટેક અને એનિસિમોવા વચ્ચેની શનિવારની ની ફાઈનલ પર હતી.

વર્લ્ડ નંબર-૧ આર્યના સાબાલેન્કાને સેમિફાઈનલમાં મહાત આપીને અપસેટ સર્જ્યા બાદ પણ વર્લ્ડ નંબર-૧૩ એનિસિમોવાએ ઈગા સ્વિયાટેક સામેના ૦-૬, ૦-૬ની સ્કોરલાઈન સાથેના ફાઈનલમાં એકતરફી પરાજયથી સૌને ચોંકાવ્યા હતા.

આ વ્હાઈટવૉશ વિમ્બલલડન ઈતિહાસમાં ૧૧૪ વર્ષ બાદ પ્રથમ ઘટના છે. આ અગાઉ ૧૯૧૧માં ડોરોથિયા લેમ્બર્ટ ચેમ્બર્સે બ્રિડ ડોરા બૂથબાય વિરુદ્ધ વ્હાઈટવૉશ કરી જીત મેળવી હતી. ઈગા સ્વિયાટેક પોલેન્ડની પ્રથમ ખેલાડી બની જેણે વિમ્બલડન ટાઈટલ જીત્યું હોય.

૨૦૨૫નીઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતેની ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા બનવા બદલ સ્વિયાટેકને ૩૪.૮૨ કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી હતી. ફાઈનલમાં વ્હાઈટવૉશ કરવા પર તેને ઓલ ઈંગ્લેન્ડ લૉન ટેનિસ ક્લબનું સભ્યપદ પણ મળ્યું હતું. જેથી તેને આજીવન સેન્ટર કોર્ટની ટિકિટ માટે એક્સેસ મળશે. આ ઉપરાંત તેને નિવૃત્તિ બાદ રોયલ બોક્સ માટે વિશેષ એક્સેસ મળશે.

ઈગા સ્વિયાટેક માટે છેલ્લું એક વર્ષ કપરું બની રહ્યું હતું. તે ગયા વર્ષે વોરસો ખાતેના પોતાના નિવાસે આવી ત્યાર બાદ લગભગ એક સપ્તાહ સુધી અજ્ઞાતવાસમાં ચાલી ગઈ હતી અને અંતે માત્ર નજીકના મિત્રોને જ મળવાનું શરૂ કર્યું હતું.

જોકે આ ગાળામાં તે પોતાના સ્વજનો કે મિત્રો સાથે પણ ડોપિંગ મામલે કોઈ ચર્ચા કરતી ન હતી. એ વખતે ડોપિંગને કારણે તેની કારકિર્દી પર જોખમ હતું. શનિવારે ટાઈટલ જીત્યા બાદ તેણે જણાવ્યું હતું કે દેખીતી રીતે જ મારા દિમાગમાં માત્ર ડોપિંગના જ વિચારો ચાલતા રહેતા હતા. મારે તેમાંથી બહાર આવવાનું હતું. મેં એમ વિચાર્યું હતું કે આ બાબત સિવાય પણ દુનિયામાં ઘણું બધું ચાલી રહ્યું છે. આમ મેં મારા પરિવાર તથા મિત્રો સાથે ખૂલીને વાતો કરવાનું શરૂ કરી દીધું. કોચને બદલી નાખ્યો અને કોચિંગની સ્ટાઈલ પણ બદલી નાખી. આ દરમિયાન તેના ટાઈટલનો દુકાળ લંબાયો અને સાથે સાથે વર્લ્ડ રેન્કિંગમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો તો તે જ સમયે તેના દાદાનું નિધન થયું હતું. આ તમામમાંથી બહાર આવીને સ્વિયાટેકે વિમ્બલડન ખાતે સફળતા મેળવી હતી અને ઈતિહાસ પણ રચ્યો હતો.


# લિવરપૂલે ડિયોગોના ૨૦ નંબરને રિટાયર્ડ કર્યો

ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ ક્લબ લિવરપૂલે તેના પોર્ટુગલના ખેલાડી ડિયોગો જોટાની જર્સી નંબરને હવે રિટાયર્ડ કરી દીધો છે. તેનો અર્થ એ થયો કે લિવરપૂલ માટે હવે ભવિષ્યમાં રમનારો કોઈ ખેલાડી આ જર્સી નંબર ધારણ કે પસંદ કરી શકશે નહી. ઈંગ્લિશ પ્રીમિયર લીગના ઈતિહાસમાં પહેલી વાર કોઈ ખેલાડીને આ પ્રકારનું સન્માન આપવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક કાર અકસ્માતમાં ડિયોગો તથા તેના ભાઈનું ઘટનાસ્થળે જ નિધન થયું હતું. કલબે તેના જર્સી નંબર ૨૦ ને હવે નિવૃત્ત કરી દીધી છે. ક્લબમાં કોઈ પણ સ્તરે કોઈ પણ ખેલાડી આ નંબરનો ઉપયોગ કરી શકશે નહી.

પોર્ટુગલના ઈન્ટરનેશનલ ખેલાડી અને ૨૮ વર્ષીય ડિયોગો તથા તેના ભાઈ આન્દ્રે સિલ્વા (શૂટબોલ પ્લેયર)નું સ્પેનના સિટી જયોરા નજીક એક માર્ગ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. આ ઘટના ત્રીજી જુલાઈએ બની હતી.

પ્રીમિયર લીગની ક્લબે જણાવ્યું હતું કે આ નંબર ખુદ ડિયોગોએ પણ ગર્વ સાથે ધારણ કર્યો હતો. તેણે ૨૦ નંબરની જર્સી સાથે અમને ઘણી સફળતા અપાવી હતી. તે હંમેશાં કલબ માટે ૨૦ નંબરનો ખેલાડી રહેશે. ડિયોગોએ લિવરપૂલ માટે ૧૨૩ મેચમાં ૪૭ ગોલ કર્યા હતા અને તે પ્રીમિયર લીગ, એફએ કપ અને ઈંગ્લિશ લીગ જીતનારી ટીમનો હિસ્સો રહ્યો હતો. તે પોર્ટુગલ માટે ૪૯ મેચ રમ્યો હતો. જેમાં ૧૪ ગોલ કર્યા હતા. તે ૨૦૧૯ અને ૨૦૨૫માં યુએફા નેશન્સ લીગ કપ જીતનરી ટીમનો પણ સદસ્ય રહ્યો હતો.




# બોક્સિંગ સંઘની ચૂંટણીમાં વિલંબ અંગે આઇઓએએ તપાસ સમિતિ રચી

ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન ના પ્રમુખ પીટી ઉષાએ બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ની ચૂંટણીઓ યોજવામાં લાંબા વિલંબના કારણો શોધવા અને નિષ્પક્ષ અને સમયસર ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે રોડમેપની ભલામણ કરવા માટે ત્રણ સદસ્યની તથ્ય-શોધ સમિતિની રચના કરી છે.

શુક્રવારે રચાયેલી આ સમિતિની અધ્યક્ષતા IOA ના ખજાનચી સહદેવ યાદવ કરે છે, જેમાં IOA એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય ભૂપેન્દ્ર સિંહ બાજવા અને એડવોકેટ પાયલ કાકરા સભ્યો તરીકે છે. BFI ની વર્તમાન એક્ઝિક્યુટિવ કમિટીનો કાર્યકાળ બીજી ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો અને ત્યારથી નવી ચૂંટણીઓ યોજાઈ નથી,'' તેમ પીટી ઉષાએ ૧૧મી જુલાઈએ રોજ IOA ના એક આદેશમાં જણાવ્યું હતું.આદેશ મુજબ પેનલ "BFI ની વર્તમાન કાનૂની અને વહીવટી સ્થિતિની તપાસ કરશે અને ભારતમાં બોક્સિંગના શાસન અને કામગીરી પર વિલંબના પરિણામોનું મૂલ્યાંકન કરશે.'' તે "વર્લ્ડ બોક્સિંગ સાથે જોડાણ સહિત જરૂરી પગલાં લેવાની ભલામણ પણ કરશે અને નિષ્પક્ષ અને સમયસર ચૂંટણીઓ યોજવા માટે સ્પષ્ટ રોડમેપ સૂચવશે.'' સમિતિને આ માટે એક સપ્તાહમાં તેનો અહેવાલ રજૂ કરવા કહેવાનું આવ્યું છે, જેથી વાસ્તવિક સ્થિતિ વર્લ્ડ બોક્સિંગ સમક્ષ રજૂ કરી શકાય.''અગાઉ રમત મંત્રાલયે પાંચમી જુલાઈએ પાઠવેલા પત્રમાં ઉષાને વિનંતી કરી હતી કે "નેશનલ સ્પોર્ટ્સ કોડ, ૨૦૧૧ અને BFI ના પેટા કાયદાઓ અનુસાર વહેલી તકે ચૂંટણીઓ યોજવા માટે વર્લ્ડ બોક્સિંગ સાથે પરામર્શ કરીને યોગ્ય માર્ગપ્રદાન કરતી એક પદ્ધતિ તૈયાર કરે.'' ઉષા ગયા મહિને લુસાનેમાં વર્લ્ડ બોક્સિંગ પ્રમુખ બોરિસ વાન ડેર વોર્સ્ટને પણ મળી હતી.BFIના સમિતિની સ્થાપના કરી હતી જેનો કાર્યકાળ ૯૦ દિવસનો હતો.ગયા સપ્તાહે તેણે સમિતિનો કાર્યકાળ લંબાવ્યો અને પેનલને ૩૧મી ઓગસ્ટ સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા વિનંતી કરી હતી. રસપ્રદ વાત એ છે કે પી ટી ઉષાએ તથ્ય શોધક પેનલની જાહેરાત કરી છે પરંતુ તેમણે હજુ સુધી BFI વચગાળાની



અગાઉના પદાધિકારીઓનો કાર્યકાળ બીજી ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો. શરૂઆતમાં ચૂંટણી ૨૮મી માર્ચે યોજાવાની હતી પરંતુ ત્યારથી કાનૂની ઝઘડાઓને કારણે પ્રક્રિયા અટકી ગઈ છે, જેમાં અનેક અપીલો અને પ્રતિ-અપીલોનો સમાવેશ થાય છે.સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની વહીવટી સાતત્ય અને દેખરેખ સુનિશ્ચિત કરવા માટે વર્લ્ડ બોક્સિંગે સાતમી એપ્રિલે અજય સિંહના નેતૃત્વમાં છ સભ્યોની વચગાળાની સમિતિના અંતિમ સભ્યનું નામાંકન કર્યું નથી.BFIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને વચગાળાની સમિતિના સભ્ય અરુણ મલિકે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સમિતિ "આપેલી સમયમર્યાદામાં મુક્ત અને ન્યાયી ચૂંટણી કરાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. તે જ સમયે એ વાતની પુષ્ટિ કરવી મહત્વપૂર્ણ છે કે રાષ્ટ્રીય ફેડરેશનની સ્વાયત્તતા વિશ્વ સંસ્થા દ્વારા નિર્ધારિત માળખા દ્વારા સંચાલિત થાય છે.''



ચિડિયાકુઈ મંડળ દ્વારા બેગમપુરા ચિડિયા કુઈ સ્થિત બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં અક્ષય સુરતી, પ્રતિક સરસીયા, નિતીન ઈચ્છાપોરીયા, મેહુલ ડુમસીયાએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વકતાણા હળપતીવાસ રોડ પર પેચ વર્ક પૂર્ણ થયું

## માર્ગનું સમારકામ થતા વાહન વ્યવહાર થયો સરળ

સુરત, તા.૧૪

સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદના કારણે અનેક સ્થળે માર્ગ ક્ષતિગ્રસ્ત બન્યાં છે. જેથી પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી કે.ડે.પટેલ અને પંચાયત મા.મ.પેટા વિભાગ, ચોર્યાસીના નાયબ કાર્યપાલક ઈજનેર યોગેશકુમાર વર્મા નિગરાનીમાં જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન પેટા વિભાગ-ચોર્યાસી દ્વારા યુદ્ધના ધોરણે તાત્કાલિક મરામત કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન પણ લોકોના દૈનિક પરિવહન અને વાહનવ્યવહારમાં કોઈ વિઘ્ન ન આવે તે હેતુથી તંત્ર સતત કામગીરીમાં વ્યસ્ત છે. તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ મેટલ પેચ, બી.એસ.જી. પેચ, પેવર બ્લોક પેચ, તેમજ કોલ્ડ મીક્ષ અને સિમેન્ટ કોંક્રિટ મટીરીયલના ઉપયોગથી રસ્તાઓની અસરકારક રીતે દુરસ્ત કામગીરી કરવામાં આવી રહી છે. ખાસ કરીને ચોર્યાસી તાલુકાના વકતાણા હળપતીવાસ રોડ પર આજ રોજ પેચ વર્ક સફળતાપૂર્વક પૂર્ણ કરાયો છે. આ કામગીરીથી ગામલોકો અને આસપાસના શહેરી વિસ્તારોના વાહનચાલકો માટે પરિવહન વ્યવસ્થામાં સુગમતા આવી છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે ટૂંક સમયમાં જે જગ્યાઓએ રસ્તાઓ હજુ ક્ષતિગ્રસ્ત છે ત્યાં પણ કાર્ય હાથ ધરાશે અને બાકી રહેલી મરામત કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવામાં આવશે.

# આઇકોનિક રોડ પાસે પ્રાઈવેટ કલવર્ટ દુર કરવાની કામગીરી



નવો પૂર્વ(સરથાણા) ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા-સીમાડા) માં ૬૦.૦૦ મીટર નો આઇકોનિક રસ્તા ઉપર શિવપ્લાઝા રેસીડેન્સી પાસે પાસોદરા-કઠોદરા તરફથી આવતી ખાડી પર વર્ષો જુનો પાઇપ કલવર્ટ આવેલ છે. સદરહુ કલવર્ટ જર્જરીત હાલતમાં હોય તેને સુરક્ષા કારણોસર વાહન વ્યવહાર માટે સુરત મહાનગરપાલિકા દ્વારા બંધ કરવામાં આવેલ. આજરોજ સદરહુ કલવર્ટને તોડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

# ૧૦૦ વાહનોના કાફલા સાથે ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયા ગાંધીનગર પહોંચ્યા

## ગાંધીનગરમાં ગોપાલ ઈટાલીયાની પ્રતિક્ષા કરતા અમૃતિયા

ગાંધીનગર, તા.૧૪

મોરબી અને વિસાવદરના ધારાસભ્ય દ્વારા છેલ્લા દિવસોથી ચેલેન્જની રાજનીતિ કરવામાં આવી રહી છે દરમિયાન કાંતિભાઈએ કહ્યું હતું કે જો ગોપાલ ઈટાલીયા પોતાનું રાજીનામું મુકવા માટે આવે તો તે પણ રાજીનામું આપશે અને મોરબી ની બેઠક ઉપર જ્યારે ચૂંટણી આવે ત્યારે બંને સામસામે ચૂંટણી લડીએ અને તે ચેલેન્જને પૂરી કરવા માટે થઈને આજે ગાંધીનગર જવા માટે કાંતિભાઈ અમૃતિયા રવાના થયા છે અને તેઓની સાથે તેના સમર્થકો ૧૦૦ ગાડીના કાફલા સાથે જઈ રહ્યા છે.

છેલ્લા ઘણા સમયથી મોરબી વિધાનસભાની બેઠક તેમજ મોરબીના ધારાસભ્ય અને વિસાવદરના ધારાસભ્ય સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યા છે કારણ કે તાજેતરમાં યોજાયેલ વિધાનસભા ની પેટા ચૂંટણીમાં વિસાવદર બેઠક ઉપર ગોપાલ ઈટાલીયાનો વિજય થયા બાદ મોરબીની અંદર છેલ્લા સપ્તાહમાં ચારથી પાંચ જુદા જુદા વિસ્તારોમાં જે આંદોલનો કરવામાં આવ્યા તે આંદોલનો માં અવારનવાર વિસાવદર વાળી થશે, વિસાવદર વાડી થશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવતી હતી જેથી કાંતિભાઈ અમૃતિયા દ્વારા મોરબીની બેઠક ઉપર ગોપાલ ઈટાલીયા ચુંટણી લડવા માટે આવે તો તે રાજીનામું મૂકશે અને જો ગોપાલ ઈટાલીયા અહીંથી ચૂંટણી જીતી જાય તો તે તેને બે કરોડ રૂપિયાનું ઈનામ આપશે તેવી ચેલેન્જ કરવામાં આવી હતી. ત્યારબાદ ગોપાલ ઈટાલીયા એ પણ કાંતિભાઈની ચેલેન્જ સ્વીકારી હોય તે પ્રકારનો વિડીયો સોશિયલ મીડિયામાં મૂક્યો હતો અને આ ચેલેન્જની રાજનીતિ શરૂ થઈ હતી.

# મેટ્રો રેલ કોર્પોરેશને સુરત શહેરમાં મેટ્રોને સમાંતર માર્ગોનું ઝડપી સમારકામ કરાયું

## ૭,૬૧૫ સ્ક્વેર મીટર વિસ્તારમાં પુરાણ અને સમારકામ કરી રોડ પરથી ૪૭૭ ખાડા દૂર કરાયા

સુરત, તા.૧૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ - રસ્તાઓના ઝડપી સમારકામ માટે સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા બાદ રાજ્યભરમાં રોડ-રસ્તા સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં ગ્રામીણ અને શહેરી રોડ તેમજ સ્ટેટ હાઈવે તથા નેશનલ હાઈવેનું સમારકામ પણ ઝડપભેર થઈ રહ્યું છે. રાજ્યના અન્ય શહેરોની જેમ સુરત શહેરમાં પણ વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ-રસ્તાના રિપેરિંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સુરતમાં મેટ્રો ટ્રેન રૂટને સમાંતર આવેલા રોડ રસ્તાઓમાં જ્યાં વરસાદી પાણીથી નુકસાન થયું છે તે દરેક જગ્યાએ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા રોડ મેન્ટેનન્સ અને રિપેરિંગ કામ હાથ ધરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી એ. એસ. બિસ્તના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં સુરતમાં મેટ્રો ટ્રેન રૂટને સમાંતર આવેલા રોડ- રસ્તાઓ પરના ૪૭૭ ખાડાઓ પૂરી દેવામાં આવ્યા છે. લગભગ ૭,૬૧૫ સ્ક્વેર મીટર વિસ્તારમાં પુરાણ અને સમારકામ કરીને આ ખાડાઓ દૂર કરવામાં આવ્યા છે. મેટ્રો રૂટ અંતર્ગત આવતા જમીની માર્ગો પરથી ખાડા દૂર કરવાનું ૯૪% જેટલું કામ પૂરું કરી દેવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મેટ્રો રૂટને સમાંતર અઢી કિલોમીટર જેટલા રસ્તા પર રોડને રિસર્ફેસ કરવામાં આવ્યા છે. હોટ મિક્સ અને પેવર ફિનિશરના ઉપયોગથી આ રસ્તાનું રિસર્ફેસિંગ કરાયું છે. તેમણે ઉમેર્યું કે મેટ્રો રૂટને સમાંતર માર્ગો પર દિવસે વાહનોનો ટ્રાફિક હોવાને કારણે રસ્તાનું સમારકામ માત્ર રાતે કરવામાં આવે છે. બાકીનું કામ આગામી ચાર દિવસમાં પૂરું થઈ જશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા માર્ગોનું ઝડપી સમારકામ અને રિસર્ફેસિંગની કામગીરીથી સુરત શહેરના માર્ગો વધુ સલામત અને સુગમ બન્યા છે. વરસાદ દરમિયાન વાહન વ્યવહાર પણ સરળ બની રહેશે. મેટ્રો પ્રોજેક્ટના નિર્માણકાર્ય દરમિયાન માર્ગો પર થયેલા ઘસારા કે નુકસાનને પહોંચી વળવા માટે GMRC રોડ રિપેરિંગની પ્રક્રિયા સતત કરે છે, આ ઉપરાંત વરસાદી પાણીને કારણે થયેલા ખાડા દૂર કરવાનું અને ધોવાઈ ગયેલા રોડ રસ્તાને રિપેર કરવાનું કામ પણ ફ્લ્ઈઝ યુદ્ધના ધોરણે કરી રહ્યું છે. GMRCની આ પ્રતિબદ્ધતા સુરતને વધુ આધુનિક અને લીવેબલ શહેર બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

# સુરત રેલ્વે સ્ટેશનનો સબ-વે તાત્કાલિક શરૂ કરવા માંગણી

## પેસેન્જર વેલ્ફેર એસો. દ્વારા ડિવિઝનલ મેનેજરને આવેદન પાઠવ્યું

સુરત, તા.૧૪

રોજબરોજ લાખો મુસાફરો માટે મહત્વના સુરત રેલવે સ્ટેશન પર મુસાફરી દરમિયાન પડતી મુશ્કેલીઓને લઈને વેસ્ટર્ન રેલવે વેલફેર પેસેન્જર એસોસિએશન દ્વારા ડિવિઝનલ રેલ્વે મેનેજર, પશ્ચિમ રેલવે, મુંબઈ ડિવિઝનને લેખિત આવેદન પાઠવાયું છે. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, હાલમાં સુરત રેલવે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નં. ૨ ૩ અને ૪ પરથી બહાર નીકળવા માટે કે અન્ય પ્લેટફોર્મ પર જવા માટે માત્ર પ્લેટફોર્મ નં. ૧ પર આવેલા બે ફૂટ ઓવરબ્રિજ (FOB) નો જ સહારો લેવામાં આવે છે. જેના કારણે ટ્રેન આવતા સમયે ભારે ભીડ સર્જાય છે અને મુસાફરોને આ અવરજવરમાં તકલીફનો સામનો કરવો પડે છે. વિશેષ કરીને વડીલ, દિવ્યાંગ, ગર્ભવતી મહિલાઓ તથા નાના બાળકો માટે આ પરિસ્થિતિ ખૂબજ મુશ્કેલ અને જોખમભરી બની રહે છે. સુરત સ્ટેશન પર પ્લેટફોર્મ નં. ૨ અને ૩ માટે જે સબવે તૈયાર છે, તે છતાં પણ તે બંધ અવસ્થામાં છે. જો તે સબવે કાર્યરત કરવામાં આવે તો મુસાફરો માટે વધુ સુવિધા, સલામતી અને સરળતા ઉપલબ્ધ થશે. એસોસિએશન દ્વારા રેલવેને સારી રીતે જણાવાયું છે કે સુરત રેલ્વે સ્ટેશન ખાતે અંદાજે ૩૫૦૦૦ થી વધુ મુસાફરો આ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે, ત્યારે માત્ર બે FOB પૂરતા નથી. આ કારણોસર સબવેને તાત્કાલિક ચાલુ કરવા વિનંતી કરવામાં આવે છે. એટલું જ નહીં, ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની દુર્ઘટનાને અવકાશ ન રહે તે માટે આ પગલું ખૂબ જ આવશ્યક અને જનહિતમાં અગત્યનું છે.

# નદી પટ અને ખાડી તટે ગેરકાયદે દબાણો તાકીદે તોડી પાડવા માંગણી

## વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાતા લોકોને ભારે આર્થિક નુકશાન થાય છે : દર્શન નાયક

સુરત, તા.૧૪

સુરત શહેર અને જિલ્લાના વિસ્તારમાં માનવ સર્જિત ગેરકાયદેસર અવરોધો દૂર કરી વરસાદી પાણીનાં નિકાલ માટે તત્કાલ કાર્યવાહી કરવા બાબત તેમજ સુરત જિલ્લાના વહીવટી તંત્ર અને સિચાઈ વિભાગના જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરી તેમની સામે દાખલો બેસે એવી કાર્યવાહી કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, હાલમાં જ સુરત શહેર અને જિલ્લામાં પડેલ વરસાદનાં કારણે સમગ્ર સુરત શહેર અને જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે પાણી ભરાવો થવાની ગંભીર પરિસ્થિતિ નું નિર્માણ થવા પામેલ હતું.જેને કારણે અનેક અસરગ્રસ્તોને ઘર વખરી અને આર્થિક નુકસાન થવા પામેલ હતું અને સામાન્ય નાગરિકોને હેરાનગતિ થવા પામેલ હતી.વરસાદી પાણીના ભરવાના કે કારણે સમગ્ર સુરત અને જિલ્લાના લોકો ત્રાહિમામ પુકારી ગયેલ હતા.જેના માટે કોઈ જવાબદાર હોય તો સુરત જિલ્લાનું વહીવટી તંત્ર છે! કેમ કે અમો સહિતના જવાબદાર આગેવાનો અને ખેડૂતોની વારંવારની રજૂઆતને દયાને લીધેલ ન હતી તેમજ નામદાર હ્ક્ દ્વારા પિટિશન નં.૧૬/૨૦૨૦ માં તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હુકમ નું પાલન કરાવવામાં સુરત જિલ્લાનું વહીવટી તંત્ર નિષ્ફળ જવા પામેલ છે. જેને કારણે સુરત શહેર અને જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવો થવાની પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ હતું . સુરત જિલ્લાની વાત કરી તો કીમ નદી ,સેના ખાડી ,તેના ખાડી ,મીઢોણા નદી સહિતના કુદરતી પાણી નિકાલની વ્યવસ્થા છે ,તેમાં ગેરકાયદેસર દબાણ કરી પાણી નિકાલ ની વ્યવસ્થામાં અવરોધ ઊભો કરવામાં આવેલ છે. આજે પણ વરસાદી પાણીના કુદરતી નિકાલની વ્યવસ્થામાં બિલ્ડરો દ્વારા દબાણ કરી દેવામાં આવેલ છે અને સરકારી જમીનમાં ગેરકાયદેસર અને બિનધિકૃત ઝીંગા તળાવો બનાવી અવરોધ ઊભો કરવામાં આવેલ છે,તે દૂર કરવામાં આવેલ નથી.ખાસ કરીને ઓલપાડમાં દરિયાના કાંઠા વિસ્તારમાં તેમજ સેના અને તેના ખાડી ની આજુબાજુના વિસ્તારમાં આજે પણ હજારો એકર સરકારી જમીનમાં બિનધિકૃત ઝીંગા તળાવો કાર્યરત છે. ઓલપાડ પ્રાંતશ્રી અને મામતદારશ્રીને વારંવાર રજૂઆત કરવા છતા દર વર્ષે માત્ર નામ પૂરતી જ કાર્યવાહી કરી નાગરિકોની રજૂઆતોનો નિકાલ કરી દેવામાં આવે છે.આજ રીતે ચોર્યાસી અને મજૂરા તાલુકાના દરિયાઈ વિસ્તારમાં પણ આ બિનધિકૃત ઝીંગા તળાવો કાર્યરત છે.

### રાજસ્થાન અને

પહેલા પાનાનું ચાલુ

યુપીના ડેમ છલકાઈ ગયા છે. લલિતપુરના ગોવિંદ સાગર બંધના ૧૭ દરવાજા ખોલવામાં આવ્યા છે. વારાણસીમાં ગંગા નદીમાં પૂર આવ્યું છે. જળસ્તર પ્રતિ કલાક ૨ સેન્ટિમીટરના દરે વધી રહ્યું છે. રત્નેશ્વર મહાદેવ મંદિર ૮૦ ટકા પાણીમાં ડૂબી ગયું છે. તેમજ, વીજળી પડવાથી ભગવાન બુદ્ધની ૮૦ ફૂટ ઊંચી પ્રતિમાનું શિખર નુકસાન થયું હતું.હિમાચલ પ્રદેશમાં, ૨૦ જૂનથી ૧૩ જુલાઈ સુધી ચોમાસાના પ્રવેશથી વરસાદ, પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૯૮ લોકોનાં મોત થયા છે. અત્યાર સુધીમાં ૭૭૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ૯૦થી વધુ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. ૧૫૦ રસ્તા હજુ પણ બંધ છે.રાજધાની દિલ્હીમાં આજે સવારે અચાનક હવામાન બદલાઈ ગયું છે. ખરાબ હવામાનને કારણે, દિલ્હી એરપોર્ટે મુસાફરો માટે એડવાઈઝરી જારી કરી છે.એરપોર્ટ પ્રશાસને જણાવ્યું હતું કે તેમની ટીમો મુસાફરોની મુસાફરીને સુરક્ષિત અને સરળ બનાવવા માટે તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહી છે. મુસાફરોને એરપોર્ટ સુધી પહોંચવા માટે મેટ્રો જેવા વૈકલ્પિક માધ્યમોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે જેથી સમયસર પહોંચી શકાય.

### આંધ્રપ્રદેશમાં ટ્રક પલટી

પહેલા પાનાનું ચાલુ

વેંકટ સુબ્બમ્મા (૩૭), ચિત્તામ્મા (૨૫) અને સુબ્બા રત્નમ્મા (૪૫) તરીકે થઈ છે. અકસ્માતમાં ૧૦ કામદારો ઘાયલ થયા હતા અને તેમને રાજમપેટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેટલાક કામદારોની હાલત ગંભીર હોવાથી તેમને કડપા રિમ્સ મોકલવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશના પરિવહન મંત્રી મંડીપલ્લી રામપ્રસાદ રેડ્ડીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. પરિવહન મંત્રીએ મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. મંત્રીએ અધિકારીઓને ઘાયલોની સારી સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. તેમણે અધિકારીઓ સાથે અકસ્માતના કારણો વિશે પણ વાત કરી અને આવા અકસ્માતો ફરી ન બને તે માટે જરૂરી પગલાં લેવા જણાવ્યું. જિલ્લા પ્રભારી મંત્રી બી.સી. જનાર્દન રેડ્ડીએ પણ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે સરકાર પીડિતોના પરિવારોને શક્ય તેટલી મદદ પૂરી પાડશે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ વાય.એસ. જગન મોહન રેડ્ડીએ પણ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે સરકારને ઘાયલોને સારી સારવાર અને મૃતકોના પરિવારોને આર્થિક મદદ કરવા વિનંતી કરી.

### મોદી નિવૃત્ત

પહેલા પાનાનું ચાલુ

બેલુર ગોપાલકૃષ્ણે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, જો PM મોદી ૭૫ વર્ષની ઉંમરે ભાગવતના નિવેદન મુજબ પદ છોડે છે, તો નીતિન ગડકરીને આગામી PM બનાવવા જોઈએ. ગડકરી વડાપ્રધાન પદ માટે યોગ્ય પસંદગી રહેશે. કારણકે, ગડકરીને દેશના ગરીબ લોકોની ચિંતા વધુ છે.ભાજપે બીએસ યેદિયુરપ્પાને ૭૫ વર્ષના થયા પછી રાજીનામું આપવા દબાણ કર્યું હતું. ત્યારે તેમની આંખો આંસુઓથી છલકાઈ આવી હતી. હવે ભાજપે આરએસએસના વડાની ઈચ્છાનું સન્માન કરવું જોઈએ અને વડાપ્રધાન પદ માટે પણ આ જ ફોર્મ્યુલા લાગુ કરવી જોઈએ.એક બાજુ દેશમાં ગરીબ લોકોની સંખ્યા વધી રહી છે. અમીર વધુ ધનવાન બની રહ્યા છે. દેશની સંપત્તિ થોડા લોકોના હાથમાં જઈ રહી છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખી નીતિન ગડકરીને વડાપ્રધાન બનાવવા જોઈએ. ભાજપ હાઈકમાન્ડે આ વિશે વિચારવું જોઈએ.

### સ્મશાનમાં

પહેલા પાનાનું ચાલુ

મળતી માહિતી મુજબ, રાહુલ વાલ્મીકીએ સ્મશાનની ઝાડીઓ વચ્ચે પોતાની કાર પાર્ક કરી હતી અને ત્યાં એક પરિણીત મહિલા સાથે આવ્યો હતો. શંકા જતાં, કેટલાક ગ્રામજનો ઝાડીઓ તરફ ગયા અને નેતાને અર્ધ નગ્ન અવસ્થામાં જોયા. ગ્રામજનો તરત જ કારની નજીક ગયા અને વીડિયો બનાવવાનું શરૂ કર્યું.

ગામલોકોએ કારની બારી ખોલતા જ રાહુલ વાલ્મીકી ગભરાઈ ગયા અને તરત જ માફી માંગવા લાગ્યા. તેમણે હાથ જોડીને ગામલોકોને કહ્યું, ભાઈ, હું તમારા પગે પડું છું, વીડિયો ન બનાવો. તે જ સમયે, તેમની સાથે હાજર મહિલાએ શાલથી પોતાનો ચહેરો છુપાવી દીધો. ઘટના બાદ, આખા ગામમાં રોષનું વાતાવરણ છે.

### મુઝફ્ફરનગરમાં

પહેલા પાનાનું ચાલુ

એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ સહિત ત્રણ પિસ્તોલ અને ૫૦ થી વધુ કારતૂસ જપ્ત કરવામાં આવ્યા હતા. એએસપીએ જણાવ્યું હતું કે એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ગુનેગાર સામે એક ડઝનથી વધુ કેસ નોંધાયેલા છે. તેણે ભૂતકાળમાં પોલીસ કસ્ટડીમાં પણ હત્યા કરી છે. તેના વિશે અન્ય માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.

### કરાંચી

પહેલા પાનાનું ચાલુ

ઈન્ટેલીજન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પડદા પર તે સમગ્ર નાટક ભજવવામાં આવ્યું હતું.

જેના નિર્દેશક યોગેશ્વર કરેરાએ પણ ખુબજ સંતોષ વ્યકત કરતા કહ્યું કે, મને પણ આ નાટ્ય રૂપાંતરને આટલો આવકાર મળશે તે ખ્યાલ ન હતો. તેમણે સ્વીકાર્યુ કે પાકિસ્તાનના સમાજમાં એક મોટો સહિષ્ણુ વર્ગ છે જે આ પ્રકારની રચનાને આવકારે છે અને રામાયણની સફળ થવા માટે તેઓને શ્રેય આપે છે. સમગ્ર રચનામાં રામાયણના દૃશ્યો ઉભા કરવા આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો સહારો લેવામાં આવ્યો હતો.

એક વિવેચક ઓમીયર અલ્વીએ કહ્યું કે, જે રીતે સ્ટોરી લાઈનને અત્યંત ચૂસ્ત રીતે જાળવી રાખવામાં આવ્યું તે મહત્વપૂર્ણ છે તેમજ લાઈટીંગ અને મ્યુઝીક ઈફેકટ પણ જોરદાર હતી.

કોસ્ચ્યુમ પણ અત્યંત સંભાળપૂર્વક પસંદ કરવામાં આવ્યા હતા અને સમગ્ર સ્ટેજની ડીઝાઈન પણ શ્રેષ્ઠ હતી. શા માટે દુનિયામાં રામાયણને કરોડો લોકો જુએ છે અથવા વાંચે છે તે હવે શાબીત થયુ છે. આ સમગ્ર પ્રોડકશનને વાસ્તવિક બનાવનાર રાના કાઝમીએ સીતાનું પાત્ર ભજવ્યું હતું. અને તેના લાંબા સમયનો નાટય અનુભવ પણ કામે આવ્યો હતો.

### લોકઅદાલતમાં

પેજ-૨ પાનાનું ચાલુ

સેવા સત્તામંડળના અધ્યક્ષ તથા મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી રાહુલ એ. ત્રિવેદીના માર્ગદર્શનમાં લોકઅદાલતમાંન્યાયાધીશો, વકીલો અને પક્ષકારોએ સમાધાન દ્વારા તકરાર નિકાલમાં સહભાગી થયાહતા. લોકઅદાલત દ્વારા આજ સુધી કુલ૩,૫૪,૯૯૭ કેસોનો સમાધાનથી નિકાલકરવામાં આવ્યો છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશેઆગામી લોકઅદાલતનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધકર્યોછે, એમજિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ અનેસિનીયર સિવિલ જજ ડી.આર.જોષીની યાદીમાં જણાવાયું છે.

### ઈકો ફ્રેન્ડલી

પેજ-૨ પાનાનું ચાલુ

કે, છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પોલીસે ડ્રગ્સની સામે અભિયાન નહી પણ જંગ છેડ્યોછે. ૭૦થી વધુ મોટાડ્રગ્સકાર્ટેલ અનેનેટવર્કનોપર્દાફાશકરવાનોશ્રેય ગુજરાત પોલીસના ફાળે જાય છે. સ્કૂલ, કોલેજોની નજીક મેડિકલ સ્ટોર્સમાં નશા માટેઉપયોગમાં લેવાતી દવાઓ વેચનારાને પકડવા ગુજરાતમાં ૭,૫૦૦થી વધુ મેડિકલોમાં એકસાથે રેડ કરી છે, અને આવીનશાકારકદવાઓ, સિરપવેચતાગુનેગારોસામેનાર્કોટિક્સનો ગુનો દાખલ કરીને જેલના સળિયા પાછળ ધકેલ્યા છે. વધુમાં મંત્રીશ્રી કહ્યું કે, આવનાર સમયમાં સચિન વિસ્તારમાં ૩૦૦૦ ચો. મીટરમાં દેશનું સૌથી મોટું આધુનિક પોલીસ સ્ટેશન સુરતમાં નિર્માણ પામશે. આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તરે સમૃદ્ધ અને ઝડપથી વિકસતાશહેર સુરતમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સમર્પિત અભિગમ સાથે નવનિર્મિત ઈકો ફ્રેન્ડલી પોલીસ સ્ટેશનનું નિર્માણ પૂર્ણ થયું છે. નવનિર્મિત પોલીસ સ્ટેશન એક આધુનિક અને પર્યાવરણીય દૃષ્ટિએ સંવેદનશીલ 'ગ્રીન બિલ્ડીંગ' તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે. સમગ્ર ઈમારત ૧૫ હ્ન.ઉ. ક્ષમતા ધરાવતા સોલાર પાવર સિસ્ટમ પર કાર્યરત છે, જેના કારણે ઊર્જા બચતનુંલક્ષ્યપારપડશે.આ ઉપરાંત, જળ સંચય અને પાણીના પુનઃઉપયોગ માટે રેન વોટર હાર્વેસ્ટિંગનીસુવિધાછે. પર્યાવરણ જાળવણીમાટેમોડેલરૂપઆ પોલીસ સ્ટેશનને 'નો પ્લાસ્ટિક ઝોન' જાહેર કર્યુંછે. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી સંદિપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, મનુભાઈ પટેલ, અરવિંદભાઈ રાણા, શાસકપક્ષ નેતા શશીબેન ત્રિપાઠી, વિશેષ પોલીસ કમિશનર વાબાંગ જમીર, સંયુક્ત પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સ, ઉચ્ચ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમજ અગ્રણીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ખાડીઓના પ્રવાહને

પેજ-૨ પાનાનું ચાલુ

આ તમામ કામગીરી સાઉથ ઈસ્ટ ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ પુર્ણ કરવામાં આવેલ છે.

### સીસી ટીવી

પેજ-૨ પાનાનું ચાલુ

ધરાવે છે, જેનાથી કાયદો અને વ્યવસ્થાની કામગીરી વધુ અસરકારક અને ઝડપી બનશે. હાઈ-રિઝોલ્યુશન CCTV કેમેરાની મદદથી ટ્રાફિકના પ્રવાહને સુવ્યવસ્થિત મોનિટરીંગ સાથે તાત્કાલિક કાર્યવાહી પણ કરી શકાશે. આ કન્ટ્રોલ રૂમમાં નિર્માણમાં ગ્લોબએન્વાયરમેન્ટ, કલરટેક્સલિ. અને સચિન ઈન્ફ્રા એન્વાયરમેન્ટલિ.નું બહુમૂલ્ય આર્થિક યોગદાન મળ્યું છે.

### સુરત ઉત્તર

પેજ-૨ પાનાનું ચાલુ

૧૧ બ્રિજો સહિત ફુટ ઓવરબ્રિજો, નાળા અને ઓવરપાસ જેવા પુલોની તાત્કાલિક ચકાસણી કરી હતી. ઈન્સ્પેક્શન ટીમ દ્વારા બ્રિજ ચકાસણી અંતર્ગત પુલોની વર્તમાન સ્થિતિનો ચિતાર અને રેલીંગ સહિતની વિગતોનો તાત્કાલીક ચકાસણી કરી વિગતવાર અહેવાલ જિલ્લા કલેકટરને સુપ્રત કરવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારીશ્રીના વડપણ હેઠળ આયોજિત આ ઈન્સ્પેકશન ડ્રાઈવમાં તાલુકા મામલતદાર, નાયબ મામલતદાર સહિતના અધિકારીઓની ટીમ જોડાઈ હતી.

### પાવર ગ્રીડના

પેજ-૨ પાનાનું ચાલુ

જણાવવાનું કે ભૂતકાલમાં જે લોકો સહકારી સંસ્થામાં બેઠા હતા તે લોકો ખેડૂતો ઉપર જ્યારે આફત આવે ત્યારે અસગ્રસ્ટ ખેડૂતોને સાથ સહકાર આપતા હતા. પરંતુ હાલમાં મેન્ડેટ થી ચૂંટાઈને આવતા સહકારી સંસ્થાનાં આગેવાનો ખેડૂતો ઉપર આફત આવે છે ત્યારે મૌન સેવી ને બેઠા છે.ખેડૂતો એ આવા આગેવાનોને ઓરખી લેવાનું જરૂર છે અને ખેડૂતો એ સંગઠિત થઇ ને એક અવાજમાં પાવર ગ્રીડ કોર્પોરેશન સામે પોતાની જમીન બચાવવા માટે મક્કમતાથી લડવાની જરૂર છે.

દક્ષિણ ગુજરાતનાં પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જ્યારે પણ પાવરગ્રીડ કોર્પોરેશન કંપની નાં અધિકારીઓ ગામમાં પ્રવેશ કરે ત્યારે કોઈ પણ ખેડૂતોએ પોતાની જમીનામાં પ્રવેશવા દેવા જોઈએ નહી.

### જ્ઞાન મંજરી

# ઓલપાડ તાલુકાના પંચાયત હસ્તકના ૨૫થી વધુ ગામોના માર્ગો દુરસ્ત કરાયા

## સાયણથી કિમ સુધીના અગત્યના ઔધોગિક વિસ્તારના માર્ગોની મરામતની કામગીરી તાત્કાલિક હાથ ધરવામાં આવી

સુરત, તા.૧૪

માહિતી બ્યુરો-સુરત, રવિવારઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વરસાદથી નુકસાનગ્રસ્ત થયેલા માર્ગો, પુલોની તાત્કાલિક મરામત માટેની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે સુરત જિલ્લાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરતના કાર્યપાલક ઈજનેરની નિગરાનીમાં ઓલપાડ તાલુકામાં આવેલા વિવિધ રસ્તા પર ટ્રાફિકની પ્રાથમિકતાના આધારે યુદ્ધના ધોરણે પેચ વર્ક હાથ ધરાયું છે. માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ ઓલપાડ દ્વારા સાયણથી કિમ, ગોથણથી ભરથાણા સુધીના અગત્યના ઔધોગિક વિસ્તાર તેમજ વિવિધ ગામોના ગ્રામ્ય રસ્તાઓની વરસાદના વિરામબાદ તાત્કાલિક પેચ વર્કની કામગીરી રાઉન્ડ ક્લોક કામગીરી હાથ ધરવામાં આવી છે. ઓલપાડ તાલુકાના પંચાયત હસ્તકના ૨૫ થી વધુ ગામોના રસ્તાઓ પર ડામર પેચ, મેટલ પેચ, કોલ્ડ મિક્ષ ડામર પેચ કરી ફરીથી વાહન વ્યવહાર માટે સુગમ્ય બનાવ્યા છે અને બાકીની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરીને વાહનોની અવરજવરમાં કોઈ અડચણ ન આવે તે સુનિશ્ચિત કરવામાં જરૂરી પગલાં લેવાઈ રહ્યા છે. માર્ગ મરામત કાર્યના કારણે નાગરિકોને સુરક્ષિત અને સુગમ વાહનવ્યવહાર મળી રહે તે માટે તંત્ર પ્રતિબદ્ધતાથી કામગીરી કરી રહ્યું છે.

# સુરત મહાનગરપાલિકાના દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓની ઝડપભેર મરામત

સુરત, તા.૧૪

વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓની ઝડપભેર મરામત કરવાની ઝુંબેશના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનની ટેકનિકલ ટીમના ૭૧ સ્ટાફ અને ૨૧૪ બેલદાર/ડ્રાઈવર તથા ૬૨ મશીનરીઓ સાથે રસ્તા રિપેરીંગની કામગીરી કરવામાં આવી હતી, જેમાં ગઈકાલથી ૨૨૮.૪૦ મે.ટન હોટમીક્ષ મટીરીયલ તેમજ ૧૨૯.૧૦ મે.ટન જી.એસ.બી./ફીલીંગ મટીરીયલ તેમજ પેવર બ્લોકનો ઉપયોગ કરી કુલ ૬૨ સ્પોટ તથા ૩૧૫૬.૦૦ ચો.મી. માપ વિસ્તારના રસ્તાઓની મરામત કરવામાં આવી હતી. મનપા દ્વારા શેષ રસ્તા રિપેરીંગની કામગીરી હાલ પ્રગતિમાં છે.

પેજ-૨ પાનાનું ચાલુ

શિક્ષણ મળે તે ખૂબ જરૂરી છે, આ માટે શિક્ષકોએ બદલાતાં પ્રવાહોથી માહિતગાર રહેવું જોઈએ. શિક્ષકોને ગુરુ વશિષ્ઠ જેવો આદર આપવામાં આવશે તો રામરાજ્યની સ્થાપના થશે અને જીવન નિર્વાહ માટે ગુરુ દ્રોણની જેમ સંઘર્ષ કરવો પડશે તો રાષ્ટ્રને અવિવેકી નાગરિકો જ મળશે. વર્ગખંડની સમસ્યાઓનું નિરાકરણ થાય તે માટે શાળા કક્ષાએ ઈનોવેશન થાય તે ખૂબ જરૂરી છે. એક જ મુદ્દાને સમજાવવા માટે શિક્ષકો અનેકવિધ પદ્ધતિ અને પ્રયુક્તિ શીખે અને તેનો અમલ કરે તો અસરકારક વર્ગવ્યવહાર કરી શકે અને વિદ્યાર્થીઓનો પ્રેમ હાંસલ કરી શકે. પૂણેમાં અભ્યાસ કરાવનાર પોતાના શિક્ષકનું સન્માન કરવા ઓમાનના સુલતાને પોતાના દેશના તમામ પ્રોટોકોલ તોડીને ભારતના રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાળ શર્માનું અદ્ભુત સ્વાગત કર્યું હતું. જો શિક્ષકો સજજતા કેળવીને દિલથી કાર્ય કરે તો તેમનું યથાયોગ્ય સન્માન અને આદર કરનારા લોકો આજે પણ છે. શિક્ષણકાર્ય એ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા છે, આથી શિક્ષકોએ પૂરી કર્તવ્યનિષ્ઠાથી કાર્ય કરવું જોઈએ."

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૪ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરતમાં રોગચાળાના ખપ્પરમાં બે હોમાયા

### ચોમાસાના પ્રારંભ સાથે સુરતમાં રોગચાળો વકર્યો : બે માસની બાળાને બીમાર માતાએ દૂધ પીવડાવ્યા બાદ બાળાનું મોત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

સુરત શહેરમાં રોગચાળો દિવસેને દિવસે જીવલેણ બની રહ્યો છે. તે વચ્ચે સચિન વિસ્તારના શ્રમજીવી પરિવારની ૧ વર્ષીય બાળક સહિત બે લોકોના મોત નિપજ્યા હતા. જેમાં ૧ વર્ષીય બાળકને ઝાડા ઉલટી થઈ રહી હતી. જેમાં તેનુ મોત થયું હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. જ્યારે અડાજણ પાટિયા ખાતે રહેતો યુવક તાવમાં સપડાયા બાદ મોતને ભેટ્યો હતો.

સુરત શહેરમાં રોગચાળાના કેસો દિવસોને દિવસે વધી રહ્યા છે. પરપ્રાંતિય વિસ્તારોમાં રોગચાળાના કેસો કુદકેને ભુસ્કે વધી રહ્યા છે. જેમાં ૧૦થી વધુ લોકોના રોગચાળામાં મોત થયા હોવાનુ પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. બીજી તરફ આરોગ્ય તંત્ર હંમેશાની જેમાં રોગચાળાને નાથવા નબળું પુરવાર થયું છે.

સચિન સ્થિત સાંઈ ભુપત સોસાયટીમાં રહેતા શિવજી મોર્યાનો ૧ વર્ષીય લલિત દીકરો હતો. લલિતની આજે તબીયત લથડતાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિ.માં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેનુ મોત નિપજયું હતું. સિવિલના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતુ કે લલિતને ઝાડા-ઉલટી થઈ રહી હતી. જેમાં તેની તબીયત લથડી હતી. જેના કારણે તેનુ મોત નિપજયું હોવાનુ પરિવારે શક્યતા વ્યક્ત કરી હતી.અન્ય બનાવમાં અડાજણ પાટિયા ખાતે રહેતો આયુષ સંજય નાયકા(ઉ.વ.૨૭) પણ તાવના વાવરમાં સપડાયો હતો. તેને બે દિવસથી તાવ આવી રહ્યો હતો. દરમિયાન ગઈ કાલે સાંજે તેની તબીયત વધુ ખરાબ થઈ હતી. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પ.માં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

સચિન ખાતે ૨ માસની માસુમ બાળાને તેની બિમાર માતાએ દૂધ પીવડાવ્યુ હતું. ત્યારબાદ તેની તબીયત લથડતા સિવિલ હોસ્પિ.માં લઈ આવતા મૃત જાહેર કરી હતી. અન્ય બનાવમાં સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ નજીક રહેતા સંદિપ પાશ્વાનની ૨ માસની દીકરી શીવાંશીને આજે સારવાર માટે નવી સિવિલ હોસ્પિ.માં ખસેડવામાં આવી હતી. જ્યાં તેનુ મોત નિપજ્યુ હતું. પરિવાર પાસેથી સિવિલ હોસ્પિ.ના તંત્રને જાણ થઈ હતી કે શીવાંશીની માતાની તબીયત ખરાબ હતી. તેની માતાએ તેણીને દુધ પીવડાવ્યા બાદ શીવાંશીની તબીયત બગડી હતી. ત્યારબાદ તેનુ મોત નિપજ્યું હતું. હાલ તેનુ મોતનુ ચોક્કસ કારણ જાણી શકાયું નથી.



આજે વહેલી સવારે સુરત શહેરમાં જોરદાર વરસાદનું ઝાંપટું પડતા ઠેર ઠેર પાણી-પાણી થઈ ગયું હતું. છેલ્લા બે-ત્રણ દિવસથી ઉઘાડ નીકળ્યાં બાદ આજે સવારે મેઘરાજા મનમૂકીને વરસ્યા હતાં.

## સુરત સહિત દ.ગુ.મા તોફાની પવન સાથે વરસાદની આગાહી

### આજે સવારે સુરતના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાંપટા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

હવામાન વિભાગ દ્વારા આ સપ્તાહમાં સુરત, નવસારી, વલસાડ, આહવા ડાંગ સહિત દ.ગુજરાતનાં જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. તોફાની પવનો સાથે ભારે વરસાદ રાજ્યના અલગ-અલગ ભાગોમાં પડશે ત્યારેસુરત શહેરમાં વહેલી સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન અઠવા, વેસુ, પીપલોદ સહિતના વિસ્તારમાં છુટો છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા.

રાજ્યના હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આગામી ૨૪ કલાકમાં અને ચાલુ સપ્તાહના અંત સુધીમાં સુરત સહિત દ.ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સુરત નવસારી,વલસાડ, ડાંગ જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે, આજે સવારથી વાદળોની જમાવટ વચ્ચે વાતાવરણ પાછુ ઠંડુ બન્યું છે ગઈકાલે મહત્તમ તાપમાન વધવા સાથે ગરમી અને બફારા વાળુ વાતાવરણ રહ્યું હતું જોકે આજે વહેલી સવારથી વાદળો ઘેરાવા સાથે વાતાવરણમાં પલ્ટો આવ્યો હોય સવારના સમયે પીપલોદ, અઠવાલાઈન્સ, વેસુ સહિતના વિસ્તારોમાં છુટા છવાયા જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. કતારગામ ઝોનમાં પણ સવારના સમયે છુટો છવાયો વરસાદ પડ્યો હતો.

## વઘઈ-સાપુતારા રોડ અંબિકા નદી પરનો બ્રિજ જોખમી બન્યો



**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટનામાં ૨૦ નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર ગુજરાતમાં જર્જરીત બ્રિજોની તપાસ શરૂ કરવામાં આવી છે જેને પગલે વઘઈ-સાપુતારા રોડ પર અંબિકા નદી પરના બ્રિજ ઉપરથી ભારે વાહનોની અવર જવર પર એક વર્ષ માટે પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.


ડાંગ જિલ્લામાં નંદિ ઉતારા બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજને ક્રિટિકલ પુઅર એટલે કે અત્યંત નબળી કેટેગરીમાં મૂકવામાં આવ્યો હતો. જને લઈને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે નાના વાહનો માટે બ્રિજ ચાલુ રાખવા અને ભારે કોમર્શિયલ વાહનો માટે પ્રતિબંધ મૂકવા આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટે બ્રિજ પરથી ભારે કમર્શિયલ વાહનોની અવરજવર પર એક વર્ષ માટે પ્રતિબંધ ફરમાવ્યો હતો. નોંધનીય છે કે, સાપુતારા તેમજ મહારાષ્ટ્ર તરફ જવા માટે હવે હથગઢથી વાંસદા અને હથગઢથી ધરમપુર વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકાશે.

ઉલ્લેખનીય છે કે, ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્ય સરકાર સફાળી જાગી છે. રાજ્ય સરકારે જિલ્લા કલેક્ટરોને માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરીને બ્રિજની ચકાસણી કરવા માટે સૂચના આપી છે. સરકારે રાજ્યના ૯૪ બ્રિજની તપાસ માટે અધિકારીઓને સૂચનાઓ આપી છે. રાજ્યમાં સલામતિના ભાગરૂપે ૩૬ જોખમી બ્રિજ બંધ કરાયા છે. રાજ્યભરમાં હાલ ૭૨૮૦ બ્રિજ છે. જેમાં ૧૫૦૦થી વધુ મેજર અને ૫ હજારથી વધુ માઈનર બ્રીજ છે. તમામ બ્રીજની તપાસ પૂર્ણ થયા બાદ રાજ્ય સરકારને વર્તમાન સ્થિતિ પર અવગત કરાશે.

### નંદિ ઉતારા બ્રિજનું નિરીક્ષણ દરમિયાન નબળી કેટેગરીમાં મુકાયો, કલેક્ટરનું જાહેરનામું :ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ

## નર્મદા કેનાલમાં ડોક્ટર ડૂબ્યા બાદ દીકરીનું કાળજું કંપાવી દેતું રૂદન

### દીકરીની નજર સામે જ પિતા કેનાલમાં ગરકાવ થતાં મોત થયું હતું



**(પ્રતાપ પ્રતિનિધિ), ગાંધીનગર,,તા.૧૪**

અડાલજ પાસે પસાર થતી નર્મદા કેનાલમાં ડોક્ટરનું ડૂબવાથી મોત થયું હતું. ગાંધીનગરથી ૧૬ કિમી દૂર આવેલા મગોડીના આરોગ્ય કેન્દ્રમાં ડૉ. નીરવ ફરજ બજાવતા હતા. તેઓ તેમની છ વર્ષની દીકરીના ગોરોના ઝવેરા પધરાવવા માટે કેનાલ ગયા હતા. એ વખતે કેનાલમાં પગ લપસતાં છ વર્ષની દીકરીની સામે જ ડોક્ટર પિતા કેનાલમાં ગરકાવ થઈ ગયા હતા. ત્યારે પિતા કેનાલમાં ડૂબતાં દીકરીએ હૈયાફાટ રૂદન કરતી હતી. દરમિયાન દીકરીને સાંત્વના આપવા અને સંભાળવા માટે રિક્ષાચાલક સહિતના કેટલાક લોકોએ પ્રયાસ કર્યા હતા. દીકરીના રુદનથી ભલભલાં માણસને રડાવી દે તેવો માહોલ હતો.

દીકરીની નજર સામે જ પિતા કેનાલમાં ગરકાવ થતાં મોત થયું હતું. ત્યારે ઘટના બાદનો ઘટનાસ્થળનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં રિક્ષાચાલકને માસૂમ બાળકી પોતાના પિતા ડૂબ્યાં હોવાની જગ્યા બતાવી મદદ માટે વિનંતી કરી રહી છે. બાળકી રડતાં રડતાં કહે છે, મારા પપ્પા પેલા ઝવેરા પધારવા ગયા તા અને અંદર જતાં રહ્યા, પપ્પાનો ફોન અંદર છે, મને નહી ગમે મારા પપ્પા વિના, અંકલ તમને વાવેલનું એડ્રેસ ખબર છે, છેલ્લે કહે છે મારા પપ્પા ના આવે તો વાવોલ મૂકી જજો.બાળકીના આ સંવાદો કઠણ હૃદયના માનવીને પણ હચમચાવી એવા છે. ગાંધીનગરના વાવોલ અનસ્યા ગ્રીન્ઝ સોસાયટીમાં રહેતા કોશા બ્રહ્મભટ્ટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જેમના પતિ ડૉ. નિરવકુમાર રવિન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ પણ પિડિયાટ્રિક ડોક્ટર હતા. ડોક્ટર દંપતીની છ વર્ષીય દીકરી દ્વીજાએ ગોરોના વ્રત કર્યા હતા અને ગોરોના ઝવેરા પાણીમાં પધરાવવાનાં હતાં. આથી ગઈકાલે શનિવારે ડૉ. નિરવ એમની દીકરીને લઈને એક્ટિવા ઉપર અડાલજ મુખ્ય નર્મદા કેનાલ પહોંચ્યા હતા.દીકરીને કેનાલની બહારની સાઈડ ઉભી રાખી ડૉ. નિરવ ગોરોના ઝવેરા લઈને કેનાલમાં ઉતર્યા હતા. બીજી તરફ તેમની દીકરી પિતાને કેનાલમાં ઝવેરાની પધરામણી કરવા જતાં જોઈને ખુશ થઈ રહી હતી. એવામાં અચાનક જ ડૉ. નિરવનો પગ લપસી જતાં તેઓ સીધા કેનાલમાં ગરકાવ થઈ ગયા હતા અને કેનાલના ધમધમતા પ્રવાહમાંથી બહાર નીકળવા માટેના પ્રયત્નો કરવા લાગ્યા હતા. આ તરફ પિતાને ડૂબતા જોઈને છ વર્ષની દીકરીએ રોકકળ સાથે બૂમાબૂમ કરી મૂકી હતી.આ દરમિયાન નજીકમાં હાજર રિક્ષા ચાલકો કેનાલ દોડી ગયા હતા. ભારે જહેમત પછી ડૉ. નિરવને કેનાલની બહાર કાઢ્યા હતા. જોકે, ડૉ. નિરવને બહાર કાઢ્યા ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. તેઓ બહુ પાણી પી ગયા હોવાથી તેમને તાત્કાલિક નજીકના અડાલજ સીએચસી આરોગ્ય કેન્દ્ર લઈ જવાયા હતા. આ બનાવની જાણ થતાં ડૉ. કોશા પણ તાત્કાલિક ગાડી લઈને આરોગ્ય કેન્દ્ર દોડી ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે ડૉ. નિરવને મૃત જાહેર કર્યા હતા.

## યજમાનની કાન ભંભેરણીના મુદ્દે બે બ્રાહ્મણ પરિવાર વચ્ચે બબાલ

### બ્રાહ્મણ વિપુલ જોષીના હાથમાંથી તલવાર ખેંચી મારી દીધી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

પુણા ગામ ખાતે અષ્ટવિનાયક રેસીડેન્સીના ગેટ પાસે કર્મકાંડ કરતા ૩૫ વર્ષિય યુવકને અમરોલી ખાતે રહેતા જોષી અને જાની પરિવારના ચાર સભ્યોએ તેમના યજમાનની ભંભેરણી કરવા બાબતનો રોષ રાખી માર માર્યો હોવાની ફરીયાદ પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

પુણા પોલીસ મથકેથી મળથી વિગત અનુસાર મુળ ભાવનગરના તળાજા તાલુકાના વતની અને હાલ સિતાનગર ચોક વિક્રમનગર સોસાયટીમાં રહેતા વિપુલ માધુભાઈ જોષી ઉ.વ.૩૫ કર્મકાંડી છે.દરમિયાન અમરોલી ખાતે રહેતા રવી બાબુભાઈ જોષી, રૂષી ભરતભાઈ જાની, ધવલ મનુભાઈ જાની તથા પિયુષ બાબુલાલ જોષીએ અમરોલી અષ્ટવિનાયક રેસીડેન્સીના ગેટ પાસે યજમાનને ભંભેરણી કરવા બાબતે રોષ રાખીને માર માર્યો હતો. ચારેય જણાએ કર્મકાંડી વિપુલ જોષીને તેના હાથમાં કાપડમાં બાંધેલી તલવાર ખેંચી લઈ જમણા કાંડાના ભાગે મારી દીધી હતી. આ મામલે ગઈકાલે પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

## કતારગામમાં ઓવર બ્રિજ પર બાઈક સ્લીપ થતા યુવકનું મોત

### કોસાડ આવાસનો આલમગીર કતારગામ દરવાજાથી કાસાનગર તરફ જતો હતો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

કતારગામ દરવાજાથી કાસાનગર તરફ જઈ રહેલા યુવકની બાઈક ઓવરબ્રિજ ઉપર સ્લીપ થતાં ઘટના સ્થળે તેમનુ મોત નિપજ્યું હતું.

મુળ યુપીના વતની અને હાલ અમરોલી કોસાડ આવાસમાં રહેતો આબીદઅલી સિદ્દીકીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જણાવ્યું હતુ કે , આબીદઅલીનો બનેવી આલમગીર અજમતઅલી સિદ્દીકી(ઉ.૪૨) ગઈ કાલે મોડી સાંજે બાઈક ઉપર સવાર થઈ કતારગામ દરવાજાથી કાશાનગર તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેઓ ઓવર બ્રિજ ઉપર જાહેર રોડ ઉપરથી બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેમની ગાડી સ્પીડમાં હોવાથી અચાનક સ્લીપ થતા અકસ્માત થયો હતો. અકસ્માતમાં અજમતઅલીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે કતારગામ પોલીસે ફેટલનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

## ઝાંપાબજારમાં બારાહાંડીના ધંધા સાથે સંકળાયેલા આધેડ ગુમ

### ૬ જુલાઈથી ગુમ થતા આખરે પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**



ઝાંપા બજાર તૈયબી મહોલ્લામાં રહેતા ૬૪ વર્ષિય આધેડ ગઈ તા.૬ જુલાઈના રોજ બારાહાંડીના ધંધા સાથે સંકળાયેલા છે. દરમિયાન તેઓ ચા પીવા જવાનું કહીને નિકળી ગયા બાદ ઘરે પરત ફર્યા ન હતા. પરિવારજનોએ તેમની શોધખોળ કરી હતી જોકે કોઈ પતો ન લાગતા આ મામલે ગઈકાલે મહીધરપુરા પોલીસ મથકમાં ગુમ થવા અંગેની ફરીયાદ કરી હતી.

મહીધરપુરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર ઝાંપાબજાર તૈયબી મહોલ્લામાં રહેતા મોહમદ કાસીમ હાજી અહમદ બારાહાંડીવાલા પખવાડીયા પહેલા તેમના ધંધાના સ્થળેથી તેમના પુત્રને ચા પીવા જાઉં છું તેમ કહીને ગુમ થઈ ગયા હતા. આ મામલે ગઈકાલે મહીધરપુરા પોલીસ મથકમાં તેમના પુત્ર દ્વારા ગુમ થવા અંગેની ફરીયાદ નોંધાવી હતી.

## લીંબાયતમાં દારૂની મહેફીલમાં મિત્રો બાખડ્યાં, જીવ બચાવવા મિત્ર નીચે કૂદી પડ્યો

### પતરાના શેડ પર ફસાઈ જતા ફાયર વિભાગની મદદ લેવી પડી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

લિંબાયત મહાપ્રભુનગર ગલી નં.૪ના બિલ્ડીગના ટેરેસ ઉપર મોડી રાત્રે ચાલી રહેલી દારૂની પાર્ટી દરમિયાન મિત્રો વચ્ચે થયેલા ઝઘડામાં જીવ બચાવવા માટે દારૂડીયો યુવકે ટેરેસ પરથી ઝંપલાવી દેતાં નીચે પતરાનાં શેડ ઉપર ફસાઈ ગયો હતો. ફાયર વિભાગને જાણ કરાતાં તેને પતરાના શેડ ઉપરથી ફાયરના જવાનોએ નીચે ઉતારી પોલીસને હવાલે કર્યો હતો.

ફાયરના સૂત્રો પાસેથી લિંબાયત મહાપ્રભુનગર ગલી નં. ખાતે અંદાજિક ચારેક મિત્રો ગઈ કાલે મોડી રાત્રે દારૂની પાર્ટી કરવા માટે બિલ્ડીગના ટેરેસ ઉપર ચડ્યા હતા. બિલ્ડીગના ટેરેસ ઉપર બેસીને આ મિત્રો દારૂ પાર્ટી કરી રહ્યા હતા. આ મિત્રોમાં અશરફ અસલમ સલમાની(૨૦ વર્ષીય) પણ હાજર હતો. દરમિયાન દારૂ પાર્ટી દરમિયાન તેઓ વચ્ચે ઝગડો થયો હતો.જેમાં નશાની હાલતમાં હોવાથી અશરફ સલમાનીને મારવામાં લીધો હતો.

અશરફ સલમાની જીવ બચાવવા માટે ટેરેસ ઉપરથી કુદી પડ્યો હતો અને બાજુમાં આવેલા કાપડના ખાતાના શેડ ઉપર ફસાઈ ગયો હતો. ત્યારબાદ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ડુંભાલ ફાયરના ઓફીસર ચૌધરી ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તેમની ટીમે અશરફ સલમાનીનુ રેશ્ક્યુ કરી નીચે ઉતાર્યો હતો. અશરફ સલમાની પણ નશાની હાલતમાં હતો. ફાયર વિભાગે પોલીસને જાણ કરી હતી. પીસીઆર વાનના ચાલક મયુરકુમારને તેનો કબજો સોંપ્યો હતો. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



અલુણા વ્રત પૂર્ણ થયા બાદ ભગવાન મહાદેવ મંદિરે મહાદેવની આરાધના કરતી બાળકિશોરીઓ તસ્વીરમાં નજરે પડે છે.

## કાપડ બજારમાં રૂપિયા ૫.૯૯ લાખની છેતરપિંડી કરાઈ

### જયમાલા ક્રિએશનના પ્રોપરાઈટર અને દલાલ સામે ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

સારોલી શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં વેપાર કરતા વેપારી પાસેથી દલાલ મારફતે જયમાલા ક્રિએશનના માલિકે કાપડનો માલ મંગાવી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત કરતા વેપારીએ દલાલ અને વેપારી સામે સારોલી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

સારોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સુર્યા પેલેસ સિટીલાઈટ ખાતે રહેતા રાકેશ રામવિલાસ અગ્રવાલે આરોપી પંકજકુમાર રવજી લિંબાચિયા (જયમાલા ક્રિએશન) તથા દલાલ વિપીન વિજય શર્મા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બંને આરોપીએ ફરિયાદીનું વિશ્વાસ કેળવી સમયસર પેમેન્ટ ચૂકવી દેવાનો ભરોસો આપી રૂા.૫.૯૯ લાખની કિંમતનો કાપડનો જથ્થો મંગાવ્યા બાદ આજદિન સુધી પેમેન્ટ નહી ચૂકવી વાયદાઓ કરી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.

આ બંનાવ અંગે સારોલી પોલીસે બંને આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી સબ ઈન્સપેક્ટર જે.એન.ચૌહાણે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

## જન્મજાત બહેરાશ ધરાવતા ૧૧ મહિના માસુમ બાળકની સફળ સર્જરી થઈ

### કિરણ હોસ્પિટલમાં ઈએનટી ટીમે પ્રથમ કોકિલયર ઈમપ્લાન્ટ સર્જરી કરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૪**

જન્મ જાત બહેરાશ અને મુંગાશ હોય તેવા માસુમ ભુલકાઓ માટે કિરણ હોસ્પિટલમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરીની શરૂઆત કરવામાં આવી છે. બાળકોની શ્રવણ શક્તિ અને બોલવામાં તકલીફ પડતી હોય તો તેનું સચોટ ઈલાજ અહીંના તબીબોની ટીમો દ્વારા કરવામાં આવી રહી છે ત્યારે કિરણ હોસ્પિટલમાં તાજેતરમાં જ એક ૧૧ મહિનાના બાળકની કોક્લિયર સર્જરી સફળતા પુર્વક કરવામાં આવી છે. ઈએનટી ટીમ દ્વારા બાળક યોગ્ય રીતે સાંભળી શકે તે માટે તેનું સફળતા પુર્વક ઈમ્પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું.

કિરણ હોસ્પિટલમાં આજથી કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં ૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મફતમાં ૭ થી ૮ લાખના ઈમ્પ્લાન્ટેશન મળી રહેશે. બાળકોથી લઈને પુખ્તવયમાં જોવા મળતી આ તકલીફનું હવે સુરતમાં પણ નિદાન શક્ય બન્યું છે. ત્યારે કિરણ હોસ્પિટલમાં ૧૧ મહિનાના બાળકનું કોક્લિયાર ઈમ્પ્લાન્ટ સર્જરી સફળ રીતે પાર પાડવામાં આવી હતી.

કિરણ હોસ્પિટલના ઈએનટી વિભાગના પ્રોફેસર હેડ ડો.રાહુલકુમાર પટેલે જણાવ્યું હતુ કે, ખાસ વાત એ છે કે, ૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે રૂ.૭ થી ૮ લાખના કોક્લિયર ઈમ્પ્લાન્ટ તે પણ દુનિયાની ત્રણ પ્રતિષ્ઠીત કંપનીઓ મારફતે ઉપ્લબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ આજે પ્રથમ કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી સફળતા પુર્વક કરવામાં આવી હતી. જેમાં માત્ર ૧૧ મહિનાના બાળકને કે જે જન્મજાત સાંભળી શક્તુ ન હતું તેની શ્રવણ શક્તિ પાછી લાવવામાં આવી છે.

કિરણ હોસ્પિટલની આ પહેલથી હવે બહેરાશથી પીડાતા બાળકોને રાહત રહેશે. સમગ્ર દ.ગુજરાતના દર્દીઓ માટે કિરણ હોસ્પિટલ આર્શિવાદરૂપ બની રહેશે.